# રાજકોટ મિરર

DAILY MORNING NEWS PAPER

આમારી Whatsapp Channel માં જોડાવા માટે નીચે આપેલ QR Code Scan કરો

Year : 16 | Issue : 265 | Dt. 5-11-2026 | Page : 08 | Price : Rs 3

RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

Editor : **PRATIPALSINH NARENDRASINH JADEJA,** Publisher, Printer & Owner : **YASHPALSINH JAYCHANDRASINH JADEJA**

Place of Publication and Printing : **201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT**


# ટ્રમ્પને મારી નાખીશું : તહેરાન

## ટ્રમ્પ વિરુદ્ધ ધમકીભર્યા બિલબોર્ડ્સ અને હિંસક ચિત્રો લગાવાયાં

## અમેરિકા-ઈરાન વચ્ચે વધતા તણાવને પગલે પ્રદર્શનો ચર્ચામાં




નવી દિલ્હી, તા.૪


અમેરિકામાં મધ્યસત્ર ચૂંટણી માટે લાખો નાગરિકો મતદાન કરી રહ્યા છે, તે જ સમયે ઈરાનની રાજધાની તેહરાનમાંથી અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ વિરુદ્ધ અત્યંત આક્રમક અને ધમકીભર્યા સંદેશાઓ સામે આવ્યા છે. તેહરાનના મુખ્ય માર્ગો અને ચોક પર ટ્રમ્પને નિશાન બનાવતા મોટા બિલબોર્ડ અને ચિત્રો લગાવવામાં આવ્યા છે, જેમાંથી એક બિલબોર્ડ પર સ્પષ્ટ શબ્દોમાં લખાયું છે કે, ''આપણે ટ્રમ્પને મારી નાખીશું.''

તેહરાનના વ્યસ્ત એન્ગેલાબ સ્ક્વેર પર મુકાયેલા બિલબોર્ડમાં ટ્રમ્પનું માથું જેલના સળિયા પાછળ નમેલું દર્શાવવામાં આવ્યું છે. અન્ય એક ચિત્રમાં ટ્રમ્પની સાથે અમેરિકાના ઉપરાષ્ટ્રપતિ જે.ડી. વાન્સ, વિદેશ રાજદૂત સ્ટીવ વિટકોફ અને ઈઝરાયલી વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂને દર્શાવાયા છે, જેમાં ચારેયના ચહેરા લોહીથી લથપથ અને કપડાં ફાટેલા છે તથા પૃષ્ઠભૂમિમાં અમેરિકા અને ઈઝરાયલના તૂટેલા રાષ્ટ્રધ્વજ દેખાય છે.

આ ઉપરાંત, ઉત્તરી તેહરાનના તાજરીશ સ્ક્વેરમાં યોજાયેલા ખુલ્લા પ્રદર્શનમાં હિંસક કલાકૃતિઓ મૂકવામાં આવી છે. ત્યાં જમીન પર લોહીથી લથપથ ટ્રમ્પનું પૂતળું, બોમ્બથી વિસર્જિત ચહેરો અને જેલની પ્રતિકૃતિ બનાવીને અંદર ટ્રમ્પ જેવા દેખાતા અભિનેતાને રાખવામાં આવ્યો છે. સાથે જ સ્ક્રીન પર યુએસ હુમલાઓથી થયેલા વિનાશના દ્રશ્યો દર્શાવવામાં આવી રહ્યા છે.

ઈરાનના પૂર્વ સુપ્રીમ લીડર આયાતુલ્લાહ અલી ખામેનીના અવસાન બાદ ત્યાં ટ્રમ્પ અને અમેરિકા પ્રત્યેનો આક્રોશ ચરમસીમાએ પહોંચ્યો છે. સરકાર સમર્થિત વિરોધ પ્રદર્શનોમાં ભીડ દ્વારા ખામેનીના મૃત્યુનો બદલો લેવાની માંગણીઓ ઉઠી રહી છે. બીજી તરફ, અમેરિકી મીડિયા અહેવાલો મુજબ, મધ્યસત્ર ચૂંટણીઓ બાદ અમેરિકા અને ઈઝરાયલ દ્વારા ઈરાન પર નવા લશ્કરી હુમલાઓની તૈયારીઓ ચાલી રહી છે, જેને પગલે ઈરાને પોતાની પરમાણુ સુવિધાઓની સુરક્ષા વધારી દીધી છે.

૧૯૭૯ની ઇસ્લામિક ક્રાંતિ પછી ઈરાન સરકાર જાહેર સ્થળોએ બિલબોર્ડ્સનો ઉપયોગ અમેરિકા અને ઈઝરાયલ જેવા વિરોધી દેશો સામે રાજકીય સંદેશા આપવા માટે કરતી આવી છે. આ તાજેતરની ઘટનાઓએ બન્ને દેશો વચ્ચેના સંબંધોમાં ભારે તણાવ ઊભો કર્યો છે.




### કોઈ રોકટોક નહિ કરાય : ઈરાનના વિદેશ મંત્રાલયની જાહેરાત

# ભારતીય જહાજો હોર્મુઝથી થશે પસાર

## ચીન, ઈરાક અને કતારને પણ અવર-જવરની મળી છૂટછાટ

નવી દિલ્હી, તા.૪

ઈરાન અને અમેરિકા વચ્ચે ચાલી રહેલા ભયાનક યુદ્ધ વચ્ચે મિડલ ઈસ્ટથી એક સારા સમાચાર સામે આવ્યા છે. માહિતી અનુસાર ઈરાને ભારત સહિત ૪ દેશોને હોર્મુઝમાંથી જહાજોની અવર-જવર કરવાની છૂટ આપી દીધી છે. આ ૪ દેશોમાં ચીન, ઈરાક અને કતાર પર સામેલ છે.

ઈરાનની સંસદની સુરક્ષા અને વિદેશ નીતિ સમિતિના ઉપાધ્યક્ષ અમીર હયાત મોકાદ્દમે ઈરાની મીડિયાને જણાવ્યું કે આ ચાર દેશોના જહાજોને હોર્મુઝના દરિયાઈ માર્ગેથી જહાજોની અવર-જવરની છૂટ આપી દેવામાં આવી છે. તેમણે કહ્યું કે હાલમાં ભારત, ચીન, ઈરાક અને કતારને આ છૂટનો ફાયદો મળશે. તેમના જહાજોને કોઇ રોક-ટોક નહીં કરવામાં આવે. અમેરિકા પણ એમના જહાજોને રોકતું નથી.હયાતે કહ્યું કે અમારી આ છૂટ ઈરાન અને ચારેય દેશો વચ્ચેના પરસ્પર હિત દર્શાવે છે. અમારી તરફથી ભારતીય જહાજોને અવર-જવરમાં મદદ કરવામાં આવી રહી છે જેથી ઈરાન ભારતથી દવાઓની આયાત વધારી શકે. જ્યારે ચીનના જહાજોને આ છૂટ બેઈજિંગનું રાજકીય સમર્થન મેળવવાના ઉદ્દેશ્યથી આપવામાં આવી છે.

જોકે ઈરાન ભારત અને ચીનના જહાજો પાસેથી ટ્રાન્ઝિટ ચાર્જ વસૂલે છે પરંતુ કતારના જહાજોને કોઈપણ પ્રકારના ચાર્જ વિના જવા દે છે. હતાયે એ સ્પષ્ટ ન કર્યું કે ઇરાકના જહાજોએ આ ટ્રાન્ઝિટ ચાર્જ ચૂકવવો પડે છે કે નહીં? ઉલ્લેખનીય છે કે હોર્મુઝ દુનિયાના સૌથી મહત્વપૂર્ણ શિપિંગ રુટ પૈકી એક છે. એના માધ્યમથી જ ગલ્ફ દેશોથી આંતરરાષ્ટ્રીય બજાર સુધી ભારે માત્રામાં ઓઈલ અને ગેસનો સપ્લાય થાય છે.

# CEC જ્ઞાનેશ કુમાર સામે તપાસની મંજૂરી

## પીડબલ્યુડીના સચિવ હતા ત્યારે ૨ કરોડની લાંચ માંગવાનો આરોપ

નવી દિલ્હી, તા.૪

મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર સામે કેરળ સરકારે ૨ કરોડની લાંચના આરોપોની તપાસને મંજૂરી આપી છે. આ મામલો પીડબલ્યુડીના સચિવ તરીકેના તેમના કાર્યકાળનો છે, જ્યારે તેમણે રોડ પ્રોજેક્ટના બિલ પાસ કરવા માટે લાંચ માંગી હોવાનો આરોપ છે. આર્થિક દબાણથી મલેશિયન એન્જિનિયરની આત્મહત્યા પણ આ કેસ સાથે જોડાયેલી છે. વિજિલન્સ બ્યુરો હવે ભ્રષ્ટાચાર વિરોધી કાયદા હેઠળ તપાસ કરશે.

મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર વિરુદ્ધ કેરળ સરકારે તેમના જૂના કાર્યકાળ સાથે જોડાયેલા ભ્રષ્ટાચારના આરોપોની તપાસનો રસ્તો સ્પષ્ટ કરી દીધો છે. કેરળના મંત્રી રમેશ ચેન્નિતલાએ જણાવ્યું કે તેમણે જ્ઞાનેશ કુમાર વિરુદ્ધ રાજ્યના વિજિલન્સ એન્ડ એન્ટી કરપ્શન બ્યુરો તપાસ કરવાની સરકારી મંજૂરી આપી દીધી છે. આ મામલો તે સમયનો છે, જ્યારે જ્ઞાનેશ કુમાર કેરળમાં લોક નિર્માણ વિભાગ એટલે કે



પીડબલ્યુડીના સચિવ હતા.

મંત્રી રમેશ ચેન્નિતલાના જણાવ્યા અનુસાર સક્કન કુમાર નામના વ્યક્તિએ આરોપ લગાવ્યો છે કે, ઝ્ઠ્ઠ સચિવ તરીકેના કાર્યકાળ દરમિયાન જ્ઞાનેશ કુમારે રોડ પ્રોજેક્ટના બિલ પાસ કરવા માટે રૂપિયા ૨ કરોડની લાંચ માંગી હતી. આ મામલો 'ઝ્અઝઈ-ઇઊક' નામના કન્સોર્ટિયમ સાથે જોડાયેલો છે, જે થિરુવનંતપુરમથી અંગમાલી સુધીના મેન સેન્ટ્રલ રોડ પ્રોજેક્ટ પર કામ કરી રહ્યું હતું. આ કેસમાં મલેશિયાઈ કંપનીના પ્રોજેક્ટ ઓફિસર લી સી બીનની આત્મહત્યાનો પણ ઉલ્લેખ છે. આરોપ છે કે, પીડબલ્યુડી દ્વારા બિલોનું ચુકવણું ન થવાને કારણે કંપની પર આર્થિક દબાણ વધ્યું હતું, જેના લીધે તેમણે આત્મહત્યા કરી હતી.

### ભ્રષ્ટાચાર વિરોધી કાયદાની કલમ ૧૭-એ હેઠળ મંજૂરી

ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમની કલમ ૧૭-એ હેઠળ તપાસ શરૂ કરવા માટે સરકારની પૂર્વ મંજૂરી જરૂરી હોવાથી વિજિલન્સ વિભાગની કાનૂની સલાહ બાદ મુખ્યમંત્રી સાથે ચર્ચા કરીને આ મંજૂરી આપવામાં આવી છે. વર્ષ ૨૦૦૬માં પણ આ અંગે તપાસ શરૂ થઈ હતી, પરંતુ ત્યારે તેને બંધ કરી દેવામાં આવી હતી, જેને હવે નવી ફરિયાદોના આધારે ફરી આગળ વધારવામાં આવી રહી છે.

# SC/ST અનામત બેઠકોમાં રોટેશનની માગણી ફગાવાઈ

## વિધાનસભા-સંસદ લેશે નિર્ણય : સુપ્રીમ કોર્ટે

નવી દિલ્હી, તા.૪

સુપ્રીમ કોર્ટે લોકસભા અને વિધાનસભા ચૂંટણીઓમાં અનુસૂચિત જાતિ (SC) અને અનુસૂચિત જનજાતિ (ST) માટે અનામત બેઠકોમાં સમયાંતરે ફેરબદલ કરવાની માગ કરતી અરજી ફગાવી દીધી છે. ચીફ જસ્ટિસ સૂર્યકાંત અને જસ્ટિસ જોયમાલ્ય બાગચીની પીઠે સ્પષ્ટતા કરી છે કે, અનામત બેઠકોનું રોટેશન લાગુ કરવું એ સંસદ અને વિધાનસભાના અધિકાર ક્ષેત્રમાં આવે છે, ન્યાયતંત્રના નહીં.

સુનાવણી દરમિયાન ચીફ જસ્ટિસ સૂર્યકાંતે અરજદારને ટકોર કરતાં કહ્યું કે, 'તમે ખોટો નંબર ડાયલ કરી રહ્યા છો. હાલ વિરોધ પ્રદર્શન કરવાનો સારો મોસમ છે, તમે પણ અવાજ ઉઠાવી શકો છો.' તેમણે સૂચન કર્યું કે મતદારોએ પોતાના ચૂંટાયેલા જનપ્રતિનિધિઓ સમક્ષ આ મુદ્દો ઉઠાવવો જોઈએ અને દબાણ કરવું જોઈએ કે જો સીમાંકન વ્યવસ્થામાં બદલાવ નહીં થાય તો



તેઓ મત નહીં આપે.

જસ્ટિસ જોયમાલ્ય બાગચીએ સ્પષ્ટ કર્યું કે બેઠકોનું સીમાંકન અને અનામત એ બંધારણીય પ્રક્રિયા છે. અદાલત કોઈ કાયદો રદ કરી શકે છે, પરંતુ નવી રોટેશન વ્યવસ્થા ઊભી કરવા માટે બંધારણને ફરીથી લખી શકે નહીં. અદાલત સંસદના ત્રીજા ગૃહની ભૂમિકા ભજવી શકે નહીં. અનામત બેઠકોને કારણે મતદારો પાસે ઉમેદવાર પસંદ કરવાના વિકલ્પો મર્યાદિત થઈ શકે છે, પરંતુ તેમનો મતદાનનો મૂળભૂત અધિકાર છીનવાતો નથી.

અરજદારે સીમાંકન અધિનિયમ ૨૦૦૨ની કલમ ૯(૧)(ભ) અને વર્ષ ૨૦૦૮ના સીમાંકન પંચના અહેવાલનો હવાલો આપી દલીલ કરી હતી કે દેશમાં અનેક બેઠકો વર્ષ ૧૯૭૨થી અનામત છે, જેના લીધે ચોક્કસ પરિવારો જ ચૂંટણી લડતા રહે છે. જોકે, સુપ્રીમ કોર્ટે સ્પષ્ટ કર્યું કે પંચાયત અને પાલિકાના રોટેશન નિયમો સંસદીય બેઠકો પર લાગુ થઈ શકતા નથી અને બંધારણના અનુચ્છેદ ૩૨ હેઠળ ન્યાયતંત્ર આવી નવી વ્યવસ્થા લાગુ કરવાનો આદેશ આપી શકે નહીં.

# US મિડટર્મ ચૂંટણી : POWER ટેસ્ટમાં ટ્રમ્પ FAIL

## અમેરિકાના નાગરિકોએ પરિણામો દ્વારા એકદમ સ્પષ્ટ સંદેશ આપ્યો : અમેરિકન મતદારોના માનસમાં આવેલા વ્યાપક બદલાવ અને નવી રાજકીય દિશા તરફનો સ્પષ્ટ સંકેત

નવી દિલ્હી, તા.૪

અમેરિકાની મિડટર્મ ચૂંટણીમાં ડેમોક્રેટિક પાર્ટીએ સંસદના બંને ગૃહો પર મજબૂત પકડ જમાવી, જે રિપબ્લિકન પાર્ટી અને ટ્રમ્પ માટે મોટો આંચકો છે. કમલા હેરિસે ટ્રમ્પની હારની મજાક ઉડાવી, જ્યારે બરાક ઓબામાએ એકતાનો સંદેશ આપ્યો. સ્પેન, ઈરાન, રશિયા અને બ્રિટન સહિત વિશ્વભરના નેતાઓએ આ પરિણામો પર પ્રતિક્રિયા આપી છે, જેમાં કેટલાક દેશોએ આવકાર્યા તો કેટલાકે સાવચેતીભર્યું વલણ અપનાવ્યું.

અમેરિકાની મિડટર્મ ચૂંટણીમાં ડેમોક્રેટિક પાર્ટીએ જોરદાર પ્રદર્શન કરીને સંસદના બંને ગૃહો (હાઉસ ઑફ રિપ્રેઝન્ટેટિવ્સ અને સેનેટ) પર મજબૂત પકડ જમાવી છે. રિપબ્લિકન પાર્ટી અને રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ માટે આ ચૂંટણી પરિણામો એક મોટા આંચકા સમાન સાબિત થયા છે. આ ઐતિહાસિક રાજકીય ઉલટફેર બાદ વિશ્વભરના નેતાઓ તરફથી પ્રતિક્રિયાઓ આવવાની શરૂ થઈ ગઈ છે, જેમાં કેટલાક દેશોએ આ પરિણામોને આવકાર્યા છે તો કેટલાકે સાવચેતીભર્યું વલણ અપનાવ્યું છે.

ચૂંટણી પરિણામોમાં રિપબ્લિકન પાર્ટીની હાર નજીક આવતી જોઈ પૂર્વ ઉપરાષ્ટ્રપ્રમુખ કમલા હેરિસે ડોનાલ્ડ ટ્રમ્પ પર આકરો કટાક્ષ કર્યો છે. તેમણે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ડ પર એક વીડિયો શેર કર્યો હતો, જેમાં તેઓ હસતાં હસતાં ટ્રમ્પની હારની મજાક ઉડાવતા જોવા મળ્યા હતા. તેમનો આ વીડિયો સામે આવ્યા બાદ સોશિયલ મીડિયા પર જોરદાર ચર્ચા શરૂ થઈ ગઈ છે.

અમેરિકાના પૂર્વ રાષ્ટ્રપ્રમુખ બરાક ઓબામાએ સોશિયલ મીડિયા પર પ્રતિક્રિયા આપતાં જણાવ્યું હતું કે, અમેરિકાના નાગરિકોએ પરિણામો દ્વારા એકદમ સ્પષ્ટ સંદેશ આપી દીધો છે. જનતા ભાગલાવાદી રાજનીતિને બદલે એકતા ઇચ્છે છે અને દેશને એવા નેતાઓની જરૂર છે જે જટિલ સમસ્યાઓના વ્યવહારુ અને નક્કર ઉકેલ લાવી શકે.




સ્પેનના વડાપ્રધાન પેડ્રો સાંચેઝે કટાક્ષ કરવાની સાથે પરિણામોનું સ્વાગત કરતાં જણાવ્યું કે, અમેરિકાની જનતાએ માત્ર ગરીબી પેદા કરતી નીતિઓ સામે મતદાન કર્યું છે. આ પરિણામો નફરત, પુરુષપ્રધાન માનસિકતા, પર્યાવરણ અને ક્લાઈમેટ ચેન્જને નકારનારાઓ તથા માત્ર અમુક ધનિક વર્ગના વિશેષાધિકારોની વિરુદ્ધમાં લોકોનો સીધો જનાદેશ છે.ઈરાનની સંસદના અધ્યક્ષ મોહમ્મદ બાગેર ગાલિબાફે જણાવ્યું કે અમેરિકન મતદારોએ આ ચૂંટણી દ્વારા સ્પષ્ટ શબ્દોમાં સંદેશ આપ્યો છે કે તેઓ યુદ્ધ ઇચ્છતા નથી. તેમણે ઉમેર્યું કે શાંતિ અને 'યુદ્ધ નહીં'ના આ સંદેશનું ઈરાન સમર્થન કરે છે.

ક્રેમલિનના પ્રવક્તા દિમિત્રી પેસ્કોવે કહ્યું કે રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ હજુ પદ પર કાયમ છે અને રશિયાને આશા છે કે તેઓ વૈશ્વિક સ્તરે શાંતિ સ્થાપવાના પ્રયાસો આગળ વધારશે. બીજી તરફ રશિયન સાંસદ લિયોનિદ સ્લુત્સ્કીએ જણાવ્યું કે હાલ કોઈ અંતિમ તારણ કાઢવું વહેલું ગણાશે, પરંતુ હાલમાં ટ્રમ્પ સંપૂર્ણપણે પ્રતિકૂળ અને નકારાત્મક સ્થિતિમાં મૂકાઈ ગયા છે.યુકેના સ્વાસ્થ્ય મંત્રી જેમ્સ ક્રિથે આ પરિણામોને ડેમોક્રેટ્સ અને અમેરિકન લોકશાહી માટે એક અત્યંત મોટી અને મહત્વપૂર્ણ રાત ગણાવી હતી. તેમણે ઉમેર્યું કે બ્રિટન અમેરિકા સાથેના પોતાના મજબૂત દ્વિપક્ષીય સંબંધો ભવિષ્યમાં પણ અકબંધ રાખશે.

નોર્વેના વડાપ્રધાન જોનાસ ગહર સ્ટોરે જણાવ્યું હતું કે મીડટર્મ ચૂંટણીના આ પરિણામો અમેરિકન મતદારોના માનસમાં આવેલા વ્યાપક બદલાવ અને નવી રાજકીય દિશા તરફનો સ્પષ્ટ અને મજબૂત સંકેત આપે છે.

### વૈશ્વિક સંબંધોમાં નવા યુગનો પ્રારંભ

દક્ષિણ આફ્રિકાના રાષ્ટ્રપ્રમુખ સિરીલ રામાફોસાએ જણાવ્યું કે ડેમોક્રેટિક પાર્ટીને સંસદના બંને ગૃહો પર મળેલો વિજય આંતરરાષ્ટ્રીય સંબંધોમાં નવા અધ્યાયની શરૂઆત કરશે. તેમણે આશા દર્શાવી કે ટ્રમ્પના વહીવટમાં બંને દેશો વચ્ચે સર્જાયેલો તણાવ હવે દૂર થશે અને દ્વિપક્ષીય સંબંધો વધુ સારા બનશે.

# અકસ્માતમાં ડ્રાઈવિંગ લાયસન્સ ન હોવું એ સંયુક્ત બેદરકારી નથી : HC

## પીડિતનું વળતર વધારીને રૂ. ૧૦.૦૩ લાખ કર્યું : ગુજરાત હાઇકોર્ટનો સીમાચિહ્નરૂપ ચુકાદો : ટ્રિબ્યુનલના આદેશને રદ કરી હાઇકોર્ટે સ્થાપ્યો મહત્વનો કાનૂની સિદ્ધાંત



અમદાવાદ, તા.૪

મોટર અકસ્માતના કેસોમાં વળતરની ચૂકવણી અને જવાબદારી નક્કી કરવા બાબતે ગુજરાત હાઇકોર્ટે એક અત્યંત મહત્વપૂર્ણ ચુકાદો આપ્યો છે. જસ્ટિસ એલ. એસ. પીરઝાદાની સિંગલ બેંચે સ્પષ્ટ કાનૂની સિદ્ધાંત પ્રસ્થાપિત કર્યો છે કે, જો કોઈ અકસ્માત સમયે વાહનચાલક ડ્રાઇવિંગ લાયસન્સ રજૂ ન કરી શકે અથવા તેની ગેરહાજરી હોય, તો માત્ર તે કારણસર અકસ્માતમાં તેની સંયુક્ત બેદરકારી (કન્ટ્રિબ્યુટરી નેગ્લિજન્સ) છે તેવું આપોઆપ માની શકાય નહીં. આ કડક અવલોકન સાથે હાઇકોર્ટે નીચલી ટ્રિબ્યુનલના એ આદેશને રદબાતલ ઠેરવ્યો હતો જેમાં લાયસન્સના અભાવે બાઇકચાલકને ૫૦ ટકા જવાબદાર ગણીને તેના વળતરમાં મોટો કાપ મૂકવામાં આવ્યો હતો.

આ કેસની સુનાવણી દરમિયાન અદાલતે કાયદાકીય પાસાઓ પર ગહન નિરીક્ષણ કરતાં જણાવ્યું હતું કે, પીડિત વ્યક્તિ દ્વારા માત્ર મોટર વ્હીકલ એક્ટ કે ટ્રાફિકના કોઈ નિયમનો ભંગ થવો એ પોતે જ તેની બેદરકારી સાબિત કરતું નથી. કોઈપણ અકસ્માત સર્જાવા કે ઈજા થવા પાછળ આવા ભંગનો સીધો સંબંધ કે કાનૂની કારણ હોવું અત્યંત જરૂરી છે. અકસ્માતમાં સામેવાળા પક્ષની સંયુક્ત બેદરકારી હતી તે સાબિત કરવાની સંપૂર્ણ જવાબદારી બચાવ પક્ષની રહે છે. ડ્રાઇવિંગ લાયસન્સ ન હોવું તે ટ્રાફિકના કાયદા હેઠળ દંડનીય કે અન્ય કાર્યવાહીનો વિષય બની શકે છે, પરંતુ તેના જ આધારે અકસ્માતમાં ડ્રાઈવરની બેદરકારીનું અનુમાન લગાવી શકાય નહીં.

કેસની વિગતો અનુસાર, ૧૨ જાન્યુઆરી ૨૦૨૧ના રોજ મનુભાઈ મહીજીભાઈ ઠાકોર પોતાનું કામ પતાવીને બોરસદ તાલુકા પંચાયત કચેરીએથી મોટરસાઇકલ પર પરત ફરી રહ્યા હતા. સાંજે ૫:૦૦ વાગ્યાના સુમારે બોરસદ-તારાપુર રોડ પર કિસ્મત કાઠિયાવાડી હોટેલ પાસે નીરજસિંહ યાદવ નામના કારચાલકે પોતાની કાર અત્યંત પૂરઝડપે અને બેદરકારીથી હંકારીને મનુભાઈની મોટરસાઇકલને જોરદાર ટક્કર મારી હતી. આ ગંભીર અકસ્માતમાં મનુભાઈને હાથ, પગ અને ઘૂંટીના ભાગે મલ્ટીપલ ફ્રેક્ચર સહિતની ભારે ઈજાઓ પહોંચી હતી અને તેમને ઓપરેશન કરાવવાની નોબત આવી હતી. આણંદની મોટર અકસ્માત ક્લેઇમ્સ ટ્રિબ્યુનલે સપ્ટેમ્બર ૨૦૨૫માં અરજદારની ૨૮ ટકા શારીરિક અક્ષમતા નોંધીને કુલ રૂ. ૮,૪૩,૧૭૯ નું વળતર નિર્ધારિત કર્યું હતું. પરંતુ, અરજદાર લાયસન્સ રજૂ ન કરી શકતા ટ્રિબ્યુનલે તેમની ૫૦ ટકા બેદરકારી ગણી લીધી હતી અને અડધી રકમ કાપીને માત્ર રૂ. ૪,૨૧,૫૯૮ ચૂકવવાનો આદેશ કર્યો હતો.

### હાઇકોર્ટે કપાત રદ કરી વળતરમાં કર્યો માતબર વધારો

ટ્રિબ્યુનલના આ નિર્ણય સામે અરજદારે ગુજરાત હાઇકોર્ટના દ્વાર ખખડાવ્યા હતા. હાઇકોર્ટે કેસની તમામ ફાઈલો, પોલીસ એફઆઇઆર, ચાર્જશીટ અને ઘટનાસ્થળના પંચનામાની ઝીણવટભરી તપાસ કરીને નોંધ્યું કે અકસ્માત માટે સંપૂર્ણપણે કારચાલકની જ બેદરકારી હતી અને બાઇકચાલકની તેમાં કોઈ ભૂલ નહોતી. પરિણામે, કોર્ટે ૫૦ ટકાની કપાત ગેરકાયદેસર ઠેરવીને કારચાલકને ૧૦૦ ટકા દોષિત ઠેરવ્યો હતો. વધુમાં, કોર્ટે ન્યૂનતમ વેતનના ધોરણોને આધારે પીડિતની માસિક આવક રૂ. ૮,૦૦૦ થી વધારીને રૂ. ૯,૦૭૯ ગણી હતી અને ભાવિ કમાણીની તકો, શારીરિક પીડા તેમજ મેડિકલ સારવારના ખર્ચને ધ્યાનમાં રાખીને કુલ વળતરની રકમ વધારીને રૂ. ૧૦,૦૩,૦૪૫ કરી આપી છે. કોર્ટે વીમા કંપનીને આદેશ આપ્યો છે કે અગાઉ ચૂકવાયેલા વળતર ઉપરાંત વધારાની રૂ. ૫,૮૧,૪૫૯ ની રકમ ૯ ટકાના વાર્ષિક વ્યાજ સાથે આગામી ચાર અઠવાડિયામાં ટ્રિબ્યુનલ સમક્ષ જમા કરાવવામાં આવે.

## ઘોડા ડોક્ટરો સામે સરકારની મેગા ડ્રાઈવ, સૌથી વધુ ૧૭ રાજકોટમાંથી ઝડપાયા

# પખવાડિયામાં ૩૮ બોગસ ડોક્ટરો પકડાયા

## અમદાવાદ, સુરત, રાજકોટ સહિત તમામ જિલ્લાઓમાં સ્થાનિક પોલીસ, ક્રાઈમ બ્રાન્ચ SOG અને આરોગ્ય વિભાગને સાથે રાખી ઓપરેશન હાથ ધર્યું

રાજકોટ, તા. ૪

ગાંધીનગર,તા.૦૪ નાગરિકોના સ્વાસ્થ્ય સાથે ચેડાં કરતા બોગસ અને ડિગ્રી વગરના લેભાગુ ડોક્ટરો સામે આરોગ્ય મંત્રી પ્રફુલ પાનશેરીયાના માર્ગદર્શન હેઠળ આરોગ્ય વિભાગ દ્વારા રાજ્યવ્યાપી કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. આરોગ્ય વિભાગના અધિક મુખ્ય સચિવ રાજીવ ટોપનો અને આરોગ્ય કમિશનર રતનકંવર ગઢવી ચારણ સહિતના ઉચ્ચ અધિકારીઓની દેખરેખ હેઠળ છેલ્લા ૧૫ દિવસથી સમગ્ર રાજ્યમાં એક ખાસ મેગા ડ્રાઈવ ચલાવવામાં આવી હતી.

આરોગ્ય વિભાગ દ્વારા સમગ્ર ગુજરાતમાં ૨૯૮ ટીમો રચવામાં આવી હતી, જેણે સતત ૧૫ દિવસ સુધી વિવિધ વિસ્તારોમાં સઘન તપાસ હાથ ધરી હતી. અમદાવાદ, સુરત, રાજકોટ સહિત તમામ જિલ્લાઓમાં સ્થાનિક પોલીસ, ક્રાઈમ બ્રાન્ચ, જ્યક્ષ અને આરોગ્ય વિભાગે સંયુક્તપણે આ ઓપરેશન પાર પાડ્યું હતું. તપાસ દરમિયાન કુલ ૩૮ શંકાસ્પદ બોગસ ડોક્ટરો ઝડપાયા છે, જેમાંથી ૩૫ અનધિકૃત ડોક્ટરો સામે એફ.આઈ.આર. (ક્ર્ઈછ) નોંધીને કાયદાકીય કાર્યવાહી કરવામાં આવી છે.

આ ડ્રાઈવ અંતર્ગત રાજકોટમાં સૌથી વધુ ૧૭ બોગસ ડોક્ટરો, સુરતમાં ૦૯, ગીર સોમનાથમાં ૦૩, સુરેન્દ્રનગરમાં ૦૨ અને બાકીના વિસ્તારોમાં ૧-૧ એમ મળીને કુલ ૩૫ બોગસ ડોક્ટર સામે કાયદાકીય શિકંજો કસાયો છે.

સરકારના અગાઉના દિશાનિર્દેશો અને ઠરાવ મુજબ બોગસ ડોક્ટરોની બદીને ડામી દેવા માટે




જિલ્લાવાર સભ્યોની ખાસ કમિટી રચવામાં આવી છે. આ કમિટી બાતમીદારોના માધ્યમથી સક્રિય રહીને દરોડાની કાર્યવાહી કરી રહી છે.

આ મેગા ડ્રાઈવ દરમિયાન જ્યારે આરોગ્ય વિભાગ અને પોલીસની સંયુક્ત ટીમ દરોડા પાડવા પહોંચી, ત્યારે કેટલાક લેભાગુ તત્વો અગાઉથી જ પોતાના ક્લિનિક અને દવાખાનાં બંધ કરીને જતા રહ્યા હોવાનું પણ ધ્યાને આવ્યું છે.

જોકે, કાયદાની આંખોથી બચીને ભાગેલા આ ફરાર અને છૂપાયેલા તત્વોને કાયદાના કડક સકંજામાં લાવવા માટે આરોગ્ય અને પોલીસ વિભાગ દ્વારા સઘન શોધખોળ અને વિશેષ સર્વેલન્સની કાર્યવાહી અવિરતપણે ચાલુ રાખવામાં આવી છે. આરોગ્ય મંત્રીએ સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું છે કે, આગામી દિવાળી અને તહેવારોના દિવસો બાદ પણ બોગસ તબીબો વિરુદ્ધની આ ઝુંબેશ વધુ સક્રિયપણે ચાલુ રહેશે.

# ચેક રીટર્ન કેશમાં ૩ માસની કેદ

## રૂપિયા ૮.૨૬ લાખ વળતર ચૂકવવા પણ કોર્ટનો હુકમ

રાજકોટ, તા.૪

ચેક પરત ફરતા થયેલી ફરિયાદના ગુનામાં આરોપી રાજેશકુમાર મંગળભાઈ સુથારને ૩ માસની કેદ અને રૂ. ૮,૨૬,૭૨૦/- વળતર ચૂકવવા કોર્ટે આદેશ કર્યો છે.

ફરિયાદી અજયભાઈ ઝવેરભાઈ ડાભી, શ્રી ચામુંડા કૃપા ઓઈલ ઈન્ડસ્ટ્રીઝ (ભાગીદારી પેઢી)ના ભાગીદાર તેમજ અન્ય ભાગીદારોના પાવર ઓફ એટર્ની ધારક છે અને કપાસિયા ખોળનો વેપાર કરે છે. આરોપી રાજેશકુમાર મંગળભાઈ સુથાર (રહે.ખાનપુર, ઘોઘાવાડ, મહીસાગર)ને તા. ૦૨/૦૯/૨૦૨૩ ના રોજ કપાસિયા ખોળનો માલ સપ્લાય કરવામાં આવ્યો હતો. આરોપીએ કટકે કટકે ઓનલાઈન રકમ ચૂકવ્યા બાદ બાકી રહેતા રૂ. ૪,૧૩,૩૬૦/- ની ચુકવણી માટે બરોડા ગુજરાત ગ્રામીણ બેંક, મોટાખાનપુર શાખાનો ચેક નં. ૩૩૯૧૯૨ તા. ૦૪/૦૭/૨૦૨૪ નો આપ્યો હતો.



આ ચેક ફરિયાદીએ બેંકમાં રજૂ કરતા તા. ૦૬/૦૭/૨૦૨૪ ના રોજ ફંડ ઈન્સફિશિયન્ટ ના શેરા સાથે પરત ફર્યો હતો. ત્યારબાદ ફરિયાદીએ તા. ૧૫/૦૭/૨૦૨૪ ના રોજ એડવોકેટ મારફતે કાયદેસરની નોટિસ આપી હતી. નોટિસ બજી જવા છતાં આરોપીએ નિયત ૧૫ દિવસમાં રકમ ચૂકવી ન હતી, જેથી ફરિયાદીએ નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ્સ એક્ટની કલમ ૧૩૮ હેઠળ ફરિયાદ દાખલ કરી હતી.

કેસ ચાલી જતા ફરિયાદી પક્ષે રજૂ કરેલા પુરાવાઓ અને આધારો તેમજ ફરિયાદીની દલીલોને ગ્રાહ્ય રાખી, આરોપી ચેકની જવાબદારી અંગે કોઈ સંભવિત બચાવ રજૂ કરી શક્યા ન હોવાથી કોર્ટ દ્વારા આરોપીને ગુનામાં દોષિત ઠેરવવામાં આવ્યા હતા. પ્રિન્સિપાલ સિવિલ જજ અને જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ વીંછીયા દ્વારા આરોપી રાજેશકુમાર મંગળભાઈ સુથારને ૩ (ત્રણ) માસની સાદી કેદની સજા અને ચેકની રકમ કરતા બમણી રકમ રૂ. ૮,૨૬,૭૨૦/- ફરિયાદીને વળતર પેટે ૩૦ દિવસમાં ચૂકવવા હુકમ કરવામાં આવ્યો છે. વળતર ન ચૂકવે તો વધુ ૩ માસની સાદી કેદ ભોગવવી પડશે. આરોપી કોર્ટમાં હાજર ન રહેતા સજાના અમલ માટે નોન-બેલેબલ વોરંટ ઈશ્યુ કરવાનો પણ હુકમ કરાયો છે. ફરિયાદી વતી એડવોકેટ રણજીતભાઈ એમ. પટગીર, એમ. એચ. ચાનપુરા તેમજ વીંછીયાના સંજયભાઈ રામાનુજ રોકાયા હતા.

## રાજ્ય સરકારની દિવાળી ભેટ

# કર્મચારીઓના DAમાં ૩ ટકાનો વધારો

ગાંધીનગર, તા.૪

દિવાળીના તહેવારો પહેલા રાજ્ય સરકારે ગુજરાતના સરકારી કર્મચારીઓ માટે એક મોટી જાહેરાત કરતા મોંઘવારી ભથ્થામાં ૩ ટકાનો વધારો કરવાની મંજૂરી આપી દીધી છે. રાજ્ય સરકારના અગાઉ જાહેર કરાયેલા આંકડાઓ મુજબ આ નિર્ણયથી ગુજરાતના ૪ લાખ જેટલા કાર્યરત કર્મચારીઓ અને અંદાજિત ૪.૮૨ લાખ જેટલા પેન્શનર્સને આ ડીએ વધારાનો સીધો લાભ પ્રાપ્ત થશે.

આ વધારો ક્યારથી અમલમાં આવશે તે અંગે આગામી દિવસોમાં મળનારી કેબિનેટ બેઠકમાં નિર્ણય લેવાયા બાદ સ્પષ્ટતા થશે અને ત્યારબાદ સત્તાવાર જાહેરાત કરવામાં આવશે. સામાન્ય રીતે મોંઘવારીના આંકડાઓને ધ્યાનમાં રાખીને દર છ મહિને મોંઘવારી ભથ્થામાં સુધારો કરવામાં આવતો હોય છે. અગાઉ ગુજરાત સરકારે મે ૨૦૨૪માં સાતમાં પગારપંચ હેઠળના કર્મચારીઓના ડીએમાં ૨ ટકાનો વધારો કર્યો હતો. જેનાથી ડીએનો દર ૫૮ ટકાથી વધીને ૬૦ ટકા થયો હતો. હવે વધુ ૩ ટકાનો વધારો મંજૂર થતા નવો દર ૬૩ ટકા થઈ શકે છે.

જો સરકાર જુલાઈ ૨૦૨૬થી આ વધારો




અમલી બનાવે તો કર્મચારીઓને બાકી સમયગાળાના એરિયર્સની પણ ચૂકવણી થઈ શકે છે, જોકે આ અંગે સત્તાવાર જાહેરાતની રાહ જોવાઈ રહી છે. કર્મચારીઓના હિતમાં અન્ય એક મહત્વપૂર્ણ નિર્ણય લેતા રાજ્ય સરકારે ૯ નવેમ્બર, સોમવારના રોજ પડતર દિવસે સરકારી કચેરીઓમાં જાહેર રજા રાખવાનો નિર્ણય લીધો છે.

આ રજાના અવેજમાં આગામી ૧૨ ડિસેમ્બર, શનિવારના રોજ સરકારી કચેરીઓ રાબેતા મુજબ ચાલુ રાખવાનો પ્રસ્તાવ છે, જે અંગે રાજ્ય સરકાર ટૂંક સમયમાં સત્તાવાર ઘોષણા કરશે. આ ઉપરાંત મુખ્યમંત્રીની અધ્યક્ષતામાં મળેલી કેબિનેટ બેઠકમાં રાજ્યના ખેડૂતોને શિયાળુ પાક માટે સિંચાઈનું પાણી પૂરું પાડવા અંગે પણ ચર્ચા કરવામાં આવી હતી.

પીવાના પાણીની જરૂરિયાત માટે પૂરતો જથ્થો અનામત રાખીને વધારાનું પાણી શિયાળુ પાકના વાવેતર માટે આપવા અંગે વિચારણા હાથ ધરાઈ છે. સૌરાષ્ટ્રમાં સૌની યોજના અને ઉત્તર ગુજરાતમાં સુજલામ સુફલામ યોજના હેઠળ સિંચાઈ માટે કેટલું પાણી આપી શકાશે તેની સમીક્ષા કર્યા બાદ મુખ્યમંત્રી આ અંગે અલગથી નિર્ણય લેશે.

# એરેના એનિમેશન દ્વારા ભવ્ય એલ્યુમની મીટ-પદવીદાન સમારોહ સંપન્ન

## ક્રિએટિવ કૌશલ્ય અને વિદ્યાર્થીઓનું સન્માન : દિગ્ગજોએ યુવાનોને આપ્યું માર્ગદર્શન

રાજકોટ, તા.૪

રાજકોટના કાલાવડ રોડ સ્થિત એરેના એનિમેશન દ્વારા તાજેતરમાં એલ્યુમની મીટ અને પદવીદાન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સમારોહમાં એનિમેશન, ગ્રાફિક ડિઝાઈનિંગ, વિઝ્યુઅલ ઈફેક્ટ્સ અને મલ્ટીમીડિયા જેવા કોર્સ સફળતાપૂર્વક પૂર્ણ કરનાર વિદ્યાર્થીઓને પદવીઓ તેમજ પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યા હતા. આ તકે વિદ્યાર્થીઓએ પોતાના પ્રોજેક્ટ્સ અને ક્રિએટિવ સ્કીલની ઝલક રજૂ કરીને ઉપસ્થિત સૌને મંત્રમુગ્ધ કરી દીધા હતા.

મહોત્સવમાં એપ્ટેક લિમિટેડની હેડઓફિસથી સિનિયર વાઈસ પ્રેસિડેન્ટ શાજન સેમ્યુઅલ, રીજનલ સેલ્સ હેડ રમેશ મોગાવીરા અને નેશનલ એકેડેમિક હેડ અમર ત્રિવેદી વિશેષ રૂપે ઉપસ્થિત રહ્યા હતા.દિગ્ગજોએ યુવાનોને માર્ગદર્શન




આપતા જણાવ્યું હતું કે આજના ડિજિટલ યુગમાં એનિમેશન અને વીએફએક્સ ક્ષેત્રે અપાર સંભાવનાઓ રહેલી છે. યુવાનો પોતાની સર્જનાત્મકતા દ્વારા વૈશ્વિક સ્તરે મોટી સફળતા અને નામના મેળવી શકે છે.

કાર્યક્રમનું આકર્ષણ દેશ-વિદેશની નામાંકિત કંપનીઓ અને સ્ટુડિયોમાં કાર્યરત ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ સાથેનો જીવંત સંવાદ હતો, જ્યાં વર્તમાન વિદ્યાર્થીઓ સાથે ઇન્ડસ્ટ્રીના પડકારો અને નવા ટ્રેન્ડ્સ શેર કરવામાં આવ્યા હતા. આશરે ૨૦૦ લોકોની હાજરીવાળા આ કાર્યક્રમને ડિજિટલ કેવલ, સંધ્યા બ્રાન્ડિંગ એજન્સી, અસેન્સ બ્રાન્ડિંગ, વેલિક્સા સહિતની સંસ્થાઓનો સહયોગ મળ્યો હતો. સંચાલકો વિધી કોટક, જૈમીન ભીંડા અને કમલ ભારદીયાના નેતૃત્વ હેઠળ પ્રિયંકા ચાવડા, ભાવિષા ગોસ્વામી, શ્રુતિ સાવલિયા અને માનસી કિકાણી સહિતની ટીમે સમગ્ર આયોજનને સફળ બનાવ્યું હતું.

## રાજ્યના યુવાનો માટે સરકારી નોકરીની સુવર્ણ તક

# GSSSB દ્વારા ૧૨૩૭ જગ્યાઓ પર બમ્પર ભરતીની જાહેરાત

## વર્ગ-૩ અંતર્ગત ગ્રુપ-અ અને ગ્રુપ-ઇ માટે ૫ નવેમ્બરથી ઓનલાઈન અરજી પ્રક્રિયાનો પ્રારંભ, ૩૦ નવેમ્બર અંતિમ તારીખ

ગાંધીનગર, તા.૪

ગુજરાતમાં સરકારી નોકરી મેળવવા માંગતા અને લાંબા સમયથી તૈયારી કરી રહેલા હજારો યુવાનો માટે રાહતના અને મોટા સમાચાર સામે આવ્યા છે. ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા વર્ગ-૩ અંતર્ગત ગ્રુપ-અ અને ગ્રુપ-ઇની સંયુક્ત સ્પર્ધાત્મક પરીક્ષા માટે મોટી ભરતીની જાહેરાત કરવામાં આવી છે. આ નવી ભરતી પ્રક્રિયા હેઠળ કુલ ૧,૨૩૭ જેટલી ખાલી જગ્યાઓ ભરવામાં આવશે.

મંડળ દ્વારા બહાર પાડવામાં આવેલી સત્તાવાર જાહેરાત મુજબ, આ ભરતીને બે મુખ્ય ગ્રુપમાં વહેંચવામાં આવી છે. આ ભરતીમાં ગ્રુપ-અ




અંતર્ગત સબ રજિસ્ટ્રાર, મદદનીશ આદિજાતિ વિકાસ અધિકારી, સમાજ કલ્યાણ નિરીક્ષક, હેડ ક્લાર્ક અને સિનિયર ક્લાર્ક જેવા મહત્વના સંવર્ગોની ૨૪૩ જગ્યાઓનો સમાવેશ થાય છે. તેમજ ગ્રુપ-ઇ હેઠળ મોટા પાયે જુનિયર ક્લાર્કની કુલ ૯૯૪ જગ્યાઓ પર ભરતી કરવામાં આવશે.

આ ભરતી માટે યોગ્યતા ધરાવતા ઉમેદવારોએ ઓનલાઈન અરજી કરવાની રહેશે. અરજી પ્રક્રિયાની સમયમર્યાદા મુજબ આગામી તા. ૫ નવેમ્બરથી બપોરે ૨:૦૦ વાગ્યાથી ફોર્મ ભરવાનું શરૂ થશે અને ઉમેદવારો ૩૦ નવેમ્બર, ૨૦૨૬ ની રાત્રે ૧૧:૫૯ વાગ્યા સુધી અરજી કરી શકશે. ભરતી અંગેની તમામ વિગતવાર માહિતી, વયમર્યાદા, શૈક્ષણિક લાયકાત અને પરીક્ષા પદ્ધતિ અંગેની સત્તાવાર માહિતી GSSSB ની વેબસાઈટ પર ઉપલબ્ધ રહેશે. સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરતા ઉમેદવારોને છેલ્લી ઘડીની ભીડથી બચવા સમયસર ફોર્મ ભરી લેવા અપીલ કરવામાં આવી છે.

### તહેવારમાં ફટાકડાંથી બનતી આગની અણધારી ઘટનાઓ

# દિવાળી પર આગની દુર્ઘટનાઓ સામે રક્ષણ

## શહેરમાં ૮ સ્થળોએ હંગામી ફાયર સ્ટેશનો ઊભા કરાયા, જવાનોની તમામ રજાઓ રદ

રાજકોટ , તા. ૪

દિવાળીનો તહેવાર સમગ્ર દેશમાં અનેરા આનંદ, પ્રકાશ અને ઉલ્લાસ સાથે ઉજવવામાં આવી રહ્યો છે. જોકે આ રોશનીના પર્વ દરમિયાન ફટાકડાના કારણે અણધારી આગ લાગવાની ઘટનાઓ અને અકસ્માતોની શક્યતાઓ પણ નોંધપાત્ર રીતે વધી જતી હોય છે. રહેણાંક મકાનો, વાણિજ્યિક ઇમારતો, દુકાનો કે પછી શહેરના ખુલ્લા પ્લોટમાં એકત્ર થયેલા કચરામાં પણ ફટાકડાની નાની એવી ચિંગારી કે સળગતું રોકેટ પડે ત્યારે મોટી હોનારત સર્જાવાનો ભય રહે છે. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને દર વર્ષની જેમ આ વર્ષે પણ શહેરના ફાયર વિભાગ દ્વારા પ્રજાજનોની સુરક્ષા અને જાનમાલના રક્ષણ માટે આગોતરું અને સુદ્રઢ આયોજન હાથ ધરવામાં આવ્યું છે.

નાગરિકો નિર્ભય બનીને તહેવારની ઉજવણી કરી શકે તે હેતુથી ફાયર વિભાગ સંપૂર્ણ મોરચે સજ્જ થઈ ગયું છે. તહેવારના મુખ્ય ત્રણ દિવસો દરમિયાન કોઈપણ ખૂણે બનતી ઘટના પર ત્વરિત કાબૂ મેળવી શકાય તે માટે શહેરના ૮ અલગ-અલગ વ્યૂહાત્મક સ્થળો પર ૨૪ કલાક કાર્યરત રહે તેવા હંગામી ફાયર સ્ટેશનો ઊભા કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. તદુપરાંત, કટોકટીના સમયે તમામ ટીમો ત્વરિત પ્રતિસાદ આપી શકે તે માટે ફાયર વિભાગના તમામ અધિકારીઓ અને જવાનોની રજાઓ તાત્કાલિક અસરથી રદ કરી દેવામાં આવી છે અને સમગ્ર સ્ટાફને સતત સ્ટેન્ડબાય મોડ પર રાખવાની કડક સૂચનાઓ જારી કરવામાં આવી છે.

આ કામગીરી અંગે માહિતી




આપતા ઇન્ચાર્જ ડેપ્યુટી ફાયર ઓફિસર અશોકસિંહ ઝાલાએ જણાવ્યું હતું કે, કટોકટીના સમયે પ્રતિસાદનો સમય એટલે કે રિસ્પોન્સ ટાઇમ શક્ય તેટલો ઓછો રહે તે માટે કામચલાઉ ધોરણે આ હંગામી મથકો તૈયાર કરાયા છે. આગામી ૬ નવેમ્બર શુક્રવારથી ૮ નવેમ્બર રવિવાર સુધી આ તમામ ૮ કેન્દ્રો ૨૪ કલાક ધમધમતા રહેશે. દરેક હંગામી સ્થળ પર તમામ જરૂરી બચાવ સાધનો, એક સુસજ્જ ફાયર ફાઇટર વાહન અને ૬ સભ્યોની વિશેષ ટીમ તૈનાત રહેશે, જેમાં ડ્રાઇવર, ત્રણ ફાયર ઓપરેટર, એક લીડિંગ ફાયર ઓફિસર તથા સબ ઓફિસર કે ચીફ ઓફિસરની હાજરી સુનિશ્ચિત કરવામાં આવી છે.

તમામ સ્થળો પર તૈનાત જવાનોને તેમની ચોક્કસ કામગીરી અને જવાબદારીઓની ફાળવણી સુવ્યવસ્થિત રીતે કરી દેવામાં આવી છે, જેથી આકસ્મિક સ્થિતિમાં કોઈ પણ જાતના વિલંબ વગર અસરકારક કામગીરી કરી શકાય. આ તમામ કામચલાઉ મથકો મુખ્ય ફાયર કંટ્રોલ રૂમ સાથે સતત સંપર્કમાં રહેશે અને ઇમરજન્સીનો સંદેશો મળતા જ નજીકની ટીમ તુરંત ઘટનાસ્થળે પહોંચીને રાહત-બચાવની કામગીરી શરૂ કરી દેશે. જો ઘટના મોટી હોય તો આસપાસના મુખ્ય ફાયર સ્ટેશનો સાથે ત્વરિત સંકલન સાધીને વધારાની મદદ પણ પૂરી પાડવામાં આવશે. ફાયર વિભાગની આ સંપૂર્ણ સજ્જતા સાથે નાગરિકો પણ ફટાકડા ફોડતી વખતે જરૂરી સાવચેતી રાખે તે અનિવાર્ય છે, જેથી આ દિવાળી સુરક્ષિત અને આનંદમય બની રહે.

# વસ્તી ગણતરી ૨૦૨૭ના બીજા તબક્કાનો ધમધમાટ

### જાન્યુઆરીથી ઘરે-ઘરે શરૂ થશે મહાઅભિયાન ૪૦ મહત્વના મુદ્દાઓ પર એકત્રિત કરાશે માહિતી




રાજકોટ, તા. ૪

રાજકોટ જિલ્લામાં વસ્તી ગણતરી ૨૦૨૭ ના બીજા તબક્કા એટલે કે વસ્તી ગણતરીની કામગીરી હાથ ધરવા માટે વહીવટી તંત્ર દ્વારા તમામ તૈયારીઓ આખરી ઓપ આપી દેવામાં આવ્યો છે. આ રાષ્ટ્રીય મહત્વ ધરાવતા મહાઅભિયાનમાં સક્રિય સહયોગ આપવા માટે વહીવટી તંત્ર દ્વારા સમગ્ર રાજકોટ જિલ્લાના તમામ નાગરિકોને જાહેર અપીલ કરવામાં આવી છે. રાજ્યભરમાં આ કામગીરી સુચારુ, સુવ્યવસ્થિત અને સફળ રીતે પાર પડે તે હેતુથી ગુજરાત રાજ્યના મુખ્ય સચિવ શ્રી એમ. કે. દાસના અધ્યક્ષસ્થાને 'પ્રિન્સિપલ સેન્સસ ઓફિસર્સ'ની એક ઉચ્ચસ્તરીય બેઠક યોજાઈ હતી, જેમાં સમગ્ર આયોજનની વિસ્તૃત સમીક્ષા કરી જરૂરી માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું.

રાજકોટ જિલ્લામાં આ બીજા તબક્કાની કામગીરીને સુદ્રઢ બનાવવા માટે ૬ ચીફ ઓફિસર અને ૧૧ તાલુકા મામલતદાર મળી કુલ ૧૭ ચાર્જ ઓફિસરોની નિયુક્તિ કરવામાં આવી છે. આ ઉપરાંત અંદાજિત ૨,૯૦૨ ગણતરીદારો અને ૪૮૬ સુપરવાઈઝરોને ક્ષેત્રીય કામગીરી માટે ફરજ સોંપવામાં આવી છે. સમગ્ર જિલ્લાની વસ્તીને આવરી લેવા માટે વહીવટી તંત્ર દ્વારા કુલ ૩,૪૯૯ ગણતરી બ્લોક તૈયાર કરવામાં આવ્યા છે.

અધિકૃત રીતે જાહેર કરાયેલા સમયપત્રક મુજબ, ૧૦ જાન્યુઆરીથી ૨૪ જાન્યુઆરી ૨૦૨૭ દરમિયાન સ્વ-ગણતરીનો તબક્કો અમલમાં રહેશે, જેમાં નાગરિકો પોતે પણ પોતાની વિગતો નોંધી શકશે. ત્યારપછી ૨૫ જાન્યુઆરીથી ૨૮ ફેબ્રુઆરી ૨૦૨૭ દરમિયાન ગણતરીદારો દ્વારા ઘરે-ઘરે જઈને વસ્તી ગણતરી હાથ ધરવામાં આવશે. અંતમાં ૦૧ માર્ચથી ૦૫ માર્ચ ૨૦૨૭ દરમિયાન પુનઃચકાસણી યોજાશે, જ્યારે આ સમગ્ર સર્વેક્ષણ માટે સંદર્ભ તારીખ અને સમય ૦૧ માર્ચ ૨૦૨૭ ના રોજ રાત્રે ૦૦:૦૦ કલાકનો નિર્ધારિત કરવામાં આવ્યો છે.

આ બીજા તબક્કા દરમિયાન નાગરિકો પાસેથી કુલ ૪૦ અલગ-અલગ મુદ્દાઓ હેઠળ પ્રાથમિક અને અંગત વિગતો એકત્રિત કરવામાં આવશે. તેમાં વ્યક્તિની જન્મ તારીખ, ઉંમર, વૈવાહિક સ્થિતિ, લગ્ન સમયે ઉંમર, જીવનસાથીનું નામ, રાષ્ટ્રીયતા, ધર્મ અને જાતિ જેવી વ્યક્તિગત વિગતો નોંધાશે. આ ઉપરાંત માતા-પિતાની વિગતો, દિવ્યાંગતા અંગેની માહિતી, માતૃભાષા અને અન્ય જાણીતી ભાષાઓની જાણકારી, સાક્ષરતાનું સ્તર, શૈક્ષણિક લાયકાત, ડિજિટલ સાક્ષરતા તેમજ રોજગાર અને વ્યવસાય સંબંધિત ક્ષેત્રોને પણ આવરી લેવામાં આવશે. વધુમાં જન્મસ્થળ, અગાઉનું અને કાયમી રહેઠાણ, સ્થળાંતરનું ચોક્કસ કારણ, બાળકોની સંખ્યા, કોવિડ-૧૯ રસીકરણની સ્થિતિ, બેંક ખાતાની વિગતો અને ઓળખ દસ્તાવેજો સંબંધિત જરૂરી સત્તાવાર વિગતો પણ એકત્રિત કરાશે. રાષ્ટ્ર નિર્માણના આ અતિ મહત્વપૂર્ણ અને ઐતિહાસિક કાર્યમાં જિલ્લાના તમામ નાગરિકો સાચો અને પૂર્ણ સહકાર આપે તેવી ખાસ હિમાયત વહીવટી તંત્ર દ્વારા કરવામાં આવી છે.

### સુરક્ષા અને કાયદો-વ્યવસ્થાની સ્થિતિ ધ્યાને લઈ અધિક જિલ્લા મેજિસ્ટ્રેટનું કડક જાહેરનામું

# શહેર-જિલ્લાના ૧૦૮ સ્થળ 'નો ડ્રોન ઝોન' જાહેર કરાયા

રાજકોટ, તા. ૪

રાજકોટ ગ્રામ્ય જિલ્લામાં જાહેર સલામતી અને કાયદો-વ્યવસ્થાની પરિસ્થિતિ સુદ્રઢ રાખવાના ભાગરૂપે પ્રશાસન દ્વારા એક અત્યંત મહત્વપૂર્ણ અને સખત નિર્ણય લેવામાં આવ્યો છે. રાજકોટ ગ્રામ્યના અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ જે. એચ. બારોટ દ્વારા એક વિશેષ જાહેરનામું પ્રસિદ્ધ કરીને સમગ્ર ગ્રામ્ય વિસ્તારમાં આવેલા અતિ સંવેદનશીલ અને વ્યૂહાત્મક મહત્વ ધરાવતા ૧૦૮ સ્થળોને 'નો ડ્રોન ઝોન' તરીકે ઘોષિત કરી દેવામાં આવ્યા છે. સુરક્ષાની દ્રષ્ટિએ અત્યંત મહત્વ ધરાવતા આ વિસ્તારોમાં હવે કોઈપણ પ્રકારના માનવરહિત હવાઈ સાધનો કે ડ્રોન ઉડાડવા પર સંપૂર્ણ મનાઈ રહેશે.

પ્રશાસન દ્વારા જારી કરાયેલા આ કડક આદેશ મુજબ રાજકોટ ગ્રામ્ય વિસ્તારમાં આવેલા વાઈટલ




ઈન્સ્ટોલેશન્સ, વી.વી.આઈ.પી. રહેણાંક વિસ્તારો, અગત્યની સરકારી કચેરીઓ, સબ જેલ, વાયરલેસ અને માઈક્રોવેવ સ્ટેશનો તેમજ વાઇલ્ડ લાઇફ સેન્ચ્યુરી જેવા પ્રતિબંધિત વિસ્તારોનો આ નો ડ્રોન ઝોનમાં સમાવેશ થાય છે. આ ઉપરાંત લાખો શ્રદ્ધાળુઓ અને નાગરિકોની અવરજવર ધરાવતા ધાર્મિક અને જાહેર સ્થળો જેવા કે વિશ્વપ્રસિદ્ધ યાત્રાધામ ખોડલધામ, વિરપુરનું જલારામ મંદિર, વિવિધ મુખ્ય બજારો અને બસ સ્ટેશનો પર પણ સુરક્ષા મજબૂત કરવાના હેતુથી હવાઈ ઉપયોગ પર રોક લગાવી દેવાઈ છે.

જિલ્લાની જળ અને ઉર્જા સુરક્ષાને ધ્યાન ધ્યાન પર રાખીને ભાદર અને ન્યારી સહિતના મુખ્ય ડેમો, મહત્વના પૂલો, વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ્સ તેમજ વિવિધ કે.વી.ના વીજ સબ સ્ટેશનો અને પાવર હાઉસ જેવા મહત્વના ઇન્ફ્રાસ્ટ્રક્ચર સ્થાપનોને પણ આ સુરક્ષા ઘેરાવમાં આવરી લેવાયા છે. આ જાહેરનામા હેઠળ નિર્ધારિત વિસ્તારોમાં રિમોટ કંટ્રોલ સંચાલિત કેમેરાવાળા કે વગરના ડ્રોન, એરિયલ મિસાઈલ, હેલિકોપ્ટર, રિમોટ કંટ્રોલ માઈક્રોલાઈટ, એરક્રાફ્ટ કે પેરાગ્લાઈડર જેવા તમામ સંસાધનો અને ઉપકરણોના ઉપયોગ પર તાત્કાલિક અસરથી પ્રતિબંધ મુકવામાં આવ્યો છે.

રાજકોટ અધિક જિલ્લા મેજિસ્ટ્રેટની હકુમત હેઠળના તમામ વિસ્તારોમાં આ આદેશ ૩૧ ડિસેમ્બર ૨૦૨૬ સુધી સતત અમલમાં રહેશે. કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જોખમાય નહીં તે માટે પ્રશાસને સ્પષ્ટતા કરી છે કે આ જાહેરનામાના નિયમોનો ભંગ કરનાર કે અનાદર કરનાર કોઈપણ ઇસમ સામે ભારતીય ન્યાય સંહિતાની સંબંધિત કાનૂની જોગવાઈઓ હેઠળ ગુનો નોંધીને સખત શિક્ષાત્મક કાનૂની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

### નિયમભંગ બદલ ૭ અરજી ફગાવી : ૬૭ સ્થળોએ તપાસ બાકી

# ફટાકડાના ૨૯૯ સ્ટોલને લીલી ઝંડી

રાજકોટ, તા. ૪

રાજકોટમાં દિવાળીના તહેવારોને ધ્યાનમાં રાખીને ફટાકડાના વેચાણ માટે સજ્જ થયેલા સ્ટોલ ધારકો પર ફાયર વિભાગે સુરક્ષાના કડક નિયમો લાગુ કરીને સઘન ચેકિંગ હાથ ધર્યું છે. તહેવારો દરમિયાન કોઈ અણબનાવ કે આગની દુર્ઘટના ન સર્જાય અને જાહેર જનતાની સુરક્ષા પૂર્ણપણે જળવાઈ રહે તે હેતુથી તંત્ર દ્વારા ફાયર સેફ્ટીના ધોરણોનું ચુસ્ત પાલન કરાવવામાં આવી રહ્યું છે. શહેરના ખૂણે-ખૂણે ઉભા કરાયેલા અસ્થાયી અને કાયમી ફટાકડાના સ્ટોલ પર પ્રાથમિક અગ્નિશામક સુવિધાઓ છે કે નહીં તેની બારીકાઈથી તપાસ કરવામાં આવી રહી છે.

ઇન્ચાર્જ ડેપ્યુટી ફાયર ઓફિસર અશોકસિંહ ઝાલાએ સમગ્ર કામગીરી અંગે વિગતો આપતા જણાવ્યું હતું કે, આ વર્ષે શહેરમાં ફટાકડાના વેચાણ માટે ફાયર વિભાગ સમક્ષ કુલ ૩૭૩ અરજીઓ આવી હતી. આ તમામ અરજીઓ પૈકી સ્થળ તપાસ અને સુરક્ષાના માપદંડો ચકાસ્યા બાદ અત્યાર સુધીમાં ૨૯૯ સ્ટોલને મંજૂરી આપી દેવામાં આવી છે. જ્યારે સુરક્ષાના પ્રાથમિક નિયમોનું પાલન ન કરનારી ૭ અરજીઓને સીધી જ નામંજૂર કરી દેવાઈ છે. આ સિવાય બાકી રહેલી ૬૭ અરજીઓની સ્થળ તપાસ હાલ પ્રક્રિયા હેઠળ છે અને તે



પૂર્ણ થયા બાદ જ આગળનો આખરી નિર્ણય લેવામાં આવશે.

ફાયર વિભાગ દ્વારા જારી કરવામાં આવેલી માર્ગદર્શિકા મુજબ ૫૦૦ ચોરસ મીટરથી ઓછો વિસ્તાર ધરાવતા નાના ફટાકડાના સ્ટોલ કે દુકાનો માટે પણ અગ્નિશામક સાધનો વસાવવા ફરજિયાત બનાવવામાં આવ્યા છે. જેમાં દરેક સ્ટોલ ધારકે ૧૦૦૦ લીટર પાણીની ક્ષમતા ધરાવતી ટાંકી, હોઝ રીલ, ફાયર એક્સટિંગ્વિશર તેમજ રેતી અને પાણી ભરેલી ડોલ સ્થળ પર તૈનાત રાખવી પડશે. આગની કોઈ નાની ઘટના બને ત્યારે ત્વરિત અને પ્રાથમિક સ્તરે કાબૂ મેળવી શકાય તે માટે આ તમામ સાધનો અનિવાર્ય હોવાનું તંત્ર દ્વારા સ્પષ્ટ કરવામાં આવ્યું છે અને નિયમભંગ કરનારા સામે કડક કાર્યવાહીની ચીમકી પણ આપવામાં આવી છે.

# મનપાની 'સફાઈ' પોકળ : કચરાના ડુંગર વચ્ચે શહેરીજનો

## દૈનિક ૧૧૦૦ ટન કચરો નીકળતા તંત્રના હાથ હેઠા પડ્યાઃ શેરીઓમાં ગંદકી-રોગચાળાનો ભય

રાજકોટ, તા. ૪

દિવાળીને હવે ગણતરીના દિવસો જ બાકી રહ્યા છે ત્યારે દર વર્ષની પરંપરા મુજબ શહેરીજનો પોતાના રહેણાંક અને ધંધાકીય સંકુલોમાં સાફ-સફાઈના મહાઅભિયાનમાં લાગી ગયા છે, પરંતુ બીજી તરફ મહાનગરપાલિકાના સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગની કચકડા જેવી નીતિ અને આગોતરા આયોજનના અભાવે આખા શહેરની હાલત અત્યંત બિસ્માર બની ગઈ છે. નવરાત્રી પૂર્ણ થતાં જ ઘરે-ઘરે અને બજારોમાં સફાઈ કામગીરી શરુ થતાં કચરાના પ્રમાણમાં ૨૫ ટકા જેટલો જંગી વધારો નોંધાયો છે. સામાન્ય દિવસોમાં શહેરમાંથી દરરોજ સરેરાશ ૮૫૦ ટન કચરો નીકળતો હોય છે, જે આ તહેવારોની સિઝનમાં વધીને રોજના ૧૧૦૦ ટન સુધી પહોંચી ગયો છે. દરરોજ વધારાનો ૨૦૦થી ૨૫૦ ટન કચરો રસ્તાઓ પર આવી રહ્યો છે, પરંતુ મનપાનું તંત્ર આ વધારાના બોજ સામે સાવ લાચાર અને નિષ્ફળ સાબિત થઈ રહ્યું છે.

મનપાના અધિકારીઓ અને શાસકો દરરોજ ૧૧૦૦ ટન કચરાનો નિકાલ કરતા હોવાના આંકડાકીય દાવા ચોપડે બતાવીને પોતાની પીઠ થાબડી રહ્યા છે, પરંતુ જમીની હકીકતમાં શહેરના ત્રણેય ઝોનના ૧૮ વોર્ડમાં પરિસ્થિતિ અત્યંત ગંભીર છે. રહેણાંક વિસ્તારોમાં ડોર-ટુ-ડોર કચરો એકત્ર કરતી ગાડીઓ અનિયમિત બની ગઈ છે. સમયસર ગાડીઓ ન આવતી હોવાના કારણે નાગરિકો ઘરનો સૂકો કચરો, જૂની બિનઉપયોગી ચીજવસ્તુઓ અને પ્લાસ્ટિક સોસાયટીના ખૂણે



અથવા મુખ્ય રસ્તાઓ પર ફેંકવા મજબૂર બન્યા છે. માત્ર રહેણાંક વિસ્તારો જ નહીં, પરંતુ શહેરના મુખ્ય વેપારી મથકો અને ઔદ્યોગિક ઝોનમાં પણ પરિસ્થિતિ વણસી છે. કારખાનાઓ અને દુકાનોમાંથી નીકળતો સ્ટીલ સહિતનો ભંગાર અને ઔદ્યોગિક કચરો દિવસો સુધી રસ્તા કાંઠે પડ્યો રહે છે. ગાર્બેજ સ્ટેશન સુધી કચરો પહોંચાડવા માટે મૂકાયેલા હેવી ટ્રકો અને વાહનોની સંખ્યા પૂરતી ન હોવાથી તહેવારોના ટાણે જ ઠેર-ઠેર કચરાના ડુંગરો ખડકાઈ ગયા છે.

દર વર્ષે દિવાળી ટાણે સાફ-સફાઈને કારણે કચરાનો ઉપાડ વધવાનો જ છે તે સર્વવિદિત હોવા છતાં, મનપાના જવાબદારો દ્વારા આગોતરું આયોજન કેમ કરવામાં ન આવ્યું તે સૌથી મોટો સવાલ છે. વધારાના સ્ટાફની તૈનાતી કે કચરા હેરફેર માટે વધારાના વાહનોની ફાળવણી કરવાના બદલે અધિકારીઓ માત્ર સબ સલામતનો રાગ આલાપી રહ્યા છે. તહેવારોના દિવસોમાં જ્યારે લોકો ઘરોને રોશનીથી શણગારી રહ્યા છે, ત્યારે ઘરની બહાર નીકળતાં જ દુર્ગંધ, ઉડતી ધૂળ અને ગંદકીના સામ્રાજ્યનો સામનો કરવો પડી રહ્યો છે. મનપાના આ બેજવાબદાર વલણને કારણે તહેવારોના ટાણે જ શહેરમાં મચ્છરજન્ય અને રોગચાળો ફાટી નીકળે તેવી ભયાનક સ્થિતિ સર્જાઈ છે. દિવાળી પૂર્વે મનપાનો કચરા હેરફેરનો દાવો માત્ર કાગળ પર વેગવંતો દેખાય છે, જ્યારે વાસ્તવિકતામાં પ્રજાના આરોગ્ય સાથે ખુલ્લેઆમ ચેડા થઈ રહ્યા છે.

# વરખ પરખ

## મીઠાઈમાં ચાંદીને બદલે કેન્સરકારક વરખનો ઉપયોગ



દિપાવલી એટલે આનંદ, ઉલ્લાસ અને ઉત્સવનો પાવન અવસર. આ તહેવારમાં ઘરો-ઘર મીઠાઈઓની આપલે થાય છે અને મોં મીઠું કરાય છે. મહેમાનોના સ્વાગત માટે થાળીઓમાં સજાવેલી ચાંદીના વરખવાળી મીઠાઈઓ જોઈને મન પ્રસન્ન થઈ જાય છે. પરંતુ, આ ચમકતી મીઠાઈઓની પાછળ એક ભયાનક સત્ય છુપાયેલું છે. તહેવારોની મોસમમાં ગ્રાહકોની ભારે માંગને પહોંચી વળવા બજારમાં અસલી ચાંદીના વરખના બદલે ઝેરી અને કેન્સરકારક વરખનો ખુલ્લેઆમ વેપાર થઈ રહ્યો છે, જે સીધી રીતે જનજીવન સાથે ચેડા સમાન છે.

અગાઉ પરંપરાગત રીતે શુદ્ધ ચાંદીના પાતળા વરખ બનાવવામાં આવતા હતા. પરંતુ આજના વ્યાપારી યુગમાં મોંઘી ચાંદીના સ્થાન પર સસ્તા અને નુકસાનકારક એલ્યુમિનિયમ તેમજ નિકલ જેવી ઝેરી ધાતુઓનો બેફામ ઉપયોગ થાય છે. આ નકલી વરખ માત્ર દેખાવ પૂરતા નથી હોતા, પરંતુ તેમાં પારો અને સીસુ જેવા હાનિકારક તત્વો પણ ભળેલા હોય છે. જ્યારે આવા રાસાયણિક અને હેવી મેટલ્સયુક્ત વરખવાળી મીઠાઈઓનું સેવન કરવામાં આવે છે, ત્યારે તે માનવ શરીરના પાચનતંત્ર, કિડની અને મગજને ગંભીર નુકસાન પહોંચાડે છે. વૈજ્ઞાનિક સંશોધનો મુજબ, આ ઝેરી તત્વો લાંબા ગાળે શરીરમાં ભેગા થઈને જીવલેણ કેન્સર જેવી ભયાનક બિમારીઓને આમંત્રણ આપે છે. તહેવારોના દિવસોમાં અજ્ઞાનતાના કારણે લોકો પોતાના જ પરિવાર અને બાળકોને મીઠાઈના રૂપમાં આ ઝેર ખવડાવી રહ્યા છે.

આ ગંભીર સમસ્યા સામે લોકજાગૃતિ ફેલાવવી અત્યંત આવશ્યક છે. નાગરિકોએ ખરીદી કરતી વખતે સાવચેત રહેવું જોઈએ. અતિશય ચમકતી કે શંકાસ્પદ સસ્તી મીઠાઈઓ ખરીદવાનું ટાળવું જોઈએ. આંગળી વચ્ચે ઘસવાથી જો વરખ ઓગળી ન જાય અને કડક રહે, તો તે નકલી હોવાની પ્રતીતિ થાય છે. તહેવારોમાં ગ્રાહકોએ શુદ્ધતાની પરખ કરીને જ ઉત્સવો ઉજવવા જોઈએ. સાથે જ, આ બાબતે સરકારી તંત્ર અને ફૂડ સેફ્ટી ડિપાર્ટમેન્ટે પોતાની જવાબદારીનું કડકપણે ભાન કરવું પડશે. દિવાળી ટાણે મીઠાઈની દુકાનો અને ફેક્ટરીઓ પર માત્ર નામ માત્રની ચકાસણી કરવાના બદલે અગાઉથી જ સઘન દરોડા પાડવા જોઈએ. અસલી અને નકલી વરખનું વેચાણ કરતા જથ્થાબંધ વેપારીઓ સામે સખત દંડાત્મક પગલાં લેવા અનિવાર્ય છે.

નાગરિકોના સ્વાસ્થ્ય સાથે ચેડા કરનારાઓ સામે સરકારે કાયદાની કડક અમલવારી કરીને દાખલારૂપ કાર્યવાહી કરવી જોઈએ. ઉત્સવના આનંદમાં વિષ ભોળવતા તત્વો પર લગામ કસવી સરકાર અને વહીવટી તંત્રની પ્રાથમિક ફરજ છે.


# કાઢેલા મતદારોને ફોર્મ ૬ ભરાવવાનો આગ્રહ શું કામ?

## ચૂંટણી પંચ આ કેમ કરી રહ્યું છે, તેના કાનૂની પરિણામો શું છે અને ફોર્મ-૮ શા માટે માંગવામાં આવી રહ્યું છે?

નવીદિલ્હી, તા. ૪

દિલ્હીમાં મતદાર યાદીના ખાસ સઘન સુધારા અંગે ચૂંટણી પંચ અને અરજદારો વચ્ચે એક નવો વિવાદ ઉભો થયો છે. આ મુદ્દો SIR દરમિયાન ડ્રાફ્ટ મતદાર યાદીમાંથી બાકાત રાખવામાં આવેલા લોકોના નામ ફરીથી સમાવવાનો છે. ચૂંટણી પંચ આવા વ્યક્તિઓને તેમના નામ ઉમેરવા માટે ફોર્મ ૬ ભરવાનું કહી રહ્યું છે. પંચે એ પણ સ્પષ્ટતા કરી છે કે ભૂતપૂર્વ મતદાર સામે ફક્ત એટલા માટે કોઈ કાર્યવાહી કરવામાં આવશે નહીં કારણ કે તેમણે ફોર્મ ૬ ભર્યું હતું. જોકે, અરજદારો કમિશનના અભિગમ સાથે અસંમત છે. તેઓ પ્રશ્ન કરે છે કે જે લોકો અગાઉ મતદાર હતા અને જેમના નામ જ્જ્છ દરમિયાન કાઢી નાખવામાં આવ્યા હતા, તેમણે નવા મતદારો તરીકે ફોર્મ ૬ કેમ ભરવું જોઈએ. તેમનો દલીલ છે કે આવી વ્યક્તિઓ પાસે ફોર્મ ૮ અથવા ગણતરી ફોર્મ સબમિટ કરવાનો વિકલ્પ હોવો જોઈએ. ૪ નવેમ્બરના રોજ સુપ્રીમ કોર્ટની સુનાવણી દરમિયાન, આ મુદ્દા પર ચૂંટણી પંચના સ્પષ્ટીકરણ સામે વાંધો ઉઠાવવામાં આવ્યો હતો. આ મામલે આગામી સુનાવણી ૧૯ નવેમ્બરના રોજ થવાની છે. આ પ્રશ્ન ઉભો થાય છેઃ ચૂંટણી પંચ જે મતદારોએ પહેલાથી જ મતદાન કર્યું છે તેમને ફોર્મ-૬ ભરવાની ફરજ પાડવાનો આગ્રહ કેમ રાખી રહ્યું છે?

ચૂંટણી પંચ જણાવે છે કે SIR દરમિયાન જેમના નામ ડ્રાફ્ટ મતદાર યાદીમાં સામેલ નથી તેમણે અંતિમ મતદાર યાદીમાં સમાવેશ કરવા માટે નવેસરથી અરજી કરવી પડશે. આ હેતુ માટે ફોર્મ-૬નો ઉપયોગ કરી શકાય છે. કમિશનના જણાવ્યા અનુસાર, તે વ્યક્તિ પહેલા મતદાર હતો કે નહીં તેનાથી કોઈ ફરક પડતો નથી. જો તેમનું નામ વર્તમાન ડ્રાફ્ટ યાદીમાં સામેલ નથી, તો તેમણે ફરીથી પોતાનું નામ ઉમેરવાની પ્રક્રિયા પૂર્ણ કરવી પડશે. ૩ નવેમ્બરના રોજ, કમિશને તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના મુખ્ય ચૂંટણી અધિકારીઓને મોકલેલા પત્રમાં આ સ્પષ્ટતા કરી હતી. કમિશને જણાવ્યું હતું કે અગાઉ લાયક મતદાર દ્વારા ફોર્મ-૬ ભરવાને ફક્ત એટલા માટે ખોટી ઘોષણા ગણવામાં આવશે નહીં કે તેઓ અગાઉ મતદાર યાદીમાં સામેલ હતા. કમિશને એમ પણ જણાવ્યું હતું કે આવા વ્યક્તિ સામે લોક પ્રતિનિધિત્વ અધિનિયમ, ૧૯૫૦ ની કલમ ૩૧ હેઠળ કાર્યવાહી કરવામાં આવશે નહીં, ફક્ત આ કારણોસર.




ફોર્મ ૬ અને ફોર્મ ૮ બંનેનો ઉપયોગ મતદાર યાદી સંબંધિત હેતુઓ માટે થાય છે, પરંતુ તેમના હેતુઓ અલગ છે. ફોર્મ ૬ નો ઉપયોગ મતદાર યાદીમાં પ્રથમ વખત સમાવેશ માટે થાય છે. તેમાં અરજદારોને જરૂરી ઘોષણા કરવાની જરૂર છે. આ વિવાદ એ હકીકતથી ઉદ્ભવ્યો છે કે જેઓ પહેલાથી જ મતદારો છે તેમને પણ ફોર્મ ૬ ભરવાનું કહેવામાં આવી રહ્યું છે. કાનૂની મુદ્દો લોક પ્રતિનિધિત્વ અધિનિયમ, ૧૯૫૦ ની કલમ ૩૧ થી ઉદ્ભવે છે. આ કલમ મતદાર નોંધણી અરજી અથવા ઘોષણામાં જાણી જોઈને ખોટી માહિતી પૂરી પાડવા સામે કાર્યવાહીની જોગવાઈ કરે છે. આના પરિણામે એક વર્ષ સુધીની જેલ, દંડ અથવા બંને થઈ શકે છે. અરજદારોને ચિંતા છે કે જો કોઈ વ્યક્તિ જે પહેલા મતદાર રહી ચૂકી છે તે હવે ફોર્મ ૬ માં પહેલીવાર ઘોષણાપત્ર રજૂ કરે છે, તો તેમની જૂની મતદાર ઓળખ અને નવી ઘોષણાપત્ર વચ્ચે કાનૂની સંઘર્ષ ઊભો થઈ શકે છે. તેમને ડર છે કે આને ખોટી ઘોષણાપત્ર ગણી શકાય.

# દીપકેએ અમેરિકાથી-રાંકાએ પાકિસ્તાનથી મેળવ્યું ફંડ

## પુરાવા ઉપલબ્ધ હોવાના કેન્દ્રીય મંત્રીના દાવાથી હોબાળો :ભારત-વિરોધી એનજીઓ અને સંગઠનો સામેલ?

નવી દિલ્હી, તા.૪

કેન્દ્રીય મંત્રી જિતેન્દ્ર સિંહે કોકરોચ જનતા પાર્ટી ના સંસ્થાપક અભિજિત દીપકે અને સહ-સંસ્થાપક આશુતોષ રાંકા પર ગંભીર આરોપો લગાવ્યા છે. તેમણે દાવો કર્યો કે, અભિજિત દીપકેને અમેરિકાથી ફંડિંગ મળ્યું છે, જ્યારે આશુતોષ રાંકાને પાકિસ્તાન તરફથી નાણાં મળી રહ્યા છે. મંત્રીના જણાવ્યા મુજબ, પાકિસ્તાની નેતાઓ, ભારત-વિરોધી સંગઠનો અને વિદેશી ભંડોળ મેળવતા જૂથો મતદાર યાદીની વિશેષ સઘન સમીક્ષા વિરુદ્ધ ચાલી રહેલા અભિયાનને ફંડ પૂરું પાડી રહ્યા છે. તેમણે આ કાર્યકરો પર દેશમાં જૂઠો માહોલ ઊભો કરવાનો આક્ષેપ કર્યો છે.



વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગના પ્રભારી મંત્રી જિતેન્દ્ર સિંહે એક પત્રકાર પરિષદમાં જણાવ્યું કે, વિદેશી ફંડિંગ મેળવતા એનજીઓ, ભારત-વિરોધી તાકાતો અને ડીપ-સ્ટેટના એજન્ટો આ અભિયાન પાછળ સક્રિય છે. દેશમાં વિદેશી નાણાંના ગેરકાયદે પ્રવાહને રોકવા માટે તેમણે વિદેશી અંશદાન નિયમન અધિનિયમનો પણ ઉલ્લેખ કર્યો હતો. 'ડીપ-સ્ટેટ' એવા અદ્રશ્ય નેટવર્ક તરફ ઈશારો કરે છે જે સત્તા અને નીતિ-નિર્માણને નિયંત્રિત કરી ચૂંટાયેલા નેતાઓ અને પ્રજાના હિતોને નુકસાન પહોંચાડે છે.

ગેરકાયદે ભંડોળ અંગે વાત કરતાં મંત્રીએ જણાવ્યું કે, 'આ વાતના પૂરતા પુરાવા છે કે તેમને અનધિકૃત સ્ત્રોતોમાંથી નાણાં મળી રહ્યા છે, જેમાં દેશની અંદર અને બહાર કામ કરતા ભારત-વિરોધી એનજીઓ અને સંગઠનો સામેલ છે. જે લોકોએ પોતાની જાતને નેતા ઘોષિત કરી દીધા છે, તેમને વિદેશી સ્ત્રોતોમાંથી ધન મળી રહ્યું છે. દીપકેને અમેરિકા સ્થિત દાતાઓ પાસેથી ફંડ મળી રહ્યું છે. આશુતોષ રાંકાને પાકિસ્તાની રાજનેતાઓ પાસેથી પૈસા મળ્યા છે અને પોતાના હેન્ડલર મારફતે પણ રકમ મળી રહી છે. SIR વિરોધી આંદોલનમાં સામેલ એક મહિલાને ઓપરેશન સિંદૂર દરમિયાન પણ નાણાં મળ્યા હતા.'

જિતેન્દ્ર સિંહે સ્પષ્ટ કર્યું કે, ગુમ માહિતી અને ઉપલબ્ધ આંકડા પરથી ૩ બાબતો સ્પષ્ટ થાય છે પ્રથમ એ કે SIR વિરુદ્ધ લાગેલા આરોપોમાં કોઈ તથ્ય કે પુરાવા નથી બીજું કે આરોપ લગાવનારાઓની પોતાની કોઈ વિશ્વસનીયતા નથી અને તેમની આવકના સ્ત્રોત તથા નાણાં એકઠા કરવાની રીતની તપાસ થવી જોઈએ ત્રીજું એ કે આ લોકો પોતાની પકડ ગુમાવી રહ્યા હોવાથી ખોટો વિમર્શ ઊભો કરી રહ્યા છે. તેમણે વિપક્ષ પર પણ નિશાન સાધતા કહ્યું કે, તેઓ શિક્ષણ અને પરીક્ષાઓની ગેરરીતિ જેવા મુદ્દાઓ માત્ર પોતાની રાજકીય સુવિધા મુજબ જ ઉઠાવે છે.

# અગ્નિવીરોને મોદી સરકારની ભેટ

## ૨ વર્ષનું એક્સટેન્શન : ચાર વર્ષ પછી નિયમિત સેનામાં પસંદગી ન પામેલા ૭૫% અગ્નિવીર છ વર્ષ સુધી સેવા આપી શકશે

નવીદિલ્હી, તા. ૪

કેન્દ્રની નરેન્દ્ર મોદી સરકારે અગ્નિવીરોને લઈને એક મોટો નિર્ણય લીધો છે. કેબિનેટે અગ્નિવીરોને વધારાના બે વર્ષ સેવા આપવાનો માર્ગ મોકળો કર્યો છે. હવે, ૭૫ ટકા અગ્નિવીરો જે તેમની શરૂઆતની ચાર વર્ષની સેવા પૂર્ણ કર્યા પછી નિયમિત સેનામાં જોડાઈ શકતા નથી તેમને વધુ બે વર્ષ સેવા આપવાની તક મળશે, જેનાથી તેમનો કુલ સેવા સમયગાળો છ વર્ષ થશે. ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ (ઈઉજ) જનરલ એનએસ રાજા સુબ્રમણીએ દિલ્હીમાં આ નિર્ણયની જાહેરાત કરી. તેમણે આ દિવસને ભારતીય સશસ્ત્ર દળો અને અગ્નિવીરો માટે મહત્વપૂર્ણ દિવસ ગણાવ્યો. સીડીએસ જનરલ એનએસ રાજા સુબ્રમણીના જણાવ્યા અનુસાર, વધારાના બે વર્ષ પૂર્ણ કર્યા પછી સશસ્ત્ર દળોમાં જોડાવા માંગતા અગ્નિવીરોને નિયમિત સેનામાં જોડાવાની તક મળશે, પરંતુ તેમણે ઉદ્દેશ્ય પસંદગીના માપદંડોને પૂર્ણ કરવા પડશે.

સીડીએસ જનરલ એનએસ રાજા સુબ્રમણીએ જણાવ્યું હતું કે અગ્નિપથ યોજના ૧૪ જૂન, ૨૦૨૨ ના રોજ શરૂ કરવામાં આવી હતી. તે સમયે, સ્પષ્ટતા કરવામાં આવી હતી કે અગ્નિવીરોના પ્રદર્શનનું સતત મૂલ્યાંકન કરવામાં આવશે અને સમયાંતરે યોજનાની સમીક્ષા કરવામાં આવશે. હવે,



અગ્નિવીરોનો પહેલો બેચ તેમનો ચાર વર્ષનો કાર્યકાળ પૂર્ણ કરવા જઈ રહ્યો છે. આ ચાર વર્ષ દરમિયાન હાથ ધરાયેલા પ્રદર્શન મૂલ્યાંકનના આધારે, અગ્નિવીરોના કાર્ય પર સેનાને સકારાત્મક પ્રતિસાદ મળ્યો છે. આ પ્રતિસાદના આધારે, મંત્રીમંડળે એક નવી સિસ્ટમ સ્થાપિત કરી છે. હાલની અગ્નિપથ યોજના હેઠળ, ચાર વર્ષની સેવા પછી, ૨૫ ટકા અગ્નિવીરોને યોગ્યતાના આધારે નિયમિત સેનામાં સામેલ કરવાના હતા. બાકીના ૭૫ ટકાને શિસ્તબદ્ધ અને પ્રેરિત યુવાનો તરીકે સમાજમાં પાછા ફરવાના હતા. જોકે, મંત્રીમંડળના નવા નિર્ણયને પગલે, બાકીના ૭૫ ટકાને વધારાની બે વર્ષની સેવા આપવામાં આવશે. આનો અર્થ એ થયો કે તેમને ચાર વર્ષ પછી તરત જ નિવૃત્તિ લેવાની જરૂર રહેશે નહીં. તેઓ વધુ બે વર્ષ માટે સશસ્ત્ર દળોમાં સેવા આપી શકશે.

આ નિર્ણયનું સૌથી મહત્વનું પાસું એ છે કે વધારાના બે વર્ષ પૂર્ણ કર્યા પછી, અગ્નિવીરો માટે નિયમિત સેનામાં જોડાવાનો માર્ગ પણ ખુલ્લો રહેશે. સીડીએસ જનરલ એનએસ રાજા સુબ્રમણ્યના જણાવ્યા અનુસાર, સશસ્ત્ર દળોમાં રહેવા માંગતા અગ્નિવીરોને ઉદ્દેશ્ય પસંદગી પ્રક્રિયાના આધારે નિયમિત સેનામાં સામેલ કરવામાં આવશે. આનો અર્થ એ થયો કે નિયમિત કેડરમાં જોડાનારા અગ્નિવીરોના ૨૫ ટકાની હાલની સિસ્ટમ ઉપરાંત, બે વર્ષ વધારાના સેવા આપનારા અગ્નિવીરોને હવે વધુ પસંદગીની તક પણ મળશે. જોકે, અંતિમ પસંદગી નિર્ધારિત માપદંડો પર આધારિત હશે. સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે ડ પર લખ્યું હતું કે વડા પ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં કેન્દ્રીય મંત્રીમંડળે અગ્નિપથ યોજના હેઠળ અગ્નિવીરો માટે બે વર્ષના બીજા ડ્યુટી ટૂરને મંજૂરી આપી છે. તેમણે કહ્યું કે આ નિર્ણય અગ્નિવીરોને પણ તક આપશે જેઓ ચાર કે છ વર્ષની સેવા પૂર્ણ કર્યા પછી નિયમિત સેનામાં જોડાવા માંગે છે, જો તેઓ પસંદગીના માપદંડોને પૂર્ણ કરે.

# શબ્દ બ્રહ્મ

સદગુરૂ કૃપા હી કેવલમ્...

## પ્રાસંગિક

### આજે રમા એકાદશી અને વાક બારસ! એટલે કે રાજ રાજ્યનાં દિવ્ય અજવાળાનાં પર્વનો પ્રારંભ



શેરી મહોલ્લા અને પ્રાંત પ્રાંતમાં સાક્ષાત રામ લક્ષ્મણ જાનકી લંકાથી પાછાં ફર્યા હોય, અને હવે તો રામરાજ્યની સ્થાપના થશે જ! એમ ઢોલ નગારા વગાડતી, આંગણિયે આસોપાલવનાં તોરણ બંધાવતી, ફટાકડાના ગડગડાટ કરતી, અને આનંદની છોળો ઉડાડતી દિવાળી આવી ગઈ છે. સમગ્ર વિશ્વને અજવાળાનાં તહેવારોની ખૂબ ખૂબ વધાઈ, અને ઈશ્વર કરે આ દીવાળી એ આપણી અંતરતમ ઈચ્છા પ્રબળ બને અને ચરણ રામરાજ્ય તરફ ગતિ કરે. આજે આસો વદ અગિયારસ એટલે કે રમા એકાદશી અને વાક બારસ એમ બે તિથિ એક સાથે છે, એટલે કે દિવાળીનાં તહેવારોનો પ્રારંભ થયો. બધાનાં આંગણામાં લક્ષ્મીનાં સ્વાગત માટે કોડિયા મૂકાઈ ગયા છે. વહેલી સવારે દરેક ઘરની ગૃહ લક્ષ્મી વહેલા જાગી આંગણું સાફ કરી, સ્નાન કરીને દીવા મૂકે તો એનાં ઘરમાં સદૈવ લક્ષ્મીનો વાસ રહે છે. એટલે કે ધનદોલત તો ખરી જ, પરંતુ કમાણી રૂપે જે ધન ઘરમાં આવે એનાથી શાંતિ બની રહે, અને બરકત થાય છે. અમે નાનાં હતાં ત્યારે સવારનાં દિવાળીનાં દિવસોમાં દીવા મુકવાની, આંગણામાં રંગોળી કરવાની, આંગણું સાફ રાખવાની, આ બધી જ ક્રિયાઓ પાછળનું કારણ જણાવતાં મમ્મી કહેતી કે, બ્રહ્મમૂહુર્તમાં ઈશ્વર પાર્વતી દિવાળીનાં દિવસોમાં ફરવા નીકળે, અને જેનું ઘર સાફ સુથરું, અને દીવા મુક્યા હોય, આંગણામાં રંગોળી હોય, એને ઘેર ઈશ્વર કાયમ વસે છે. એટલે આપણે આવું બધું કરવાનું હોય,અને એ વાત ગાંઠ બાંધીને યાદ રાખી છે, તે આજ સુધી એ પરંપરા ચાલે છે. સાસરીનાં ઘરમાં પણ વડીલોની ધર્મ કર્મની ઉદાર મનોભાવનાએ જીવતરની રંગોળીમાં પરોપકારનો એક વૈવિધ્ય પૂર્ણ રંગ જાળવી શકાયો છે. તો રમા એટલે સ્ત્રી અને એને લઈને પુરાણમાં ભગવાન શ્રી કૃષ્ણ અને યુધિષ્ઠિર વચ્ચેના સંવાદ રૂપે એક દંતકથા પ્રચલિત છે, તો આજે આપણે ચિંતનમાં એકાદશી અને વાક બારસના મહાત્મ્ય વિશે વાત કરીશું.

રમા એકાદશી

એકવાર ભગવાન શ્રીકૃષ્ણને યુધિષ્ઠિર બંને વચ્ચે સ્ત્રી વિશે ચર્ચા ચાલી કે સ્ત્રી કોને કહીશું, અને યુધિષ્ઠિરે સ્ત્રીની જે ઉત્કૃષ્ટ વ્યાખ્યા આપી છે, એ યુધિષ્ઠિરના શબ્દોમાં કહીએ તો આ મુજબ છે.

**યત્ર નાર્યસ્તુ પૂજ્યન્તે, રમન્તે તત્ર દેવતા:** જેની એક આંખમાં વિશ્વને ભસ્મીભૂત કરવાની શક્તિ અને બીજી આંખમાં વિશ્વનું સર્જન કરવાની શક્તિ છે, તેનું નામ સ્ત્રી. સ્ત્રીની સર્વોત્તમ પરિભાષા છેઃ સ્નેહ, સમર્પણ અને સહનશીલતા. સ્ત્રી એટલે ત્યાગ અને તપશ્ચર્યાની સાક્ષાત મૂર્તિ, સ્ત્રી થકી જ પુરુષની અવનતિ કે ઉન્નતિ સર્જાય છે. સ્ત્રીની સાચી શોભા અલંકારમાં નહિ, સદગુણોમાં છે. સ્ત્રીની અંતરંગ ધારાનો સહજ સ્વર છે સમર્પણ, પ્રતીક્ષા અને પ્રીતિના સંગમથી સ્ત્રી તીર્થ બને છે. સ્ત્રીની વ્યવસ્થા શક્તિ, દીર્ઘદ્રષ્ટિ, ઉત્સાહ, આવડત અને કરકસર પર આદર્શ ગૃહનું નિર્માણ થાય છે, માટે કહ્યું છે કે, સ્ત્રી વગર ગૃહાસ્થાશ્રમ ખરેખર અધૂરો જ રહે છે, સ્ત્રી સંસારની શોભા છે. જોકે આ બધું હવે સમયની માંગ છે, એમ કહી ઘટતું જાય છે, અને એનું કારણ ઘરની મુખ્ય સ્ત્રી એટલે માતા છે, એણે જે રીતે વેલને સીંચી હોય એ રીતે સંસ્કાર આગળ વધે.

પૂર્વે મુચકુંદ નામનો એક રાજા રાજ્ય કરતો હતો. તે ઇન્દ્રનો પરમ મિત્ર હતો. આ વિષ્ણુ ભક્ત કુબેર, યમ, વિભીષણ વગેરેનો પણ મિત્ર હતો. તેની પુત્રી ચંદ્રભાગા રાહકુમાર શોભનને પરણી હતી. એક વખત શોભન શ્વસુરગૃહે આવ્યો. રાજાએ સૌને ઢોલ પીટાવીને આસો વદ દસમના દિવસે આદેશ આપ્યો હતો કે એકાદશીનું વ્રત ફરજિયાત કરવાનું છે, શોભને પણ ઉપવાસ કર્યો પરંતુ ભૂખ-તરસને લીધે તેનું મૃત્યુ થયું. આથી ચંદ્રભાગા સતી થવા તૈયાર થઇ, પરંતુ પિતાએ તેમ કરવા ના કહી. આ વ્રતના પ્રભાવથી શોભન મંદરાચળ પર્વત પર દેવનગરીમાં રહેવા લાગ્યો. તેનો વૈભવ ઇન્દ્રના જેવો જ હતો. દેવાંગનાઓ તેની સેવામાં તત્પર રહેતી. મુનિવર્યની સલાહથી ચંદ્રભાગાએ આ એકાદશીનું વ્રત પ્રેમપૂર્વક કર્યું હતું, અને વ્રતના પ્રભાવથી તેને દૈવી સુખ પ્રાપ્ત થયું હતું, અને દિવ્ય દેહે શોભનનું સાન્નિધ્ય પ્રાપ્ત થયું હતું. કહેવાનું તાત્પર્ય એ છે કે, રમા એકાદશીની કથાનું શ્રવણ પઠન કરે છે તે સર્વ પાપોથી મુક્ત થઇ વૈકુંઠને પામે છે. આ ઉત્તમ વ્રતની ફલશ્રુતિ ઘણી મોટી છે. જેવી ભાવના એવી સિદ્ધિ રમા એટલે સ્ત્રી, એટલે કે પોતાની પત્નીનાં કહેવાથી મુચકુંદ રાજાએ આસો વદ એકાદશી કરી હતી, અને આ રાજારાણી બંને આ લોકમાં સર્વ પ્રકારનાં સુખ ભોગવી વિષ્ણુલોકમાં રમમાણ કરવા ગયાં હતાં, એટલે આ એકાદશીનું નામ રમા એકાદશી પડ્યું. આ કથા મહાપાપનાશક કહેવાય છે, કામધેનુ તુલ્ય આ રમા એકાદશીનો મહિમા પાવનકારી છે, હિતકારી અને પ્રીતકારી છે. વ્રત અતિ સરળ છે, વિધિમાં માત્ર ઉપવાસને પ્રાધાન્ય આપવામાં આવ્યું છે. આ વ્રત આબાલવૃદ્ધ સર્વ કરી શકે છે. એકાદશી વ્રત એ મોક્ષમાર્ગનું સોપાન છે.

વાક બારસ

વાક એટલે વાણી અને વાક એટલે વેદ, એ રીતે વાણીની દેવી મા સરસ્વતીની આરાધનાનો આ દિવસ છે.વાક બારસે વિદ્યાની દેવી સરસ્વતી પાસે શુદ્ધ જ્ઞાનની માંગ કરવામાં આવે છે! કે તન, મનની પેલે પાર આત્મા છે, જે શુદ્ધ, અનંત અને અવિનાશી છે. આમ હિન્દુ સંસ્કૃતિમાં નાની વાતમા ફિલોસોફી વણાયેલી હોય છે, અને ત્યાં દરેક વાર તિથિને કોઈને કોઈ રીતે મહત્તા આપી એનું મહાત્મ્ય વધાર્યું છે. જ્ઞાનની ઉપલબ્ધિ બતાવતો આ તહેવાર સમજવા જેવો છે,અને ખરેખર એનું પણ મહાત્મ્ય છે

આમ તો સીધી રીતે અગિયારસથી દિવાળીનો તહેવાર શરૂ થાય પણ ગામડાઓમાં ખેતી મજુરી કરનારાને રજાઓ પડે પછી જ ઘરના કામ પણ કરવાનાં હોવાથી ધન તેરસ પહેલાં પોતાના ઘરમાં ગાર લીંપણનું કામ કરે છે એટલે જે જૂના પોપડા હોય તેને કાઢી નવું લીંપણ થાય છે એટલે ગામમાં હજી કોઈ કોઈ તેને પોડા બારસ તરીકે પણ ઓળખવામાં આવે છે.

પણ મૂળમાં તો ધન તેરસે લક્ષ્મીજીને આહવાન કરતાં પહેલાં જ્ઞાનની દેવી મા સરસ્વતી પાસે તન મન શુદ્ધ કરવા માટે આ તહેવાર છે, અને આવેલ ધન એશ્વર્યથી છકી જાય નહીં, તથા નીતિનું વહન થતું રહે. આ ઉપરાંત સમુદ્ર મંથન માંથી ગાય નીકળી એ દિવસ આસો વદ બારસનો હતો, ગાયને હિન્દુ સંસ્કૃતિમાં માતાનો દરજ્જો આપવામાં આવ્યો છે, ગાયમાં તેત્રીસ કોટી દેવતા ઓનો વાસ છે, એટલે આ દિવસ ગૌવત્સ દ્વાદશી તરીકે પણ ઓળખાય છે. ગુરુ વગર જ્ઞાન કોણ આપે! એટલે કેટલાક તેને ગુરુ દ્વાદશી તરીકે ઓળખે છે.

આ ઉપરાંત ઘણા માને છે કે બારસને 'વાઘ બારસ' તરીકે ઓળખવામાં આવી છે. વાઘ સામર્થ્યનું પ્રતીક છે. મનુષ્યે નૂતન કર્મનાં પ્રારંભ માટે સમર્થ થવાનું છે, પરાક્રમી થવાનું છે, જોખમ ખેડવાનું છે, સ્થૂળ પ્રાપ્તિ માટે પણ આ ગુણો જરૂરી છે. પરંતુ આંતરસમૃદ્ધિ વધારવા માટે તો ઘણા વધારે સમર્થ, પરાક્રમી થવું જરૂરી છે. એ આસાન માર્ગ નથી. એટલે જોખમ ખેડવાનું છે. એવા સામર્થ્યની ઉપાસના કરવાનું પર્વ એટલે વાઘબારસ.

દિવાળીનાં તહેવારોની સૌને ખૂબ ખૂબ શુભેચ્છા, અને સમાજનાં એકોએક વર્ગના ઘરમાં આ દિવાળીએ આનંદનો પ્રકાશ પથરાય, અને એમના આંગણાં પણ હર્ષોલ્લાસની રંગોળીથી સજે. જય શ્રીરામ.

**લી ફાલ્ગુની વસાવડા (ભાવનગર)**

### જિંદગી હોય ત્યાં સુખ આવે અને દુઃખ પણ આવે, દુઃખ વખતે હારીને જીવ ન અપાય

# આર્થિક ભીંસથી યુવાનનો કેનાલમાં મોતનો કૂદકો

**અમદાવાદથી હળવદ આવી જીવ દીધોઃ બીજી ઘટનામાં આટકોટમાં પત્નિના કોર્ટ કેસથી કંટાળી યુવાને જાહેરમાં ઝેર પી દુનિયા છોડી**

**ત્રીજી ઘટનામાં કલર કામ વખતે છજા પરથી પડી જતાં કારીગર પ્રૌઢનો જીવ ગયોઃ ચોથા બનાવમાં દિલની દગાખોરી પ્રૌઢના મોતનું કારણ બની**

રાજકોટ, તા. ૪

અલગ અલગ કારણોસર લોકો મહામુલી જિંદગીથી છેડો ફાડી લેતાં હોય છે. બે આવી ઘટના બની હતી. જેમાં એક યુવાન આર્થિક સંકડામણ સામે હારી જતાં ઘરેથી નીકળી જઇ કેનાલમાં કુદી જીવ દીધો હતો. બીજા બનાવમાં એક યુવાને તેની પત્નિએ રિસામણે જઇ કોર્ટ કેસ કર્યો હોઇ સમાધાન ન થતાં કંટાળીને ઝેર પી દુનિયા છોડી દીધી હતી. એક કલર કામના કારીગરનું કામ કરતી વખતે છજા પરથી પડી જતાં મોત થયું હતું. ચોથી ઘટનામાં એક પ્રૌઢને તેમનું દિલ દગો દઇ જતાં જિંદગીની સફર ખતમ થઇ ગઇ હતી.


પ્રથમ ઘટના જોઇએ તો અમદાવાદ રહેતો દાઉદી વ્હોરા યુવાન હળવદના સુખપર નજીક પાણીની કેનાલમાં કુદી મોત મેળવી લેતાં અરેરાટી વ્યાપી ગઇ હતી. આર્થિક ખેંચ તેના આ પગલા પાછળ કારણભુત હોવાની વિગતો ખુલી હતી. અમદાવાદ વટવામાં રહેતો ચોવીસ વર્ષનો મહમદ મુફ્દલભાઇ રાજકોટવાલા નામનો યુવાન પરમદિવસે ઘરે કોઇને જાણ કર્યા વગર તેનું બાઇક લઇને નીકળી ગયો હતો. તેનો ફોન પણ બંધ આવતો હોઇ વ્યાકુળ થયેલા પરિવારજનોએ શોધખોળ ચાલુ કરી હતી.

આ દરમિયાન ગઇકાલે હળવદ પોલીસ મારફત વટવા ખાતે પરિવારજનોને જાણ થઇ હતી કે મહમદ મુફ્દલભાઇની લાશ હળવદ નજીક સુખપરની પાણીની કેનાલમાંથી મળી છે અને પોસ્ટમોર્ટમ માટે મૃતદેહ રાજકોટ ખસેડાયો હતો. આ માહિતી મળતાં જ પરિવારજનો રાજકોટ પહોંચ્યા હતાં. કેનાલમાં એક યુવાનની લાશ પડી હોવાની જાણ થતાં ૧૧૨ પહોંચી હતી. બાદમાં હળવદ પોલીસે જરૂરી કાર્યવાહી કરી હતી. મૃતનું બાઇક અને મોબાઇલ ફોન પણ મળ્યા હોઇ ફોન ચાલુ કરી અલગ અલગ નંબર પર કોન્ટેકટ કરતાં સગાનો સંપર્ક થયો હતો.

આ યુવાને આર્થિક ભીંસને લીધે આપઘાત કર્યાનું ખુલ્યું હતું. તે માતા-પિતાનો એકનો એક આધારસ્તંભ અને એક બહેનથી નાનો તથા અપરિણીત હતો. તે ફેબ્રીકેશનનું કામ કરી પરિવારનું ગુજરાન ચલાવતો હતો. હાલમાં પૈસાની ખેંચ હોઇ કંટાળીને નીકળી ગયા બાદ આપઘાત કરી લીધો હતો.

બીજી એક ઘટનામાં જસદણના ગોડલાધાર ગામે રહેતાં ૩૨ વર્ષના યુવાનની આટકોટના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર પાસે લાશ મળી આવતાં અરેરાટી વ્યાપી ગઇ છે. રિસામણે ગયેલી પત્નિએ કેસ કર્યો હોઇ પરમદિવસે આટકોટ કોર્ટમાં







તે તારીખે હાજર થવા ગયો હતો. આ પછી તેની લાશ મળી હતી. તેણે ઝેર પી આપઘાત કરી લીધાની શંકા પરિવારે દર્શાવી હતી. ગોડલાધાર ગામે રહેતો બત્રીસ વર્ષનો અશ્વીનભાઇ લાભુભાઇ માનકોલીયા નામનો યુવાન પરમ દિવસે આટકોટ કોર્ટમાં તેને તારીખ હોઇ ત્યાં હાજરી આપવા ઘરેથી નીકળ્યા બાદ પરત આવ્યો નહોતો.

આ દરમિયાન ગઇકાલે તેની લાશ આટકોટના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર પાસેથી મળી આવતાં પોલીસે તેના પરિવારજનોને જાણ કરી હતી. પરિવારજનોએ મૃત્યુ અંગે શંકા દર્શાવતા મૃતદેહ રાજકોટ ફોરેન્સિક પોસ્ટમોર્ટમ માટે ખસેડાયો છે. પ્રાથમિક તબક્કે તેણે ઝરે પી આપઘાત કર્યાનું તારણ નીકળ્યું હતું. મૃત્યુ પામનાર અશ્વીનભાઇ ત્રણ ભાઇમાં નાનો હતો અને જસદણમાં હીરા ઘસવાની મજૂરી કરતો હતો. તેના સગાના કહેવા મુજબ અશ્વીનભાઇના પત્નિ હેતલબેન એકાદ મહિના પહેલા આટકોટ ખાતે રીસામણે જતાં રહ્યા છે.

તેણીએ કોર્ટમાં કેસ કર્યો હોઇ તેની પરમ દિવસે તારીખ હતી. અશ્વીનભાઇ કોર્ટ ખાતે ગયો હતો પણ તેના પત્નિ હાજર થયા નહોતા. આ પછી અમને ખબર પડી હતી કે તે તેના સાસરીયામાં પણ વાતચીત કરવા ગયો હતો. ત્યારબાદ બીજા દિવસે તેની લાશ આટકોટના દવાખાના પાસેથી મળ્યાની પોલીસે અમને જાણ કરી હતી. પત્નિ સાથે સમાધાન ન થતાં કંટાળીને તેણે આપઘાત કર્યો કે અન્ય કંઇ બન્યું? તેની તપાસ પોલીસ કરી રહી છે. યુવાન દિકરાના મોતથી પરિવારમાં કલ્પાંત સર્જાયો હતો.

ત્રીજી ઘટના જોઇએ તો જામનગર રોડ પર બજરંગવાડીમાં રહેતાં રાજેશભાઇ ઉર્ફે રાજુ ભાઇ શશીકાંતભાઇ રાવલ નામના પચાસ વર્ષના પ્રૌઢે બપોરે કુવાડવા નજીકના રાણપુર ગામે સંજયભાઇના ગોડાઉન ખાતે કલર કામ ચાલતુ હોઇ ત્યાં બીજા કારીગરો સાથે કામ કરવા ગયા હતાં. ગોડાઉનની બહારની સાઇડની દિવાલ પર કલર કરતી વખતે રાજશેભાઇ છજા પર ઉભા હોઇ અચાનક બેલેન્સ ગુમાવતાં નીચે પટકાતાં ગંભીર ઇજાઓ પહોંચી હતી. બનાવને પગલે કારીગરો ભેગા થઇ ગયા હતાં અને રાજેશભાઇને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડ્યા હતાં. પરંતુ ટુંકી સારવાર બાદ દમ તોડી દીધો હતો. રાજેશભાઇ પરિવારનો આધારસ્તંભ હતાં. બનાવથી પરિવારમાં ગમગીની વ્યાપી ગઇ છે. કુવાડવા પોલીસને હોસ્પિટલ ચોકી મારફત જાણ થતાં જરૂરી કાર્યવાહી કરી હતી.

ચોથા બનાવમાં દિલની દગાખોરી જીવલેણ નીવડી હતી. મોટી ટાંકી પાસે ગવલીવાડ શેરી નં. ૧૧માં રહેતાં અઠાવન વર્ષના સલિમભાઇ દાદુભાઇ દલવાણીએ રાતે પોતાની તબીયત બગડી હોવાનું કહ્યા બાદ આંચકી ઉપડતાં અને બાદમાં તેમણે પરિવારજનોને હવે મારું પુરૂ થઇ ગયું...તેમ કહેતાં પરિવારજનોએ તુરત જ સારવાર માટે ખસેડવા ૧૦૮ બોલાવી હતી.

પરંતુ એ પહેલા તેઓ બેભાન થઇ ગયા હતાં. તેમને સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ વહેલી સવારે દમ તોડી દીધો હતો. બનાવની જાણ હોસ્પિટલ ચોકીના સ્ટાફે પ્ર.નગર પોલીસને કરી હતી. સગાના કહેવા મુજબ સલિમભાઇ બે ભાઇમાં નાના હતાં. સંતાનમાં એક દિકરો અને એક દિકરી છે. તે દરેક પ્રકારની છુટક મજૂરી કરી ગુજરાન ચલાવતાં હતાં. હૃદય રોગનો હુમલો આવી ગયાની શક્યતા સગાએ જણાવી હતી. પોલીસે મોતનું ચોકકસ કારણ જાણવા પોસ્ટમોર્ટમ કરાવ્યું હતું. આમ ચાર ઘટનામાં જુદા જુદા પરિવારોએ સ્વજનોને કાયમને માટે ગુમાવી દીધા હતાં.

### અમુક દુકાનોમાં ગ્રાહકો બનીને આવતી સ્ત્રીઓ ચીજવસ્તુ લઇ તો જાય છે પણ વેપારીને ખબર પડતી હોતી નથી

# બે દૂકાનમાંથી દાગીના ચોરતી ચોરટીઓ

**દાણા-વીંટી-બુટી જોવાના નામે ખેલ પાડ્યોઃ આજીડેમ પોલીસે દાખલ કરી બે ફરિયાદ : ચોરની સાથે સાથે ચોરટીઓ પણ મેદાનમાં આવી**

રાજકોટ તા. ૪

શહેરમાં ચોરની સાથે સાથે ચોરટીઓ પણ મેદાનમાં આવતી રહેતી હોય છે. અવાર-નવાર દુકાનો શો રૂમમાં ગ્રાહક બનીને આવતી તસ્કરીણીઓ વેપારી, કર્મચારીની નજર ચુકી જે મળે તે બટ્ટાવી જતી હોય છે. દરમિયાન કોઠારીયા રોડ રોલેક્સ રોડ વિસ્તારની બે સોનાના દાગીનાની દુકાનમાં તસ્કરણીઓ ત્રાટકી હતી અને દાગીના ચોરી ગઇ હતી. આવા બે ગુના દાખલ કરી પોલીસે તપાસ શરૂ કરી હતી.

વિગતો જોઇએ તો અજાણી સ્ત્રીઓ ગ્રાહક બનીને આવી હતી અને દાગીના જોવાના બહાને નજર ચુકવી એક દુકાનમાંથી ૫૫ હજારનો ચેઇન અને બીજી દુકાનમાંથી ૮૮૨૮૨ના સોનાના દાણા, બુટી, બાલી ચોરી ગઇ હતી. પોલીસે સીસીટીવી ફૂટેજને આધારે તપાસ હાથ ધરી હતી. ચોરીના પહેલા બનાવમાં કોઠારીયા લીજ્જ પાપડની ફેક્ટરી પાછળ તપ્સી હોટલ સામે રહેતા અને રોલેક્સ રોડ પર લીલાવતી કોમ્યુનિટી હોલની સામ વેરાઇ જ્વેલર્સ નામની દુકાન ચલાવતા કાર્તિકભાઈ રાજેશભાઈ વઘાસીયાએ આજીડેમ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. ગત તા. ૧૯/૧૦ના રોજ સાંજના સાડા સાતેક વાગ્યાના અરસામાં તેમની દુકાને ત્રણ અજાણી સ્ત્રી દાગીના ખરીદવાના બહાને આવી હતી. આ મહિલાઓએ લેડીઝ રીંગ, નાકની બાલી અને લેડીઝ ચેઈન ખરીદવાની ઈચ્છા દર્શાવી હતી.

જેથી વેપારીએ દુકાનમાં ઉપલબ્ધ અલગ-અલગ વસ્તુઓ તેમને બતાવી હતી. પણ દાગીના પસંદ ન આવતા ત્રણેય મહિલા જતી રહી હતી. ત્યારબાદ વેપારીએ વસ્તુઓ ચકાસીને પરત મૂકતી વખતે જોયું તો ગળામાં પહેરવાની એક લેડીઝ ચેઈન ગાયબ હતું. આ ૪ ગ્રામ વજનના સોનાના લેડીઝ ચેઈનની કિંમત આશરે રૂ. ૫૫,૦૦૦ હતી. દુકાનના સી.સી.ટી.વી. કેમેરા ચકરાસ કરતા ખરીદી કરવા આવેલી અજાણી સ્ત્રીઓમાંથી એક સ્ત્રી નજર ચૂકવીને આ ચેઈન ચોરી ગઈ હોવાનું જોવા મળ્યું હતું.

જ્યારે બીજા બનાવની વિગત મુજબ, કોઠારીયા આસોપાલવ સોસાયટી શેરી નં. ૧માં ભાડેથી રહેતા અને મુળ બાબરાના વાવડા ગામના વતની તથા રોલેક્સ રોડ પર સુરભી વોસીબલ એક્સીસ બેંકની સામે દેવ જ્વેલર્સ નામે ભાગીદારીમાં દુકાન ચલાવતાં ચિરાગભાઇ વલ્લભભાઇ રામાણીએ ફરિયાદ નોંધાવી હતી. ગત ૩/૮ના રોજ સાંજના પોણા છ વાગ્યાના અરસામાં તેમની દુકાને સોનાની વસ્તુઓની ખરીદી માટે બે અજાણી સ્ત્રીઓ આવી હતી. તેઓએ નાકમાં પહેરવાની ચુંક-બાલી અને કાનામાં પહેરવાની બુટી માંગતા વેપારીએ વિવિધ વસ્તુઓ બતાવી હતી. તેમાંથી નાનો દાણો ખરીદીને બાકીની વસ્તુઓ પસંદ ન હોવાનું કહી તેઓ પરત ગયા હતા. બાદમાં સ્ટોક ચકાસતા નાકમાં પહેરવાના દાણા અને કાન-નાનમાં પહેરવાની બાલી તથા બુટીની બે જોડી ઓછી હોવાનું જણાયું હતું. ચોરી થયેલા દાગીનામાં નાકમાં પહેરવાના દાણા કિંમત રૂ. ૩૩૮૦, નાક-કાનમાં પહેરવાની બાલી કિંમત રૂ. ૧૧૩૯૨ અને કાનમાં પહેરવાની બુટીની બે જોડી કિંમત રૂ. ૬૯૨૦૦ સહિત કુલ સોનાની કિંમત રૂ. ૮૮૨૭૨ના દાગીના ચોરાયા હોવાનું સામે આવ્યું છે. પીઆઇ એચ. એન. પટેલની રાહબરીમાં હેડકોન્સ. એ. એચ. ગોહિલે ગુનો નોંધતા ડી. સ્ટાફે તપાસ શરૂ કરી હતી.



### ભાણેજને સૌથી વધુ મામા વ્હાલા હોય, પણ અહિ તો મામા માટે ભાણેજડા બની ગયા મારકણા!

# સાંઈઠ હજાર માટે મામાને ઢાળી દેતા ભાણેજો


**કુબલીયાપરાની ઘટનાઃ સારવાર માટે ઉછીના લીધેલા રૂપિયા મામા પાછા ન દઇ શકતાં ત્રણ ભાણેજોએ ઘુસ્તાવ્યા ને છરીનો એક ઘા ઝીંક્યોઃ આ એક જ ઘા બસ થઇ ગયોઃ થોરાળા પોલીસે ત્રણેયને પકડી લીધા**

રાજકોટ, તા.૪


મામા અને ભાણેજ વચ્ચેના સંબંધો સૌથી વધુ પ્રેમાળ હોય છે. મામા ભાણેજડાઓને હમેંશા મોજમાં રાખવા પ્રયાસ કરતાં હોય છે. પણ ઘણીવાર ઉલ્ટુ થઇ જતું હોય છે. જે મામા લાડ લડાવતો હોય તેના માટે ભાણેજડા જીવલેણ બની જતાં હોય છે. રાજકોટ શહેરમાં આવી જ એક ઘટના બની હતી. જેમાં રૂપિયા સાંઇઠ હજારની બબાલમાં ત્રણ ભાણેજડાઓએ સાથે મળી મામાને મોતને ઘાટ ઉતારી દીધા હતાં. ઢીકાપાટુ મારી એક છરીનો ઘા ઝીંક્યો હતો, આ એક ઘા બસ થઇગયો હતો. થોરાળા પોલીસે હત્યારા ભાણેજોને દબોચીને કાર્યવાહી કરી હતી.

વિગતો પર નજર કરીએ તો શહેરમાં હત્યાની વધુ એક ઘટના બની હતી. ભાવનગર રોડ પર કુબલીયાપરામાં રહેતાં શાકભાજીના ધંધાર્થી પ્રૌઢે સાતેક મહિના પહેલા તેના ભાણેજ પાસેથી પોતાની સારવાર માટે સાંઇઠ હજાર રૂપરડી લીધી હોઇ આ રકમ હાલ ધંધો ચાલતો ન હોઇ તેઓ પાછી આપી શક્યા નહોતાં. દરમિયાન પરમ દિવસે સાંજે તેઓ ઘર પાસે હતાં ત્યારે ત્રણ ભાણેજોએ આવી અમારા પૈસા કેમ આપતાં નથી? કહી ગાળો દઇ ધોલધપાટ કર્યા બાદ ત્રણ પૈકી એક ભાણેજે પડખામાં છરી ભોંકી દેતાં ગંભીર ઇજા થઇ હતી. સારવાર દરમિયાન રાતે આ પ્રૌઢનું મોત થતાં બનાવ હત્યામાં પલ્ટાયો હતો.. ભાણેજોએ વ્યાજે નાણા દીધાનો અને વ્યાજની ઉઘરાણી માટે હત્યા કર્યાનો આક્ષેપ મૃતકના પરિવારજનોએ કરતાં પોલીસે વિશેષ તપાસ શરૂ કરી હતી. આ બનાવમાં થોરાળા પોલીસે હત્યાનો ભોગ બનેલા બાવન વર્ષના ચીનાભાઇ હરિભાઇ જોડેજા-દેવીપૂજક સારવાર હેઠળ હતાં તે વખત તેમની ફરિયાદ નોંધી હતી. તેના આધારે તેના જ ત્રણ સગા ભાણેજો કુબલીયાપરામાં રહેતાં કમલેશ ઉર્ફે યોગો રાજેશભાઇ પરમાર, વિજય રાજેશભાઇ પરમાર અને અમિત ઉર્ફે હોજરી રાજેશભાઇ પરમાર સામે ગુનો દાખલ કર્યો હતો.

આ ગુનામાં આરોપીઓને રાતે પોલીસે સકંજામાં પણ લઇ લીધા હતાં. એ દરમિયાન ખાનગી હોસ્પિટલમાં સારવાર લઇ રહેલા ચીનાભાઇ જોડેજાનું રાતે મૃત્યુ થતાં બનાવ હત્યામાં પલ્ટાઇ જતાં પરિવારમાં ગમગીની વ્યાપી ગઇ હતી. હત્યાનો ભોગ બનેલા ચીનાભાઇ જોડેજા કુબલીયાપરા ચારબાઇ માતાજીના મઢની સામે મફતીયાપરામાં રહેતાં હતાં અને શાકભાજી વેંચી ગુજરાન ચલાવતાં હતાં. તેમણે સારવાર વખતે ફરિયાદમાં જણાવ્યું હતું કે હું સાતેક મહિના પહેલા હૃદયની બિમારીનો ભોગ બનતાં મારે સારવાર માટે પૈસાની જરૂરીયાત ઉભી થઇ હતી. તે વખતે મેં મારા સગા ભાણેજ કમલેશ ઉર્ફે યોગો પરમાર પાસેથી હાથ ઉછીના રૂ. ૬૦ હજાર લીધા હતાં. આ પૈસા મારે તેને આપવાના બાકી હતાં. મારી પાસે હાલમાં સગવડ ન હોઇ પૈસા આપી શક્યો નહોતો. પણ ભાણેજ કમલેશ વારંવાર મારી પાસે પૈસાની ઉઘરાણી કરતો હતો. હું તેને કહેતો કે હાલ મારે ધંધો નથી, પૈસા થશે એટલે આપી દઇશ.







**ભાણાઓએ ઉછીના નહિ વ્યાજે દઇ વ્યાજ વસુલ્યનો અને ઘરને આગ પણ લગાડ્યાનો હત્યાનો ભોગ બનનારના પરિવારજનોનો આક્ષેપ**

આ દરમિયાન બીજી તારીખે સાંજે સાડા સાતેક વાગ્યે હું કુબલીયાપરા ચંદ્રિકા પાન પાસે હતો ત્યારે મારા ત્રણ ભાણેજ કમલેશ ઉર્ફે યોગો, વિજય અને અમિત ઉર્ફે હોજરી આવ્યા હતાં. આ ત્રણેયએ-તમે કેમ અમારા ૬૦ હજાર પાછા આપતા નથી? તેમ કહી ઝઘડો કરી ગળો દીધી હતી. આ વખતે પણ મેં કહેલું કે હાલ સગવડ નથી, સગવડ થશે એટલે આપી દઇશ. આમ કહેતાં ત્રણેય વધુ ગાળો દઇ મને મારકુટ કરવા માંડ્યા હતાં. આ દરમિયાન કમલેશ ઉર્ફે યોગાએ નેફામાંથી છરી કાઢી મને ડાબા પડખામાં એક ઘા મારી દેતાં લોહી નીકળવા માંડતાં દેકારો મચાવતાં આ ત્રણેય ભાગી ગયા હતાં. આ વખતે મારી દિકરી સીમા, મારી ભત્રીજી સરોજ ઉર્ફે કિર્તી અને મારા પત્નિ શોભનાબેનને કોઇએ જાણ કરતાં તે આવી ગયા હતાં અને મને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં લઇ ગયા હતાં.

ચીનાભાઇની ઉપરોક્ત કેફીયતને આધારે થોરાળા પોલીસ સ્ટેશનના પીઆઇ એસ. પી. સોઢાની રાહબરીમાં એએસઆઇ જી. ડી. શીયારે ગુનો દાખલ કર્યો હતો. ગત સાંજે થોરાળા પોલીસે ત્રણેય આરોપીઓને અટકાયતમાં લઇ પુછતાછ શરૂ કરી હતી. એ દરમિયા ચીનાભાઇને સિવિલ હોસ્પિટલમાંથી વધુ સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં ખસેડાયા હતાં. રાતે તેણે દમ તોડી દેતાં આ બનાવ હત્યામાં પલ્ટાઇ જતાં પરિવારમાં કલ્પાંત સર્જાયો હતો. પોલીસે હત્યાની કલમ નોંધવા તજવીજ હાથ ધરી હતી. હત્યાનો ભોગ બનેલા ચીનાભાઇ જોડેજા બકાલુ વેંચી ગુજરાન ચલાવતાં હતાં. તે ચાર બહેન અને ત્રણ ભાઇમાં ત્રીજા હતાં. અન્ય ભાઇ, બહેનોના નામ હંસાબેન, ભરતભાઇ, રેખાબેન, ધમાભાઇ, કારીબેન, ઉષાબેન છે. તેને સંતાનમાં છ દિકરા અને બે દિકરી છે. જેના નામ સીમા, શની, રાધિકા, આકાશ, સંતોષ, રોહિત, રોહન અને રાજેશ છે. આ બનાવથી પરિવારમાં શોક છવાઇ ગયો હતો.

હત્યાનો ભોગ બનેલા ચીનાભાઇના ભાઇ, પુત્ર સહિતનાએ આક્ષેપો સાથે જણાવ્યું હતું કે ચીનાભાઇએ સારવાર માટે ભાણેજો પાસેથી રૂ. ૬૦ હજાર ઉછીના નહિ પણ વ્યાજે લીધા હતાં અને દર મહિને ૨૦ ટકા લેખે વ્યાજ ભરતાં હતાં. બે મહિનાનું વ્યાજ ચડત થઇ જતાં ભાણેજોએ ઝઘડો કરી તેમને છરીનો ઘા ઝીંકી દીધો હતો. જેના કારણે મોત થયું હતું.

આ ઉપરાંત એવો પણ આક્ષેપ કર્યો હતો કે ચીનાભાઇને છરી ઝીંકી દેવાઇ પછી પરિવારજનો તેને સારવાર માટે લઇ ગયા ત્યારબાદ ચીનાભાઇના દિકરા આકાશના ઘરને પણ આગ લગાડી દેવામાં આવતાં તેમાં દિવાળીમાં વેંચવા માટેના તોરણ સહિતનો શણગાર, ઘરવખરી અને અમુક રોકડ બળી ગયાનો આક્ષેપ પણ ચીનાભાઇના પરિવારજનોએ કર્યો હતો. ચીનાભાઇના ત્રણેય ભાણેજો અગાઉ પણ અનેક ગુનામાં સંડોવાઇ ગયાનો આક્ષેપ પણ તેના પરિવારજનોએ કર્યો હતો. પોલીસ આકરી કાર્યવાહી કરી ન્યાય આપે તેવી માંગણી કરી હતી. આ હત્યાની ઘટનામાં આઠ સંતાનોએ પિતાનું છત્ર ગુમાવ્યું હતું.

### મોટા તહેવારના દિવસોમાં અલગ અલગ ત્રણ પરિવારો પર વજ્રઘાતઃ કાળો કલ્પાંત

# બાળકનું પાણીમાં ડૂબતા, યુવતિનું મશીનમાં ફસાતાં મોત

**રમતો રમતો બાંધકામની સાઈટ પર ટાંકામાં પડતાં દોઢ વર્ષના બાળકનું મોતઃ ખેતરે થ્રેશર મશીનમાં ચુંદડી સાથે માથુ ફસાઇ જતાં મોતઃ ત્રીજી ઘટનામાં કારખાનેથી ઘરે જમવા જતી વખતે અઢાર વર્ષના યુવાનને નડી અકસ્માતની ઘાત**

રાજકોટ, તા. ૪

અપમૃત્યુની અરેરાટી ઉપજાવતી ત્રણ કરૂણ ઘટના સામે આવી હતી. જેમાં એક બનાવમાં માસુમ દોઢ વર્ષના બાળકને હસતા રમતાં સાવ અચાનક મોત મળી ગયું હતું. ઘર પાસે બાંધકામની સાઈટના પાણીના ટાંકામાં તે પડી જતાં પાણીની આ ઘાત જીવલેણ સાબીત થઇ હતી. બીજી ઘટનામાં એક યુવતિ ખેતરમાં મજૂરીએ ગઇ હતી ત્યારે મગફળી કાઢતી વખતે થ્રેશર મશીનમાં ચુંદડી ફસાતાં તેની સાથે તેનું માથું પણ ખેંચાઇ જતાં માથાનો છૂંદો બોલી જતાં મોત થયું હતું. ત્રીજી ઘટનામાં એક યુવાન કારખાનેથી ઘરે જમવા જવા માટે નીકળ્યો ત્યારે રસ્તામાં મોટરસાઇકલ સ્લીપ થતાં અકસ્માતની આ ઘાત તેના માટે જીવ લેનારી નીવડી હતી.

પ્રથમ કરૂણ ઘટનાની વિગતો જોઇએ તો માસુમ બાળકો અવાર-નવાર રમત રમતાં મુશ્કેલીઓને અને ક્યારેક મોતને ગળે લગાડી લેતાં હોય છે. આવી જ એક ઘટના રાજકોટના આજીડેમ ચોકડી નજીક બાંધકામની સાઇટ પર બની હતી. જેમાં રમતો રમતો દોઢ વર્ષનો ટેણીયો ટાંકામાં પડી જતાં જીવ ગયો હતો. આજીડેમ ચોકડી ગોકુલ પાર્કમાં રહેતાં મુળ બિહારના કુંદનભાઇ શર્માનો પુત્ર દોઢ વર્ષનો આદર્શ સાંજે પાંચેક વાગ્યે ઘર પાસે બાંધકામની સાઇટ ચાલુ હોઇ ત્યાં રમતો રમતો ભોં ટાંકામાં પડી જતાં બેભાન હાલતમાં સારવાર માટે ઝનાના હોસ્પિટલમાં ખસેડાયો હતો.

પરંતુ અહિ મૃત્યુ થયું હતું. બનાવની જાણ થતાં આજીડેમ પોલીસ સ્ટેશનના હેડકોન્સ. એ. એચ. ગોહિલે કાર્યવાહી કરી હતી. મૃત્યુ પામનાર આદર્શ બે ભાઇમાં નાનો હતો. તેના પિતા કુંદનભાઇ સીએનસી ઓપરેટર તરીકે કામ કરે છે. મુળ બિહારના આ પરિવારમાં લાડકવાયાના મોતથી અરેરાટી વ્યાપી ગઇ હતી.

બીજી કરૂણ ઘટના જોઇએ તો ઉપલેટાના મોટી પાનેલી ગામે વાડીએ



થ્રેશર મશીનમાં મગફળી કાઢવાના કામ વખતે અઢાર વર્ષની યુવતિની ચુંદડી મશીનમાં ઉડીને ફસાઇ જતાં યુવતિનું માથું પણ ફસાઇ જતાં મોત થયું હતું. મોટી પાનેલી ગામે રહેતી અઢાર વર્ષની જીગુબેન દાનાભાઇ સાગઠીયા ત્રીસમીના રોજ પોતાના ગામની બીજી પંદરેક છોકરીઓ અને બીજા મજૂરો સાથે ગામના રાજભાઇ વસંતભાઇ ગજેરાની વાડીએ મગફળી ઉપાડવાનું કામ કરવા



ગઇ હતી. તે વખતે થ્રેશર મશીન પર મગફળી કાઢવાનું કામ ચાલુ હોઇ જીગેબેને મોઢા પર ચુંદડી વીંટાળી રાખી હતી. આ ચુંદડીનો છેડો પવનને કારણે ઉડીને મશીનમાં આવી જતાં તેણી ચુંદડી સાથે ખેંચાઇ જતાં માથામાં ગંભીર ઇજા પહોંચી હતી.

તરત જ મશીન બંધ કરી જીગેબેનને ગંભીર ઇજા સાથે બહાર કાઢી સારવાર માટે ઉપલેટા સિવિલ, ખાનગી હોસ્પિટલ બાદ રાજકોટ ખાનગી હોસ્પિટલમાં અને છેલ્લે સિવિલ હોસ્પિટલમાં ખસેડાઇ હતી. પરંતુ અહિ ગત સાંજે દમ તોડી દીધો હતો. હોસ્પિટલ ચોકીના સ્ટાફે ભાયાવદર પોલીસને જાણ કરી હતી. મૃત્યુ પામનાર જીગુબેન બે બહેન અને એક ભાઇમાં નાની હતી. ખેત મજુરી કરી પરિવારને મદદરૂપ થતી હતી. યુવાન આશાસ્પદ દિકરીના મૃત્યુથી સાગઠીયા પરિવારમાં શોક છવાઇ ગયો છે. ભાયાવદર પોલીસે રાજકોટ પહોંચી મૃતદેહનું પોસ્ટમોર્ટમ કરાવી જરૂરી કાર્યવાહી કરી હતી.

ત્રીજી એક ઘટના જોઇએ તો વાહન અકસ્માતનો વધુ એક બનાવ જીવલેણ નીવડ્યો હતો. મોરબીના નવાગામ નજીક મોટરસાઇકલ સ્લીપ થઇ જતામોરબીના નવાગામ લક્ષ્મણનગરમાં રહેતાં અઢાર વર્ષના રાહુલ ભરતભાઇ જોગડીયાનું મોત થયું હતું. આ યુવાન અઠ્ઠાવીસમીના રોજ મોટરસાઇકલ હંકારી કારખાનેથી ઘરે જમવા જતો હતો ત્યારે નવાગામ લખધીરનગર પાસે તેનું વાહન સ્લીપ થઇ જતાં ગંભીર ઇજા થઇ હતી.

તેને મોરબી સારવાર અપાવી રાજકોટ ખસેડાયો હતો. પરંતુ અહિ ગત સાંજે મૃત્યુ થયું હતું. બનાવની જાણ થતાં મકનસર પોલીસે જરૂરી કાર્યવાહી કરી હતી. મૃત્યુ પામનાર રાહુલ બે ભાઇ અને એક બહેનમાં નાનો હતો. તે પિતા સાથે કારખાનામાં કામ કરતો હતો. કારખાનેથી ઘરે જમવા માટે જઇ રહ્યો હતો ત્યારે આ બનાવ બન્યો હતો. યુવાન દિકરાના મૃત્યુથી જોગડીયા-કોળી પરિવારમાં શોક વ્યાપી ગયો છે. મૃતદેહનું રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે પોસ્ટમોર્ટમ કરવામાં આવ્યું હતું. આમ ત્રણ પરિવારે મોટા તહેવારના દિવસોમાં જ પોતાના સ્વજનો લાડકવાયા ગુમાવતાં ગમગીની વ્યાપી ગઇ હતી.

### ઠેકઠેકાણે એવા લોકો પડ્યા હોય છે જેને બસ ગમે તે મુદ્દે બાકાઝીકી જ બોલાવવી હોય

# ફટાકડાની દુકાન બંધ નહિ કર તો છરીના ઘા મારી દઈશ!

## કોઠારીયારમાં વેપારીને બાજુના સર્વિસ સ્ટેશનવાળાએ ગાળો ભાંડી છરીઉગામી ધમકી દીધીઃ આજીડેમ પોલીસે કરી કાર્યવાહી

રાજકોટ તા. ૪

વારે તહેવારે ક પછી બારેમાસ અમુક લોકો ડખ્ખા કરતાં જ રહે છે. અમુકને તો કોઇ ન મળે તો પાડોશીઓ સાથે બટાઝટી બોલાવી લેતાં હોય છે. આવી જ એક માથાકુટ કોઠારીયા વિસ્તારમાં સામે આવી હતી. જેમાં દિવાળી નિમીતે એક યુવાને મિત્ર સાથે મળી ફટાકડાની દુકાન ચાલુ કરી હોઇ આ દુકાનની બાજુમાં સર્વિસ સ્ટેશન ધરાવતાં શખ્સે છરી સાથે ધસી આવી તારી ફટાકડાની દુકાન બંધ કરી દેજે નહિતર છરીના ઘા મારી દઇશ તેવી ધમકી આપી ગ્રાહકોની હાજરીમાં ભુંડી ગાળો બોલી ધમાલ મચાવી દીધી હતી.

વિગતો પર નજર કરીએ ત દિવાળીના તહેવારમાં અનેક વિસ્તારોમાં ફટાકડા ફોડવા સહિતની વાતે માથાકુટ થતી રહેતી હોય છે. પણ કોઠારીયા રોડ પર દિવાળી પહેલા જ ફટાકડા બટાઝટીનું કારણ બન્યા હતાં. મિત્ર સાથે મળી ફટાકડાની દુકાન ચાલુ કરનારા કોઠારીયાના યુવાનને બાજુમાં સર્વિસ



સ્ટેશન ધરાવતાં શખ્સે ગાળો દઇ છરી ઉગામી આ તમારી દુકાન બંધ કરી દેજો નહિતર પાછો આવીને છરીના ઘા મારી દઇશ તેવી ધમકી આપતાં પોલીસને જાણ કરવામાં આવી હતી. આ બનાવમાં આજીડેમ પોલીસે કોઠારીયા રણુજા મંદિર સામે લાપાસરી રોડ પર વેલનાથપરા-૨માં રહેતાં અને છુટક મજૂરી કરતાં ઓગણત્રીસ વર્ષના દિપકભાઇ રવિભાઇ સોલંકીની ફરિયાદ પરથી સાગર દિપકભાઇ કાલીયા વિરૂધ્ધ ગુનો નોંધ્યો હતો.

દિપકભાઇએ ફરિયાદમાં જણાવ્યા મુજબ દિવાળીના તહેવાર નિમિત્તે તેણે મિત્ર રાજુભાઇ બાવળીયા સાથે મળીને કોઠારીયા રોડ ખોડીયાર હોટેલની બાજુમાં ખોડીયાર સીઝન સ્ટોર નામે ફટાકડાની દુકાન પાર્ટનરશિપમાં શરૂ કરી હતી. મંગળવારે સાંજના આઠેક વાગ્યાના અરસામાં દિપકભાઇ અને રાજુભાઇ તેમની ફટાકડાની દુકાને હાજર રહીને ગ્રાહકોને ફટાકડા વેચી રહ્યા હતા. તે દરમિયાન તેમની દુકાનની બાજુમાં સર્વિસ સ્ટેશન ચલાવતો સાગર દિપકભાઇ કાલીયા પોતાના હાથમાં છરી લઇને ત્યાં આવ્યો હતો અને જેમ ફાવે તેમ ગાળો બોલવા લાગ્યો હતો.

દિપકભાઇએ તેને દુકાને ગ્રાહકો હોવાથી શાંતિથી વાત કરવાનું કહેતા સાગર વધુ ઉશ્કેરાઇ ગયો હતો અને પોતાના હાથમાં રહેલી છરી ફરિયાદીના ગળા તરફ રાખવા ગયો હતો. પણ, ત્યાં હાજર કોઇક વ્યક્તિએ તેનો હાથ પકડી લેતા અને તેને માથાથી દૂર કરી દીધી હતી. તે છતાં સાગર ગાળાગાળી ચાલુ રાખીને જતા જતા કહી ગયો હતો કે-આ તમારી ફટાકડાની દુકાન બંધ કરી દેજો, નહીંતર હું ફરી પાછો આવીશ અને છરીના ઘા મારી પતાવી દઇશ. આથી દિપકભાઇએ ભાગીદારને સાથે લઇ આજીડેમ પોલીસ સ્ટેશને પહોંચી ફરિયાદ કરી હતી. આજીડેમ પોલીસ સ્ટેશનના ઇન્સ. એચ. એન. પટેલના માર્ગદર્શનમાં હેડકોન્સ. તેજપાલસિંહ સરવૈયાએ કાર્યવાહી કરી હતી.

### ગઠીયાએ પહેલા મેસેજ કર્યો, પછી વિડીયો કોલ કરી માહિતી આપી, પછી APK ફાઇલ મોકલી ખેલ પાર પાડ્યો

# બેંક ઓફ બરોડાના નામે સિનીયર સીટીઝનના સવા પાંચ લાખ ગપચાવ્યા

## રેસકોર્ષ રીંગ રોડ પર હેતાં વૃધ્ધ સાયબર ઠગાઇનો ભોગ બન્યાઃ પોલીસે તપાસ શરૂ કરી

રાજકોટ તા. ૪

સાયબર ફ્રોડની ઘટનાઓ રોજીંદી છે. તેમાં કોણ ક્યારે ગઠીયાઓનો શિકાર બને તે નક્કી હોતું નથી. દરમિયાન શહેરના રેસકોર્ષ રીંગ રોડ પર આવેલા એપાર્ટમેન્ટમાં રહેતાં પંચોતેર વર્ષના સિનીયર સિટીઝનને બેંક કર્મચારીના નામે ગઠીયાએ ફોન કરી ક્રેડીટ કાર્ડની પ્રોસેસના નામે એપીકે ફાઇલ ડાઉનલોડ કરાવડાવી તેના બેંક ખાતામાંથી સવા પાંચ લાખથી વધુની રકમ ઉપાડી લીધાનો બનાવ સામે આવ્યો છે.

આ બનાવમાં સાયબર ક્રાઇમ પોલીસે રેસકોર્સ રીંગ રોડ પર પોલીસ મથક ભવન પાસે આવેલ ક્રિસેન્ટ અપાર્ટમેન્ટ લેટ નં. એ/૪૦૧ ખાતે રહેતા અને હાલ નિવૃત્ત જીવન ગાળતા અકબરઅલી અબ્દુલહુસેન ભારમલ નામના પંચોતેર વર્ષના વૃધ્ધની ફરિયાદ આધારે સાયબર ગઠીયાઓ સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. તેઓ પરિવાર સાથે રહે છે અને નિવૃત જીવન જીવે છે. ફરીયાદ મુજબ ગત આઠમી સપ્ટેમ્બરના રોજ અજાણ્યા મોબાઇલ નંબર પરથી અકબરઅલીના ફોન પર મેસેજ આવ્યો હતા. ત્યારબાદ એ જ નંબર પરથી



અજાણી વ્યક્તિનો વિડીયો કોલ આવ્યો હતો. ફોન કરનારે પોતાની ઓળખ બેંક ઓફ બરોડામાંથી બોલતા હોવાનું જણાવીને કહ્યું હતું કે, તમે બેંક ઓફ બરોડામાં કાર્ડ માટે રિક્વેસ્ટ કરેલ છે, જેના વેરિફિકેશન માટે તમારા બેંક એકાઉન્ટની અને ક્રેડિટ કાર્ડની માહિતી આપો. આથી વિશ્વાસમાં આવીને પોતાની બેંક અને ક્રેડિટ કાર્ડની વિગતો આપી દીધી હતી. ત્યારબાદ ગઠિયાએ તેમને 'બીઓબી બેંક સિનીયર સિટીઝન પેન્સન' નામની એપ્લિકેશન ડાઉનલોડ કરવા માટે એક એપીકે ફાઇલ મોકલી હતી. જે અકબરઅલીએ પોતાના ફોનમાં ઓપન કરી હતી.

આ ફાઇલ ઇન્સ્ટોલ થતાં જ ઠગોએ તેમના બેંક એકાઉન્ટની વધુ વિગતો માંગેલી પરંતુ તેમણે વધુ વિગત આપવાની ના પાડી દીધી હતી. આ પ્રક્રિયા બાદ અચાનક તા. ૧૨/૦૯/૨૦૨૬ના રોજ અકબરઅલીના બેંક ઓફ બરોડાના ખાતામાંથી કટકે-કટકે અલગ-અલગ રકમ ઉપડી ગઇ હતી. જેમાં રૂ. ૨૫,૦૦૦, રૂ. ૨,૦૦,૦૦૦, રૂ. ૮૦,૦૦૦, રૂ. ૧,૦૦,૦૦૦, અને રૂ. ૨૦,૦૦૦ મળી કુલ ૪,૨૫,૦૦૦ ઉપાડી લેવામાં આવ્યા હતા. ત્યારબાદ તા. ૧૪/૦૯ના રોજ ફરીથી એ જ ખાતામાંથી વધુ રૂ. ૧,૦૪,૦૦૦ ઉપડી જતા કુલ મળીને રૂ. ૫,૨૮,૦૦૦ની રકમ તેમની જાણ બહાર સેરવી લેવામાં આવી હતી. જ્યારે ખાતામાંથી નાણાં ઉપડવાની જાણ થઈ ત્યારે તરત જ ૧૯૩૦ પર ફોન કરીને સાયબર ફ્રોડ થયાની નોંધણી કરાવી હતી. તેના આધારે સાયબર ક્રાઇમ પીએસઆઇ પી. વી. ડોડીયાએ ગુનો નોંધતાં સાયબર ક્રાઇમ ઇન્સપેક્ટર એમ. ડી. ગઢવીએ વધુ તપાસ શરૂ કરી હતી.

### વેપારીઓ સાથે વિશ્વાસઘાત કરવાની વધી રહેલી ઘટના વચ્ચે મોટો ધૂંબો

# ભાગીદારનો લાકડાના નામે સવા ત્રણ કરોડનો ચૂનો

**શરૂઆતમાં વિશ્વાસ કેળવ્યો અને કંપનીમાં પાર્ટનર તરીકે સામેલ થયોઃ પછી ક્રેડીટનો ઉપયોગ કરી માલ બારોબાર મંગાવી ખાઇ જવાયો**

રાજકોટ, તા. ૪

ઠગાઇના કિસ્સા રોજબરોજ બનતા રહે છે. મોટે ભાગે અજાણ્યા ગઠીયાઓ છેતરી જતાં હોય છે. પરંતુ ઘણીવાર પરિચીતો કે ઘરના જ ઘા કરી જતાં હોય છે. લાકડાના વેપારી સાથે તેના જ એક ભાગીદારે સવા ત્રણ કરોડથી વધુની ઠગાઇ કરી લીધી હતી. ભાગીદાર તરીકે જોડાયેલા આ શખ્સે વિશ્વાસ કેળવ્યા બાદ કંપનીના નામે ક્રેડીટ પર કરોડોના લાકડા મંગાવી લીધા હતાં અને બાદમાં ધૂંબો મારી દીધો હતો.

વિગતો પર નજર કરીએ તો આ ઠગાઇ કચ્છના ગાંધીધામ વિસ્તારમાં વેપારી સાથે વિશ્વાસઘાત અને ઠગાઇનો એક મોટો મામલો સામે આવ્યો છે. મીઠીરોહર સ્થિત શ્રી સિદ્ધિવિનાયક લુમ્બર્સ પ્રાઇવેટ લિમિટેડ કંપનીના નામે લાકડાના વેપારમાં મસમોટી છેતરપિંડી આચરવામાં આવી હતી. આ પ્રકરણે મૂળ મધ્યપ્રદેશના અને હાલ ગાંધીધામ મેઘપર બોરીચી ખાતે રહેતા ફરિયાદી સાકેતભાઇ શ્રીસોમેશ શુકલાએ બી-ડિવિઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી કે, આરોપી ઋષભ પાઠકે કંપનીના ભાગીદાર તરીકે જોડાઈને કંપનીના નામે ક્રેડિટ પર લાકડા મગાવી રૂ.૩.૩૭ કરોડની ઠગાઇ કરી મોટું કૌભાંડ આચર્યું છે.

આ મામલે ફરિયાદમાં જણાવ્યા અનુસાર આરોપી ઋષભ પાઠક ફરિયાદીના સગા થતા હોય, તેણે ગુજરાતમાં લાકડાનો ભાગીદારીમાં સારો ધંધો શરૂ કરવા અને નફો કમાવવાની લાલચ આપી વિશ્વાસમાં લીધા હતા. ત્યારબાદ કંપની શરૂ કરવામાં આવી હતી, જેમાં આરોપીને ૩૩ ટકાના શેરહોલ્ડર બનાવવામાં આવ્યા હતા. ધંધાકીય વહીવટ દરમિયાન આરોપી બેંકના વ્યવહારો અને સપ્લાયર્સ સાથેની લેવડદેવડ સંભાળતો હતો. પરંતુ આરોપીએ પૂર્વઆયોજિત કાવતરાના



ભાગરૂપે એસ.એસ. વુડ, એમ.કે. પાઈન વુડ, આર.એસ. ટિમ્બર, યશ પ્રોડક્ટ્સ અને વાયબ્રેન્ટ એક્ચૂમ જેવી કંપનીઓ તથા વેપારીઓ પાસેથી ક્રેડિટ પર સાગ તેમજ અન્ય લાકડાનો જથ્થો મંગાવી લીધો હતો અને તેના નાણાં ચૂકવ્યા ન હતા.

આ ઉપરાંત લાકડા આપવાના બહાને વેપારીઓ પાસેથી એડવાન્સ પેમેન્ટ મેળવી કંપનીના ખાતામાં જમા કરાવવાને બદલે આરોપીએ પોતાની અને પોતાના સગા-સંબંધીઓના અલગ-અલગ બેંક ખાતાઓમાં ઓનલાઈન ટ્રાન્સફર કરી લીધા હતા. તપાસ દરમિયાન એ સામે આવ્યું હતું કે આરોપીએ કુલ રૂ.૩ કરોડ ૩૭ લાખ ૦૪ હજાર ૪૫૨ની માતબર રકમની ઠગાઈ કરી હતી. આ મામલે ગાંધીધામ બી-ડિવિઝન પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી.

ઉલ્લેખનીય છે કે ગાંધીધામ વિસ્તારમાં અવારનવાર ઠગાઈના બનાવો સામે આવે છે. સંકુલમાં મોટા પાયે ઔદ્યોગિક એકમો આવેલા હોવાથી માલ મંગાવી બાદમાં રૂપિયા ન ચુકવી આ પ્રમાણે છેતરપિંડી કરવામાં આવે છે. જેથી વેપારીઓમાં પણ ઉચ્ચાટ ફેલાયો છે. આ બનાવમાં ક્રેડિટ પર લાકડા મંગાવી રૂપિયા ચૂકવવામાં આવ્યા ન હતા સપ્લાયર્સ અને વેપારીઓ દ્વારા નાણાંની ઉઘરાણી માટે વારંવાર ફોન કરવા છતાં આરોપી ઋષભ પાઠકે ફોન ઉપાડવાનું બંધ કરી દીધું હતું. આરોપીનો આ શંકાસ્પદ વ્યવહાર જોતા જ ફરિયાદીએ ટીમ્બર માર્કેટમાં તપાસ શરૂ કરી હતી, જેના પગલે સમગ્ર મસમોટા કૌભાંડનો પર્દાફાશ થયો હતો.

વેપારીઓના ફોન રીસીવ ન કરી આરોપી લાકડાના વ્યવસાયની આડમાં આચરવામાં આવેલી ઠગાઈના નેટવર્કને છુપાવવાનો પ્રયાસ કરી રહ્યો હોવાનું તપાસમાં સામે આવ્યું હતું. અલગ અલગ વેપારીઓ સાથે અવાર-નવાર આ રીતે ઠગાઇ થતી રહેતી હોય છે. ક્યારેક કાપડના વેપારીઓને લાખો કરોડોના ચૂના લગાવી દેવામાં આવે છે તો ક્યારેક જ્વેલર્સ કે પછી બીજા મોટા વેપારીઓ સાથે પણ ઠગાઇઓ થતી રહે છે. આ કિસ્સામાં અધધધ સવા ત્રણ કરોડથી વધુની છેતરપીંડી કરી લેવામાં આવી હતી.

### ઓનલાઇન–ઓફલાઇન ફ્રોડના ત્રણ વધુ કિસ્સાઃ બે લાખથી થઇ સાડત્રીસ લાખ ગયા

# ક્રેડીટ કાર્ડમાં સેટીંગના નામે ગઠીયાનો ખેલ

## ગૂગલ પે મારફતે કાર્ડમાંથી રૂપિયા ઉપડે એવું સેટીંગ કરાવવા જતાં નાણા ગુમાવ્યાઃ બીજા બનાવમાં સસ્તા ફ્લેટના નામે લાખોની ઠગાઇઃ ત્રીજી ઘટનામાં મહિલા ફાયનાન્સ મેનેજર સાથે જ શેર બજારમાં નફાના નામે સાડત્રીસ લાખનું ફ્રોડ થઇ ગયું

રાજકોટ તા. ૪

સાયબર ગઠીયાઓ એક પછી એક એમ દરરોજ નવા નવા શિકારો કરી હજારોથી માંડી લાખો કરોડો રૂપિયા ઉસેડવામાં સફળ થઇ રહ્યા છે. સાયબર ક્રાઇમને નાથવા સાયબર ક્રાઇમ પોલીસ અને સરકાર તનતોડ મહેનત કરી રહે છે. પરંતુ સાયબર ગઠીયાઓ એક બે નહિ અનેક ડગલા આગળ રહે છે અને ગમે તેમ કરીને લોકોને જાળમાં ફસાવી નાણા ખંખેરી લે છે. લોકોની લાલચ અને ઘણીવાર અજાણતા પણ આવા ફ્રોડનું કારણ બને છે. વધુ બે આવી ઠગાઇ થઇ હતી. જેમાં ક્રેડીટ કાર્ડ ડિપાર્ટમેન્ટના નામે ફોન કરી યુવાનના ખાતામાંથી રોકડા પડાવી લેવાયા હતાં.

વિગતો પર નજર કરીએ તો અમદાવાદ વટવા ગામના દેવીમાતા ઠાકોર વાસમાં રહેતા અને સાણંદની ખાનગી કંપનીમાં નોકરી કરતા દિનેશભાઈ ઠાકોરને અજાણ્યા શખ્સે એચડીએફસી બેંકના ક્રેડિટ કાર્ડ ડિપાર્ટમેન્ટમાંથી બોલતો હોવાની ઓળખ આપી સંપર્ક કર્યો હતો. દિનેશભાઈ કાર્ડ વાપરતા ન હોવાનું કહેતાં ગઠિયાએ ગૂગલ પે મારફતે કાર્ડમાંથી રોકડ રકમ ઉપાડી શકાય તેવું સેટિંગ કરી આપું તેવી લાલચ આપી હતી. વિશ્વાસમાં આવીને યુવકે ગઠિયાએ મોકલેલો નંબર એપ્લિકેશનમાં દાખલ કરતાં જ સેવિંગ્સ એકાઉન્ટમાંથી ૯૮ હજાર ઉપડી ગયા હતા. ત્યાર બાદ સામેવાળાએ ફોન સ્વિચ ઓફ કરી દીધો હતો. આ પછી થોડીવાર બાદ બેંકમાંથી મેસેજ આવ્યો કે ક્રેડિટ કાર્ડમાંથી પણ એક લાખની લોન ઉપાડી લેવાઈ છે અને તેનો ૬,૧૮૦નો માસિક હપ્તો શરૂ થઈ ગયો છે. આમ, કુલ ૧.૯૮ લાખ કપાઈ જતાં ભોગ બનનારે વટવા પોલીસમાં સાયબર ઠગાઈની ફરિયાદ નોંધાવી હતી. આમ લાલચમાં આવી જનાર યુવાનને નાણા ગુમાવવાની નોબત આવી હતી.

બીજી ઘટના જોઇએ તો નારોલ રોડ કોઝી હોટલ પાછળ મેમણ કોલોનીમાં રહેતા ઇંડાના વેપારી મોહમદફૈઝાન મેમણને રહેવા માટે મકાનની જરૂર હોવાથી પરિચિતો મારફતે મુસ્તાક શેખ અને સરફરાજ શેખનો સંપર્ક થયો




હતો. આરોપીઓએ નારોલ સ્થિત સ્ટાર રેસિડેન્સીનો એક લેટ બતાવી અગીયાર માસ અને ઓગણત્રીસ દિવસ માટે ગીરો પેટે પાંચ લાખ નક્કી કર્યા હતા. ભદ્ર કોર્ટ ખાતે કાયદેસર નોટરી કરાર કર્યા બાદ વેપારી પાસેથી ૧ લાખ રોકડા અને ૪ લાખ ચેક મારફતે મેળવી લીધા હતા.

અન્ય એક બનાવમાં અમરેલીના ધારીયમાં લાખોની ઠગાઇ થઇ હતી. શેરબજારમાં ઉંચા વળતરની લાલચ આપી એક મહિલા ફાયનાન્સ મેનેજરને ૩૬.૮૯ લાખની ઓનલાઈન છેતરપિંડીનો ભોગ બનાવવામાં આવ્યા હતાં અજંતા સોસાયટીમાં રહેતા પીસ્તાલીસ વર્ષીય અરુંધતીબેન મુખરજીને કોરા ટ્રેડ સ્ટોક માર્કેટ પ્લેટફોર્મમાં રોકાણ કરાવવાના બહાને આરોપીઓએ અલગ-અલગ બેંક ખાતાઓમાં નાણાં ટ્રાન્સફર કરાવી છેતરપિંડી આચરી હતી. ધારી પોલીસે આ મામલે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી. ઓનલાઈન ચીટિંગથી બચવા માટે પોલીસની સાયબર ક્રાઈમ બ્રાન્ચ દ્વારા વારંવાર ટીપ્સ અપાતી રહેતી હોવા છતાં ધારીમાં તો ખાનગી કંપનીના મહિલા ફાયનાન્સ મેનેજર પોતે જ શેરબજારમાં ઉંચા વળતરની લાલચમાં ફસાઈને ૩૬.૮૯ લાખની ઓનલાઇન છેતરપિંડીનો ભોગ બન્યા હોવાથી બે અજાણ્યા શખ્સો સામે પોલીસ ફરિયાદ નોંધાવાઇ હતી.

વધુ માહિતી અનુસાર ધારીની અજંતા સોસાયટીમાં રહેતાં અને જેઆરવીડી ડેફસ્પેસ ટેકનોલોજી -ાયવેટ લિમિટેડ કંપનીમાં ફાયનાન્સ મેનેજર તરીકે કામ કરતાં ૪૫ વર્ષીય અરૂન્ધતીબેન રાજીવ કુમાર મુખરજીને કોરા ટ્રેડ સ્ટોક માર્કેટ પ્લેટફોર્મમાં રોકાણ કરવાના નામે વિશ્વાસમાં લેવામાં આવ્યાં હતાં. આરોપીઓએ કોરા ટ્રેડ ફાયનાન્સ પ્લેટફોર્મના કર્મચારી તરીકે ઓળખ આપી આ મહિલાને વારંવાર વોટ્સએપ કોલ કર્યા હતા તથા શેરબજારમાં રોકાણ કરવાથી સારો નફો મળશે તેવી લાલચ અને વિશ્વાસ આપી અલગ અલગ તારીખે વિવિધ બેંક ખાતાઓમાં નાણાં ટ્રાન્સફર કરાવ્યાં હતાં. આરોપીઓએ મહિલાના બચતના કુલ રૂ. ૩૬.૮૯ લાખ અલગ અલગ બેંક ખાતાઓમાં ટ્રાન્સફર તથા આર.ટી.જી.એસ. મારફતે મેળવી લીધા હતા.

પણ રોકાણ કરેલા નાણાં તેમજ તેના પર મળેલો નફો પરત આપ્યો નહોતો. આમ, આરોપીઓએ એકબીજાની મદદગારીથી ઓનલાઇન વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી નાણાં ઓળવી લીધા હોવાનો આક્ષેપ છે. આ કિસ્સામાં કોરા ટ્રેડ ફાયનાન્સ પ્લેટફોર્મના કર્મચારી તરીકે ઓળખ આપનાર ચોક્કસ મોબાઇલ નંબરના ધારક તથા કાતક મહેતા નામે ઓળખ આપનાર વ્યક્તિ સહિત તપાસમાં ખુલનારા શખ્સો સામે ધારી પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરવામાં આવી હતી.

# સદર બજારમાં લાયસન્સ વગર ફટાકડા વેંચતા ચાર ઝડપાયા

રાજકોટ તા. ૪

દિવાળીમાં આમ તો ફટાકડા વેંચવા હોય તો તેનું કાયદેસરનું લાયસન્સ લેવુ પડતું હોય છે. પરંતુ ઠેકઠેકાણે લારી ગલા પર આવા ફટાકડા વેંચીને નાના માણસો પેટીયુ રળી લેતાં હોય છે. જો કે કાયદા મુજબ આ રીતે લાયસન્સ વગર ફટાકડા વેંચવા ગુનો ગણાતો હોઇ સદર બજાર વિસ્તારમાં આ રીતે ફટાકડા વેંચતા ચાર જણા સામે ગુનો દાખલ થયો હતો.

પ્ર.નગર પોલીસે પોતાના વિસ્તાર હેઠળની સદરબજારમાં ફટાકડાના સ્ટોલ પર ચેકીંગ કર્યુ



હતું. જેમાં પ્ર.નગર પીઆઇ એમ.ડી.મકવાણાની રાહબારીમાં હેડ કોન્સ. ચાપરાજભાઇ ખવડ, એમ. સી. જાડેજા, એન.પી.કુંગશીયા, મયુરરાજસિંહ જાડેજા, સહિતના સ્ટાફે ચેકીંગ હાથ ધરી સદરબજારમાં પોલીસ ચોકી સામે રોડ પર લાયસન્સ વગર ફટાકડાનું વેચાણ કરતા આમરી ઇકરામ મોનીવારા (ઉ.વ.૨૯ રહે મહારાજા સોસાયટી, કાલાવડ નાકા બહાર જામનગર) મુસ્તુફા ઇરફાનભાઇ પાળુ (ઉ.૨૪ રહે નેશનલ પાર્ક, મોરકડા, જામનગર) મોઇનુદીન ઇશાભાઇ ઘુવાવવાલા (ઉ.વ.૪૧ રહે ભાવસર ચકલો, કાલાવડ નાકા બહાર જામનગર) અને હુશેન અબ્દુલ રઝાક નાલબાંધ (ઉ.વ. ૪૨ રહે દરબારગઢ, બર્ધન ચોક, જામનગર)ને પકડી જાહેરનામા ભંગબદલ ગુનો દાખલ કરી કાર્યવાહી કરી હતી.

### સાયબર ગઠીયાઓએ તદ્દન નવી જ તરકીબ અજમાવીઃ પોલીસ પણ ખંજવાળી રહી છે માથું

# સર્વર હેક કરી ૪૩ લાખ ઉસેડ્યા

## વેપારીનું પેમેન્ટ એપનું સર્વર હેક થયું, ત્રણ કલાકમાં એંસી ટ્રાન્જેકશન થઇ ગયા

રાજકોટ તા. ૪

સાયબર ગઠીયાઓ કેવી કેવી રીતે ઠગાઇ કરતાં હોય છે તેની પ્રતિતી કરાવતાં બનાવો રોજબરોજ સામે આવતા જ રહે છે. વધુ એક નવતર ઠગાઇ થઇ હતી. જેમાં સાયબર ગઠીયાઓએ વેપારીની પેમેન્ટ માટેની એપ્લીકેશનનું આખુ સર્વર હેક કરી તેતાલીસ લાખ સતાવન હજાર ઉસેડી લીધા હતાં. ત્રણ કલાકમાં કુલ એંસી જેટલા ટ્રાન્જેકશન કરીને આ રકમ ઉપાડી લેવામાં આવી હતી. સાયબર ફ્રોડના આ તદ્દન નવતર કીમીયાને જાણીને પોલીસ પણ ચોકી ગઇ હતી. આ મામાલે ગુનો દાખલ કરી તપાસ શરૂ કરવામાં આવી હતી.

વિગતો પર નજર કરીએ તો અમદાવાદના નવા નરોડામાં એક વેપારીના સર્વરની સી-પેનલ હેક કરીને સાયબર ઠગોએ તેતાલીસ લાખ સતાવન હજાર રૂપિયા સેરવી લેવાયા હતાં. ત્રણ કલાક દરમિયાન ૮૦થી વધુ ટ્રાન્ઝેક્શન દ્વારા આ રકમ વિવિધ બેંક ખાતાઓમાં ટ્રાન્સફર કરાઈ હતી. વેપારીએ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં અજાણ્યા હેકરો અને બેંક ખાતાધારકો વિરુદ્ધ




ગુનો દાખલ કરાવ્યો હતો. પોલીસ સુત્રોએ જણાવ્યું હતું કે અમદાવાદના નવા નરોડા વિસ્તારમાં સાયબર ઠગોએ વેપારીને નિશાન બનાવી તેના ખાતામાંથી કૂલ રૂ.૪૩.૫૭ લાખ સેરવી લીધા છે. ઓનલાઈન ટ્રાન્જેક્શન સર્વિસ પ્રોવાઈડ કરતી કંપની ધરાવતા વેપારીના સર્વરની સી-પેનલ હેક કરી ગઠિયાઓએ એપીઆઇ આઈડી અને પાસવર્ડ મેળવી લીધા હતા.

આ મામલે સાયબર ક્રાઈમ પોલીસ મથકે અજાણ્યા હેકરો અને બેન્ક ખાતેધારકો વિરૂધ્ધ કાર્યવાહી કરવામાં આવી છે. નવા નરોડા વિસ્તારમાં આડત્રીસ વર્ષીય વેપારી નિલકંઠ કોમ્યુનિકેશન નામે ઓફિસ ચલાવે છે. આશરે ૨૫૦ જેટલા રિટેલર્સ તેમની કંપનીની એપ્લિકેશનનો ઉપયોગ કરે છે. આ એપ્લિકેશનના આઈડી-પાસવર્ડ એપ ડેવલપર પાસે હતા. મની ટ્રાન્સફર સેવા માટે સુરતની એક કંપની પાસેથી એપીઆઇ સર્વિસ લેવામાં આવી હતી. એક ક્લાયન્ટ દ્વારા વેપારીને ફોન કરીને જણાવાયું કે, એપ્લિકેશનમાં ટ્રાન્જેક્શન ફેલ થઈ રહ્યા છે. જેથી વેપારીએ લોગિન કરીને જોતા તેમાંથી નાણા કપાઈ ગયા હોવાનું માલૂમ પડ્યું હતું.

ક્રેડેન્શિયલ્સનો દુરૂપયોગ કરી એક પછી એક અલગ-અલગ બેંક એકાઉન્ટ્સમાં ૮૦થી વધુ ગેરકાયદે ટ્રાન્ઝેક્શન રન કરીને વોલેટમાંથી કુલ ૪૩,૫૭,૦૦૦ સેરવી લીધા હતા. આ છેતરપિંડી મામલે મનીષભાઈ સાવલીયાએ અમદાવાદ સાયબર ક્રાઇમ પોલીસ મથકે અજાણ્યા ભેજાબાજો સામે લેખિત ફરિયાદ નોંધાવી છે. પોલીસે બેંક ખાતાઓની કડીઓ અને સર્વર આઈપી એડ્રેસના આધારે તપાસ શરૂ કરવામાં આવી હતી. વેપારી દ્વારા ડેવલપરનો સંપર્ક કરતા તેમણે સર્વરની સી-પેનલ હેક થઈ હોવાનું અને તેમાંથી નાણા ટ્રાન્સફર થયા હોવાનું જણાવ્યું હતું. જે મામલે વેપારી દ્વારા સાયબર હેલ્પલાઈન પર ફરિયાદ નોંધાવ્યા બાદ સાયબર ક્રાઈમ બ્રાંચમાં ફરિયાદ દાખલ કરાવવામાં આવી હતી.

ગઠીયાઓએ બપોરના ત્રણ કલાકના સમયગાળામાં આ કારસ્તાનને અંજામ આપ્યો હતો. હેકરોએ વિવિધ બેન્ક ખાતાઓમાં રકમ ટ્રાન્સફર કરી કુલ રૂ.૪૩.૫૭ લાખ સેરવી લીધા હતા. એંસીથી વધુ ટ્રાન્જેક્શન કરીને રકમની ઉપાડી લેવામાં આવી હતી. આમ સયાબર ગઠીયાઓએ આ નવી જ તરકીબ અજમાવી લાખો રૂપિયા ઉસેડી લેવામાં સફળતા મેળવી હતી. પોલીસ હવે આ ગઠીયાઓને શોધી રહી છે.

### હૃદય બેસી જતાં નિવૃત મનપા કર્મીનું મૃત્યુ

# ગાય આડી આવતાં મોટરસાઈકલ સ્લીપ થયું: આધેડનું મૃત્યુ

રાજકોટ તા. ૪

રસ્તા પર આવી જતાં પશુઓને કારણે અવાર-નવાર અકસ્માત સર્જાતા રહે છે. આવી વધુ એક ઘટનામાં એક પરિવારના સદસ્યનું મોત થયું છે. રસ્તા પર ગાય આડી આવી જતાં બાઇક સ્લીપ થઇ જતાં બાઇકચાલક આધેડનું મૃત્યુ થયું છે. લાઠીના દેવળીયા હરસપુર ગામે રહેતાં ચુમાલીસ વર્ષના નરેશભાઇ ભીખાભાઇ મારૂ સાંજે સાડા આઠેક વાગ્યે બાઇક હંકારીને જતાં હતાં ત્યારે વાસાવડ-માંડણકુંડલા વચ્ચેના રસ્તે ગાય આડી આવી જતાં બાઇક સ્લીપ થઇ જતાં ગંભીર ઇજા થઇ હતી.

તેમને સારવાર માટે રાજકોટ ખસેડાયા હતાં. પરંતુ અહિ મૃત્યુ થયું હતું. તેઓ બે ભાઇ અને બે બહેનમાં બીજા હતા અને મજુરી કરતાં હતાં. સંતાનમાં એક દિકરી અને બે દિકરા છે. હોસ્પિટલ ચોકીના સ્ટાફે જાણ કરતાં સુલતાનપુર પોલીસને જાણ કરી હતી.

બીજી એક ઘટના જોઇએ તો શહેરના જામનગર રોડ પર પરસાણાનગર-૭માં રહેતાં છપ્પન વર્ષના રમેશભાઇ કરસનભાઇ વાલ્મિકી સવારે સાતેક વાગ્યે ઘરે બેભાન થઇ જતા સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ તેમનું મૃત્યુ થયું હતું. હાર્ટએટેક આવી ગયાનું બહાર આવ્યું હતું. રમેશભાઇ આરએમસીના નિવૃત કર્મચારી હતાં. તે પાંચ બહેનના એકના એક નાના ભાઇ હતાં. સંતાનમાં એક દિકરો અને એક દિકરી છે. હોસ્પિટલ ચોકીના સ્ટાફે પ્ર.નગર પોલીસને જાણ કરતાં જરૂરી કાર્યવાહી કરવામાં આવી હતી.

### ગલીએ મહોલ્લે ઓફિસો ખોલી ઠગાઇ થતી, હવે તો ઓનલાઇન પણ આવુ થવા માંડ્યું

# ઇન્સ્ટાની રીલે મહિલાના ૧૪ લાખ ડૂબાડ્યા

## મહિલાએ રીલમાં આપેલા નંબર પર સંપર્ક કરતાં જ પ્રોસેસના નામે ઇન્ટરવ્યુ લેવાયા, તમામ દસ્તાવેજો તેમને મોકલાયા, જે ખરા હોવાની ખાત્રી આપી લાખો ઉપાડી લીધાઃ પછી મહિલાને ફ્રોડ થયાની ખબર પડી

રાજકોટ, તા.૪

સોશિયલ મિડીયા માધ્યમનો દુરૂપયોગ કરીને ગામને છેતરી રહેલા સાયબર ગઠીયાઓ એક પણ દિવસ કોરો જવા દેતાં નથી. લોકોને ગમે તેમ કરીને લાલચની જાળમાં ફસાવી લઇ હજારોથી માંડી લાખો રૂપિયા ઉસેડી લેવામાં ગઠીયાઓ સરળતાથી સફળ થઇ જતાં હોવાના કિસ્સા રોજ સાયબર ક્રાઇમ પોલીસ સુધી પહોંચે છે. અભણ તો ઠીક ભણેલા ગણેલા પણ ખુબ આસાનીથી ફ્રોડની જાળમાં ફસાઇ જતાં હોવાના દાખલા મોજુદ છે. આ દરમિયાન વધુ એક વખત લાખોની ઠગાઇ ગઇ હતી. ઓનલાઇન ઓફલાઇન શેર બજાર સહિતના રોકાણના નામે તેમજ વિદેશમાં વર્ક પરમીટ વિઝા, નોકરીના નામે ભારે પ્રમાણમાં ઠગાઇ થતી હોય છે. આ દરમિયાન એક મહિલાએ ઇન્સ્ટાગ્રામ પર જાહેરાત જોઇ વિદેશમાં જોબ માટે પ્રોસેસ કરતાં જ ગઠીયાઓએ તેર લાખ ત્રાણુ હજારનો ડામ દઇ દીધો હતો.

ફ્રોડની આ વિગતો જોઇએ તો વિદેશમાં નોકરી, વર્ક પરમીટના નામે અસંખ્ય યુવાનો, મહિલાઓ છેતરાઇ ચુક્યા છે. જેમાં વધુ એક મહિલા સામેલ થયા હતાં. અમદાવાદ શહેરના ખાનપુર વિસ્તારમાં રહેતી ૪૫ વર્ષીય મહિલાને અમેરિકામાં ચા પગારની નોકરી અને વર્ક પરમિટ વિઝા અપાવવાની લોભામણી લાલચ આપી સાયબર ગઠિયાઓએ ૧૩,૯૩,૦૦૦ની જંગી રકમ પડાવી લીધી હોવાનો કિસ્સો પોલીસ સુધી પહોંચતા તપાસ શરૂ કરવામાં આવી હતી. ભેજાબાજોએ ઝૂમ એપ્લિકેશન પર બોગસ ઇન્ટરવ્યુ ગોઠવી અમેરિકાના સરકારી અને કંપનીના અસલી જેવા લાગતા ડઝનબંધ બનાવટી દસ્તાવેજો બનાવી મહિલા સાથે વિશ્વાસઘાત આચર્યો હતો.

આ મામલે અમદાવાદ સાયબર ક્રાઇમ પોલીસ મથકે વિધિવત ફરિયાદ નોંધાતાં પોલીસે આરોપીઓને ઝડપી પાડવા તપાસ શરૂ કરી હતી. , ખાનપુર ગેટ સામે રહેતા પિસ્તાલીસ વર્ષીય નીલમ સમીર શેખે ગ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઇન્સ્ટાગ્રામ પર યુએસએમાં આકર્ષક જોબ અને વર્ક પરમિટ વિઝા આપવા અંગેની એક જાહેરાત જોઈ હતી. વિદેશ જવાની ઇચ્છાથી તેમણે તેમાં આપેલા




સંપર્ક નંબર પર વાતચીત કરી હતી. ત્યારબાદ સામે પક્ષેથી અજાણ્યા શખ્સે પોતાનું નામ માઇકલ કીમ હોવાનું જણાવી વોટ્સએપ પર ચેટિંગ શરૂ કર્યું હતું અને અલગ-અલગ ઇમેઇલ આઇડી પરથી -ક્રિયા અંગેના પત્રો મોકલવાનું શરૂ કર્યું હતું.

ત્યારબાદ ગઠિયાઓએ કુલસન એન્જિનિયરિંગ નામની કથિત કંપની વતી નીલમબેનનો ઝૂમ મીટિંગ પર ઓનલાઇન ઇન્ટરવ્યુ ગોઠવ્યો હતો. તેમાં પોતાને એચ.આર. હેડ અને ઇન્ટરવ્યુ ઓફિસર તરીકે રજૂ કરી પૂરો વિશ્વાસ કેળવી લીધો હતો. ત્યારબાદ મહિલાને અમેરિકાના બોગસ જોબ ઑફર લેટર, વિઝા માટેનું બનાવટી ડીઅસ૧૬૦ ફોર્મ, મેડિકલ એપોઇન્ટમેન્ટ કન્ફર્મેશન, આઇસી-૪૯૭ નોટિસ, કરન્સી એક્સચેન્જ લેટર, બાયોમેટ્રિક એપોઇન્ટમેન્ટ તેમજ યુએસ કોન્સ્યુલર ઇન્ટરવ્યુ ડેટ કન્ફર્મેશન લેટર જેવા અધિકૃત દેખાતા દસ્તાવેજો તૈયાર કરીને મોકલી આપ્યા હતા.આ બધુ જોઇને મહિલા રાજી રાજી થઇ ગયા હતાં. પરંતુ તેમને ખબર નહોતી કે આ બધુ ફ્રોડ છે.

પ્લાન મુજબ આ તમામ નકલી દસ્તાવેજો સાચા હોવાની ખાતરી કરાવીને ઠગ ટોળકીએ પ્રોસેસિંગ ફી, વિઝા ચાર્જ, એમ્બેસી ફી અને અન્ય વહીવટી ખર્ચાઓના નામે અલગ-અલગ તારીખોએ વિવિધ બેંક ખાતાઓમાં કુલ મળીને કુલ રૂપિયા૧૩,૯૩,૦૦૦ ટ્રાન્સફર કરાવી લીધા હતા. લાખો રૂપિયા ચૂકવી દીધા બાદ પણ લાંબો સમય સુધી નોકરી કે ઓરિજિનલ વર્ક વિઝા ન મળતાં અને સામે પક્ષેથી રકમ પરત આપવાના બદલે ઉડાઉ જવાબો મળતાં નીલમબેનને પોતે સાયબર ઠગાઇનો ભોગ બન્યા હોવાનો અહેસાસ થયો હતો. અંતે તેમણે સાયબર ક્રાઇમ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે બેંક ખાતાઓ અને ડિજિટલ ફૂટપ્રિન્ટ્સના આધારે તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો.

મોટે ભાગે વિદેશના વર્ક પરમીટ વિઝા અને નોકરીના નામે લેભાગુ કહેવાતા એજન્ટો ઓફિસો ખોલી ખોલીને ફ્રોડ આચરતાં હોય છે. પરંતુ ઓનલાઇન પણ ગઠીયાઓ હવે આવી ઠગાઇ કરતાં થઇ ગયા છે. આ ઘટના તેનો પુરાવો આપી રહી છે. કોઇપણ અજાણી આવી જાહેરાતો જોઇ આંધળુકીયા કરીને નાણા આપી દેતાં પહેલાં સો વખત વિચાર કરવાનું જરૂરી બની ગયું છે. વિદેશ જવાની ઘેલછામાં ઘણા યુવાનો, યુવતિઓને પોતાની પાસે નાણા ન હોય તો ઉછીના વ્યાજે લઇને કે પછી દાગીના મિલ્કતો ગીરવે મુકીને પણ લાખોની રકમ કહેવાતા એજન્ટોને આપી દેતાં હોય છે. પછી પાછળથી પસ્તાવાનો પાર રહેતો હોતો નથી.

# મનપાનો લાયન સફારી પાર્ક અભેરાઈએ!

## મિનિ સાસણ ગીરનું સ્વપન અધૂરું: રૂ. ૭.૯૪ કરોડનો વધારાનો ખર્ચ ગળે ન ઉતરતા સ્ટેન્ડિંગ કમિટીએ કામ અટકાવ્યું



રાજકોટ, તા. ૪

મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા પૂર્વ ઝોનમાં હયાત પ્રદ્યુમન પાર્ક ઝૂની પાછળ જ ૩૮ હેક્ટર (અંદાજે ૨.૯૦ લાખ ચોરસ મીટર)ની વિશાળ જગ્યામાં રૂ. ૪૪ કરોડના મૂળ ખર્ચે આકાર લઈ રહેલો સૌપ્રથમ મિનિ સાસણ ગીર જેવા લાયન સફારી પાર્કનો પ્રોજેક્ટ હાલ તંત્રની અણઘડ નીતિ અને બેદરકારીને કારણે ઘોર અનિશ્ચિતતામાં મુકાઈ ગયો છે. અગાઉ ઉનાળુ વેકેશનમાં, ત્યારબાદ સાતમ-આઠમની જન્માષ્ટમીની રજાઓમાં અને એ પછી હવે દિવાળીના તહેવારોમાં પણ આ સફારી પાર્ક લોકાર્પણ કરીને નાગરિકો માટે ખુલ્લો મૂકવાની મોટી મોટી વાતો મનપાના અધિકારીઓ અને શાસકો સાવ ભૂલી જ ગયા હોય તેવું સ્પષ્ટપણે લાગી રહ્યું છે. સ્થાનિકો તેમજ બહારગામથી આવતા સહેલાણીઓ માટે પૂર્વ ઝોનમાં ફરવાનું આ એક મોટું આકર્ષણ બની શકે તેમ હતું, પરંતુ રાજકોટ મહાનગરપાલિકાના આ ડ્રીમ પ્રોજેક્ટને જાણે કોઈનું ગ્રહણ લાગી ગયું હોય તેમ કામ આગળ વધવાને બદલે અટકીને પડ્યું છે.

સમગ્ર વિવાદ અને વિલંબનું મુખ્ય કારણ મનપાના અલગ અલગ વિભાગો વચ્ચેના સંકલનનો અભાવ અને પ્લાનિંગના નામે કરાયેલા ટેકનિકલ છબરડા છે. મૂળ પ્રોજેક્ટમાં લાયન સફારી પાર્કના એન્ટ્રન્સ પ્લાઝા અને વિઝિટર એમેનિટીઝ માટે ટીપી વિભાગ દ્વારા ૨૦,૦૦૦ ચોરસ મીટર જમીન પર જ પ્લાનિંગ કરવામાં આવ્યું હતું. પરંતુ જ્યારે કોન્ટ્રાક્ટરે સ્થળ પર જઈને જમીનની પ્રત્યક્ષ માપણી કરી ત્યારે ૨૦,૦૦૦ ને બદલે ૩૦,૧૮૫ ચોરસ મીટર જમીન નીકળી હતી. આશરે ૧૦,૦૦૦ ચોરસ મીટર જેટલી જમીનનું કામ વધારાનું ઉમેરાતાં પ્રોજેક્ટના અંદાજિત ખર્ચમાં રૂ. ૭.૯૪ કરોડનો મસમોટો વધારો થઈ ગયો હતો. તંત્રના વાંકે હવે મૂળ એસ્ટિમેટ કરતાં દોઢો ખર્ચ કરવો પડી રહ્યો છે, જેના લીધે આ નવો ખર્ચ મનપાના નવા શાસકોને ગળે ઉતર્યો નથી. આથી આશરે બે મહિના અગાઉ સ્ટેન્ડિંગ કમિટીમાં વધારાના રૂ. ૭.૯૪ કરોડના ખર્ચની દરખાસ્ત મૂકવામાં આવી ત્યારે શાસકોએ તેને મંજૂરી આપવાનો સ્પષ્ટ ઇનકાર કરી દીધો હતો અને આખી બાબતે ઊંડી તપાસ કરવાના આદેશ આપ્યા હતા. સ્ટેન્ડિંગ કમિટીની આ તપાસ અને મંજૂરીના અભાવે આખી કામગીરીનો પ્લાન હાલ અભેરાઈ પર ચડી ગયો છે.

વાસ્તવમાં આ લાયન સફારી પાર્કમાં પ્રવાસીઓની સુવિધા અને સુરક્ષા માટે અદભુત આયોજન કરાયેલું છે. પાર્કની અંદર કમ્પાઉન્ડ વોલ, પ્રાણીઓ માટે નાઈટ શેલ્ટર, વોચ ટાવર અને વોટર પોઈન્ટ જેવી પ્રાથમિક રચનાઓ તૈયાર થઈ ગઈ છે. આ ઉપરાંત આકર્ષક એન્ટ્રન્સ પ્લાઝા, સુસજ્જ પાર્કિંગ, લાઉન્જ, ફૂડ કોર્ટ, ટિકિટ કાઉન્ટર, રેસ્ટિંગ શેડ અને બાળકો માટે પ્લે એરિયાનું કામ પણ આગળ વધારાયું છે. સહેલાણીઓની સલામતી સાથે સિંહોની સુરક્ષા જળવાઈ રહે તે માટે ૫ મીટર ઊંચી મજબૂત જાળી (ફેન્સિંગ) લગાવવામાં આવી છે તેમજ પર્યાવરણની જાળવણી માટે ઇલેક્ટ્રિક વાહનોની પણ વ્યવસ્થા રાખવામાં આવી છે. જો આ વિવાદ ઉકેલાઈને બે માસમાં કામ પૂર્ણ થઈ જાય તો પ્રારંભિક તબક્કે પ્રદ્યુમન પાર્ક ઝૂમાંથી જ સિંહ અને વાઘ જેવા પ્રાણીઓને લાવવામાં આવશે, જેને પ્રવાસીઓ ખુલ્લી જીપમાં ફરતા ફરતા કુદરતી વાતાવરણમાં જોઈ શકશે અને જીપ સફારી મારફતે સિંહ દર્શનનો ઉત્સાહજનક રોમાંચ માણી શકશે.

જોકે તમામ ભૌતિક કામગીરી આખરી તબક્કામાં હોવા છતાં, મનપાના એન્જિનિયરિંગ અને ટીપી વિભાગના ગંભીર આણઘડ આયોજનના કારણે ઊભા થયેલા રૂ. ૭.૯૪ કરોડના નાણાકીય વિવાદમાં આખો પ્રોજેક્ટ અટવાયો છે. એક તરફ પ્રજાના વેરાના નાણાંનો આ રીતે દોઢો ખર્ચ થઈ રહ્યો છે અને બીજી તરફ અબાલ-વૃદ્ધ સૌ જેના લોકાર્પણની આતુરતાથી રાહ જોઈ રહ્યા હતા તે આ સફારી પાર્કનું કામ હવે ક્યારે પૂરું થશે અને સહેલાણીઓ માટે ક્યારે ખુલ્લો મુકાશે તે અંગે કોઈ કહી શકતું નથી.

# ઈશ્વરીયા પાર્કમાં હજુ સન્નાટો!

## સરકારની SOP મુજબ કરોડોની દરકાર વચ્ચે તંત્રની ઢીલી નીતિથી પ્રવાસીઓમાં ભારે રોષ



રાજકોટ, તા. ૪

ગુજરાતમાં પ્રવાસન સ્થળોને વધુ જીવંત અને આકર્ષક બનાવવા માટે રાજ્ય સરકારે કડક માર્ગદર્શિકા અને નવી બોટીંગ પોલિસી અમલમાં મૂકી છે જે અંતર્ગત અમદાવાદના કાંકરીયા તળાવમાં અઢી વર્ષના લાંબા વિરામ બાદ ફરીથી સહેલાણીઓ માટે બોટીંગ શરૂ કરી દેવામાં આવ્યું છે અને કાંકરીયામાં સ્પીડ બોટ, પોન્ટન બોટ, શિકારા, જિપ્સી અને પેડલ બોટ જેવી વિવિધ એક્ટિવિટીનો આનંદ પ્રવાસીઓ માણી રહ્યા છે જ્યાં ૩૫૦થી વધુ લાઈફ જેકેટ, સીસીટીવી કેમેરા અને ચોવીસ કલાક મેડિકલ વ્યવસ્થા સુનિશ્ચિત કરવામાં આવી છે તેમજ એટલું જ નહીં પરંતુ વિશ્વપ્રસિદ્ધ નળસરોવર પક્ષી અભ્યારણ્ય ખાતે પણ આગામી પહેલી ડિસેમ્બરથી બોટીંગ શરૂ કરવાની જાહેરાત કરાઈ છે.

જ્યાં આ મહિનામાં જ નવી બસો જેટલી બોટનો ઉમેરો કરવામાં આવનાર છે જેનું એલોટમેન્ટ ફોરેસ્ટ વિભાગ દ્વારા કરવામાં આવશે પરંતુ આ બધાની વચ્ચે રાજકોટની ભાગોળે અને પ્રકૃતિની ગોદમાં વસેલું રમણીય ઈશ્વરીયા પાર્ક આજે પણ વહીવટી તંત્રની બેદરકારીના લીધે બોટીંગ જેવી પ્રાથમિક સુવિધાથી કોસો દૂર છે અને અહીં સહેલાણીઓને બોટીંગનો લાભ મળવો હજુ જોજનો દૂર દેખાઈ રહ્યો છે કારણ કે વડોદરાના હરણી દુર્ઘટનાકાંડ બાદ રાજ્યભરના જળાશયોમાં બોટીંગ પર અસ્થાયી પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો અને ત્યારબાદ સરકારે સુરક્ષાના ભાગરૂપે સ્ટાન્ડર્ડ ઓપરેટીંગ પ્રોસીજર બનાવી હતી જેના પાલન સાથે મંજૂરીઓ અપાઈ રહી છે છતાં રાજકોટ જિલ્લા વહીવટી તંત્ર હસ્તકના ૭૭ એકરમાં ફેલાયેલા આ વિશાળ તળાવ અને પાર્ક ખાતે બોટીંગ પુનઃ શરૂ કરવા માટે લાંબા સમય પછી પણ કોઈપણ પ્રકારના સક્રિય પગલાં લેવામાં આવ્યા નથી અને સૂત્રોના જણાવ્યા અનુસાર બોટીંગ માટે અગાઉ રખાયેલા તમામ લાઈફ જેકેટ પણ સડી ગયા છે .

તેમજ પાર્કના લેકમાં પાણી હોવા છતાં નવી બોટ ખરીદવી, નવેસરથી કોન્ટ્રાકટ આપવો અને સેફ્ટી સાધનો વસાવવા માટે લાખો રૂપિયાનો ખર્ચ જરૂરી હોવાથી તંત્ર દ્વારા આ મામલે ગંભીરતા દાખવાતી નથી અને પાર્કમાં પૂરતી સંખ્યામાં સહેલાણીઓ આવતા ન હોવાનું બહાનું ધરીને જવાબદારી ખાળવામાં આવી રહી છે જોકે વાસ્તવિકતા એ છે કે ગોલ્ફ કોર્સ ધરાવતા પરિવારો માટે આદર્શ પિકનિક સ્પોટ ગણાતા આ પાર્કમાં શિવ મંદિર એટલે કે ઈશ્વરીયા મહાદેવ, વોકિંગ અને જોગિંગ ટ્રેક, બાળકો માટેનું રમતનું મેદાન અને સુંદર મ્યુઝિકલ ફાઉન્ટેન જેવા આકર્ષણો હોવા છતાં ભૂતકાળમાં કરાયેલા ડેવલપમેન્ટના મોટા મોટા દાવાઓ અને પાર્ટીપ્લોટ બનાવવાની યોજનાઓ માત્ર કાગળ પર રહીને અભેરાઈ પર ચડી ગઈ છે ત્યારે જો પ્રવાસનને ખરેખર વેગ આપવો હોય તો તંત્ર દ્વારા વહેલી તકે આ પાર્કનું પ્રોપર ડેવલપમેન્ટ કરીને નવી બોટીંગ પોલીસી મુજબની સુવિધાઓ શરૂ કરવી અત્યંત આવશ્યક બની ગયું છે અન્યથા આ કુદરતી નજરાણું પ્રવાસીઓ માટે માત્ર ઉપેક્ષાનું કેન્દ્ર બનીને રહી જશે.

## આગામી ૨૬-૨૭ નવેમ્બરે મેગા ડિમોલેશન! : ૧૦૦ જેટલા કોમર્શિયલ દબાણોને કલમ-૨૦૨ હેઠળ ફટકારાઈ આખરી નોટિસ

# લોઠડામાં ૨૦૦ કરોડની સરકારી જમીન ખાલસા કરાવવા અલ્ટીમેટમ

રાજકોટ, તા. ૪

રાજકોટ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા સરકારી જમીનો પરના ગેરકાયદેસર દબાણો સામે અત્યાર સુધીની સૌથી મોટી અને આક્રમક કાર્યવાહીના મંડાણ કરવામાં આવ્યા છે જેને પગલે રાજકોટ તાલુકાના લોઠડા પંથકમાં ભારે ખળભળાટ મચી જવા પામ્યો છે અને ભૂમાફિયાઓ તથા અનધિકૃત કબજેદારોમાં ભારે ફફડાટ ફેલાયો છે. લોઠડા ગામના સર્વે નંબર ૧૬૭ પૈકીની બજાર ભાવ મુજબ આશરે ૨૦૦ કરોડ રૂપિયા જેટલી માતબર કિંમત ધરાવતી કિંમતી સરકારી જમીનને ગેરકાયદેસર કબજામાંથી મુક્ત કરાવવા માટે વહીવટી તંત્ર દ્વારા એક્શન પ્લાન તૈયાર કરવામાં આવ્યો છે જેના ભાગરૂપે રોડ ટચ આવેલી અંદાજે ૧૫ હજાર ચોરસ મીટર જેટલી વિશાળ જમીન પર વર્ષોથી ખડકાયેલા અંદાજે ૧૦૦ જેટલા કોમર્શિયલ દબાણોને હટાવવા માટે તાલુકા મામલતદાર દ્વારા કલમ ૨૦૨ હેઠળ આખરી નોટિસો ફટકારવામાં આવી છે.

આ સમગ્ર પ્રકરણની વિગતો મુજબ લોઠડા વિસ્તારમાં આવેલી આ સરકારી જમીન પર લાંબા સમયથી કેટલાય ઈસમો દ્વારા ચા-પાનની કેબિનો, પતરાના શેડ તેમજ કેટલાક કારખાનેદારો દ્વારા પાકા અને કાચા ગેરકાયદેસર બાંધકામો ઉભા કરીને ધમધમતી કોમર્શિયલ પ્રવૃત્તિઓ ચલાવવામાં આવી રહી હતી જેના કારણે કિંમતી સરકારી મિલકત પર અનધિકૃત કબજો જમાવાયો હતો. અગાઉ પણ વહીવટી તંત્ર દ્વારા આ દબાણકર્તાઓને સ્વેચ્છાએ દબાણો દૂર કરી લેવા માટે અનેક વખત મૌખિક અને લેખિત સૂચનાઓ તેમજ નોટિસો આપવામાં આવી હતી પરંતુ ગેરકાયદેસર કબજેદારો દ્વારા તંત્રની સૂચનાઓને સતત નજરઅંદાજ કરવામાં આવતી હતી અને જમીન ખાલી કરવાના બદલે કબજો જાળવી રાખવામાં આવ્યો હતો જેને કારણે વહીવટી તંત્ર દ્વારા હવે કાયદાકીય રાહે લાલ આંખ કરીને આખરી પગલાં લેવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.

આ ગંભીર બાબતને ધ્યાનમાં રાખીને રાજકોટ જિલ્લા વહીવટી તંત્રની સૂચના અન્વયે નાયબ મામલતદાર જોશી સહિતના જવાબદાર અધિકારીઓ અને કર્મચારીઓની




ટીમ સક્રિય રીતે મેદાનમાં ઉતરી હતી અને આજે પ્રત્યક્ષ સ્થળ પર પહોંચીને કલમ ૨૦૨ અંતર્ગત તમામ દબાણકર્તાઓને આખરી નોટિસો રૂબરૂ સુપ્રત કરવાની પ્રક્રિયા હાથ ધરી હતી. તંત્ર દ્વારા જારી કરવામાં આવેલી આ આખરી નોટિસમાં દબાણકર્તાઓને સ્પષ્ટ અને કડક શબ્દોમાં ચેતવણી આપવામાં આવી છે કે આગામી તારીખ ૨૬ અને ૨૭ નવેમ્બરના રોજ આ તમામ ગેરકાયદેસર બાંધકામો સામે મેગા ડિમોલેશન ઓપરેશન હાથ ધરવામાં આવશે જેથી નિર્ધારિત તારીખ પૂર્વે દબાણકર્તાઓ જાતે જ પોતાના શેડ, કેબિન અને બાંધકામો હટાવી લે.

જો દબાણકર્તાઓ દ્વારા આગામી તારીખ ૨૬ અને ૨૭ નવેમ્બર સુધીમાં સ્વેચ્છાએ દબાણો દૂર કરવામાં નહીં આવે તો જિલ્લા વહીવટી તંત્ર દ્વારા પોલીસ બંદોબસ્તની કડક સુરક્ષા વચ્ચે જેસીબી, ટ્રેક્ટર અને બુલડોઝર જેવા ભારે સાધનોની મદદથી તમામ અનધિકૃત બાંધકામોને જમીનદોસ્ત કરી દેવામાં આવશે અને સરકારી જમીન સંપૂર્ણપણે ખુલ્લી કરાવવામાં આવશે. વહીવટી તંત્રની આ કડક અને નિર્ધારિત કાર્યવાહીના એંધાણ મળતા જ લોઠડા વિસ્તારના દબાણકર્તાઓમાં નાસભાગ મચી ગઈ છે અને પોતાની દુકાનો તથા શેડ બચાવવા માટે દોડધામ શરૂ થઈ ગઈ છે. જિલ્લા કલેક્ટર અને મામલતદાર કચેરી દ્વારા આ બાબતે સ્પષ્ટ સંદેશ આપવામાં આવ્યો છે કે ભવિષ્યમાં પણ સરકારી જમીનો પર થતા આવા અનધિકૃત દબાણો સામે ઝુંબેશ સતત ચાલુ રહેશે અને કોઈપણ ભેદભાવ કે દબાણ વગર કાયદાકીય કાર્યવાહી કડકાઈથી અમલમાં મુકવામાં આવશે.

## આઠ એકર દબાણ પર વહીવટી તંત્રનું ફર્યું બુલડોઝર

# પડધરીના રૂપાવટીમાં સરકારી જમીન પર સકંજો

## મામલતદાર કેતન સખીયાની આગેવાનીમાં મેગા ડિમોલિશનઃ અમરસિંહ ચૌહાણ દ્વારા કરાયેલા ગેરકાયદેસર કબ્જા સામે તંત્રની લાલ આંખ



રાજકોટ, તા. ૪

પડધરી તાલુકામાં સરકારી જમીનો પર ખડકાતા જતા ગેરકાયદેસર દબાણો સામે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા હવે આરપારની લડાઈના મૂડમાં લાલ આંખ કરવામાં આવી છે અને કોઈ પણ પ્રકારની શેહશરમ રાખ્યા વિના કડક પગલાં લેવામાં આવી રહ્યા છે જેના ભાગરૂપે પડધરી તાલુકાના રૂપાવટી ગામ ખાતે વર્ષોથી સરકારી જમીન પર કરવામાં આવેલા કબ્જાને નેસ્તનાબૂદ કરવા માટે મામલતદાર દ્વારા આક્રમક ડિમોલિશનની કાર્યવાહી હાથ ધરી આ સમગ્ર વિસ્તારની સાફસુફી કરી નાખવામાં આવી છે. પડધરી નજીક આવેલા અંતરિયાળ અને વ્યૂહાત્મક ગણાતા રૂપાવટી ગામમાં આશરે આઠ એકર જેટલી વિશાળ સરકારી જમીન પર લાંબા સમયથી ખાનગી ઈસમો દ્વારા અનધિકૃત દબાણ જમાવી દેવામાં આવ્યું હતું અને આ સરકારી જમીન પર કોઈની પણ રોકટોક વગર ઓરડીઓનું નિર્માણ કરવા ઉપરાંત અન્ય વ્યાપક ખેતીલક્ષી પ્રવૃત્તિઓ ચલાવવામાં આવી રહી હોવાનું કૌભાંડ પ્રકાશમાં આવ્યું હતું જેની ગંભીર નોંધ લઈને વહીવટી તંત્ર દ્વારા તાત્કાલિક ધોરણે કાયદેસરના ચક્રો ગતિમાન કરવામાં આવ્યા હતા.

આ સમગ્ર ગેરકાયદેસર પ્રવૃત્તિ જ્યારે વહીવટી તંત્રના ધ્યાને આવી ત્યારે પડધરી મામલતદાર કચેરી દ્વારા ત્વરિત કાર્યવાહી હાથ ધરીને સંબંધિત દબાણકર્તાને કાયદાકીય પ્રક્રિયા મુજબ અગાઉ અનેક વખત નોટિસો પાઠવવામાં આવી હતી અને સરકારી જમીન પરથી પોતાનું ગેરકાયદેસર દબાણ સ્વેચ્છાએ દૂર કરી દેવા માટે સ્પષ્ટ સૂચનાઓ આપવામાં આવી હતી પરંતુ કાયદાના ડરને નેફાએ મૂકીને તંત્રની નોટિસોને ઘોળીળીને પી જનાર દબાણકર્તા દ્વારા સ્વેચ્છાએ દબાણ હટાવવાને બદલે લાપરવાહી દાખવવામાં આવી હતી અને જમીન ખાલી ન કરતા આખરે વહીવટી તંત્ર દ્વારા કડક હાથે કામ લઈને કાયદેસરની બુલડોઝર કાર્યવાહી કરવાનો આખરી અને મક્કમ નિર્ણય લેવામાં આવ્યો હતો.

આ મેગા ડિમોલિશનની કામગીરીને સફળ બનાવવા માટે પડધરી મામલતદાર કેતન સખીયાના સીધા માર્ગદર્શન અને સુપરવિઝન હેઠળ મામલતદાર કચેરીની સક્ષમ ટીમ પોલીસ કાફલા સાથે સજ્જ થઈને સીધા સ્થળ પર જઈને ત્રાટકી હતી અને કોઈપણ વિલંબ વગર ગેરકાયદેસર બાંધકામો અને કબ્જાને હટાવવાની કામગીરી શરૂ કરી દીધી હતી. આ કડક કાર્યવાહી દરમિયાન સરકારી જમીન પર ખડકી દેવાયેલા તમામ અનધિકૃત શેડ, ઓરડીઓ અને ખેતીના નામે ચાલતા ગેરકાયદેસર દબાણને જમીનદોસ્ત કરીને સંપૂર્ણ જમીન ખુલ્લી કરાવવામાં આવી છે.

પ્રાથમિક તપાસ અને વિગતો અનુસાર, અમરસિંહ ચૌહાણ નામના શખ્સ દ્વારા આ કરોડો રૂપિયાની કિંમતી સરકારી જમીન પર લાંબા સમયથી ગેરકાયદેસર દબાણ કરવામાં આવ્યું હોવાનું સામે આવ્યું છે. રૂપાવટી ગામની આ આશરે આઠ એકર જેટલી વિશાળ જમીન, જેની વર્તમાન બજાર કિંમત કરોડો રૂપિયા આંકે છે, તેના પર ખાનગી ઈસમે પોતાની અંગત મિલકત હોય તેમ કબ્જો જમાવી દીધો હતો જેને હવે તંત્રએ સફળતાપૂર્વક મુક્ત કરાવી લીધો છે.

વહીવટી તંત્રની આ ઝનૂની અને પારદર્શક કાર્યવાહીથી પડધરી પંથકમાં સરકારી જમીનો પર લાળ ટપકાવતા અને ગેરકાયદેસર કબ્જા જમાવીને બેઠેલા ભૂમાફિયાઓ તથા અસામાજિક તત્વોમાં ભારે ફફડાટ અને સન્નાટો વ્યાપી ગયો છે. સ્થાનિક સ્તરે ચર્ચા થઈ રહી છે કે જો આવા જ પ્રકારની કડક કાર્યવાહી સતત જાળવી રાખવામાં આવે તો સરકારી મિલકતો અને ગૌચર કે પડતર જમીનો પર થતા ગેરકાયદેસર દબાણોના દૂષણને કાયમી ધોરણે ડામી શકાશે.